


કુમાર

તંત્રી · રવિશંકર રાવળ
સંપાદક · બચુભાઈ રાવત


આવતી કાલનાં નાગરિકોનું માસિક

કારતક
૧૯૯૫
અંક
૧૭૯

કુમાર
કારતક ૧૯૯૫
અંક ૧૭૯

ચિત્રો	શાહઆલમની જાળીનાં રેખાંકનો		પૂઠું
	યોગાવરોધ (અજંતાનું ભિંતચિત્ર)	કે. આર. કેતકર	મુખચિત્ર
	બાળગોપ (ફોટો)	બલવન્ત ભટ્ટ	૪૮૮
	શાહઆલમની જાળીઓ તથા ટીપુ સુલતાનનો મહેલ		૪૮૯
	ફોટોગ્રાફી હરીફાઇનાં ચિત્રો		મુખચિત્રની પાછળ
કાવ્ય	આત્માનાં ખંડેર	ઉમાશંકર જોષી	૪૮૧
ચરિત્ર	ઉત્તર ધ્રુવનો મરજીવો	અશોક હર્ષ	૪૮૪
વાર્તા	અપરાધી	શ્રીરામ શર્મા	૪૮૮
લેખો	ટિકીટો સંઘરવાનો શૉખ	હરિલાલ બૅંકર	૪૯૪
	ઘોડો	અશોક હર્ષ	૪૯૨
	કોષ	બાંપાલાલ ગ. વૈદ્ય	૪૯૭
	ધાડની રાત (મારી સફર)	જીવરામ જોષી	૫૦૧
	જીવનનું પરોઢ	પ્રભુદાસ ગાંધી	૫૦૫
	બેઝિક ઇંગ્લિશ	હરિકૃષ્ણ વ્યાસ	૫૦૬
	લંકાનો ટૂંક ઇતિહાસ	દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર	૫૧૭
વિભાગો	મારી નજરે	ર. મ. રા.	૪૮૨
	આપણી નજરે		૫૦૦
	આ મહિનો (નવેમ્બર) . . . અને એની પ્રતિભા		૫૦૪
	પંચતંત્રની વાર્તાઓ (બાળવિભાગ)	દેસાઇ વાલજી ગોવિંદજી	૫૧૩
	ફોટોગ્રાફી	બલવન્ત ભટ્ટ	૫૧૬
	મેંદીનાં પાન		૫૨૦
	વિશ્વાસઘાતનો પ્રત્યાઘાત (દુનિયા દૂરની અને નજીકની)		૫૨૧
	માધુકરી		૫૨૩
	સ્વ. કાશીપ્રસાદ જાયસવાલ		
	શિવનેરી		
	યેપ ટાપુવાસીઓની વિચિત્ર રસમો		
	પ્રાચીન કાળમાં કળશભેટ		
	તુર્કીની નવી કલાયોજના		
	ચશ્માંનો મૂળ શોધક કોણ ?		
	છેલ્લું પાનું		૫૨૮

મુદ્રક • બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક • રવિશંકર રાવળ કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; છ માસિક લવાજમ રૂા. ૩; છુટક નકલના ૧૦ આના. મુંબાઇના એજન્ટો • આર.આર. શેઠની કંપની, અને સી. જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ. જાહેરખબરના સોલ એજન્ટ રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ



ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ઉપર : 'સવાર'–ભાઈ ચતુર્ભુજ વલ્લભદાસ (ઘાટકોપર), પહેલું ઈનામ; નીચે, ડાબી બાજુ : 'જલ પર ચાંદની'–ભાઈ ગજેન્દ્ર મહેતા (ટાંગાનીકા), બીજું ઈનામ; જમણી બાજુ : 'વિસામો'–ભાઈ ટી. બી કાસુડીઆ (વીરમગામ) ત્રીજું ઈનામ.



યોગાવરોધ

બુદ્ધની તપશ્ચર્યામાં વિક્ષેપ નાખવા માટે પોતાની વિવિધ સેના સાથે કરેલું આક્રમણ

અજંતાની પહેલા નંબરની ગુફામાંના વિખ્યાત ભીંતચિત્ર ઉપરથી અનુકૃતિ • ચિત્રકાર : શ્રી કે. આર. કેતકર

(ઔંધના રાજસાહેબ શ્રીમાન બાળાસાહેબ પંતના સૌજન્યથી)



ઊગી ઉષા

આયુષ્યની અણપ્રીછી મધુપ્રેરણા શી
ઊગી ઉષા સુરભિવેષ્ટિત પૂર્વ દેશે,
આગતુક પુરમહેલ અગાશીઓમાં
ઊંચે રહી નિરખી મ્હાલતી પલ્લવેશે.
ને ટેકરીશિખર રંગપરાગછાયું
પ્રેરી રહ્યું ઉરમહીં નવલા જ ભાવ.
નીચે, ઉછાળી જરી ફેનિલ કેશવાળી
ધુર્રાટતો વિતરી ક્ષેમ પુરાણ સિંધુ.

આગંતુક નિરખી ટેકરી વીંટી રહેતી
લીલા શહેરતણી બિસ્તરતી સુદૂર;
ઊંચે સર્યો ક્ષિતિજધુમ્મસ ભેદી સૂર્ય.
કોલાહલો પુર તણા ચગવા જતા, ત્યાં
ગર્જી રહ્યો અતિથિનો પુલકંત આત્મા:
'આ ભૂમિનો બનીશ એક દિ' હું વિજેતા.'

આત્માનાં ખંડેર*

· વસંત ·


ઊગી વળી અફર એક ઉષા નમેરી.
છાતી હતી ટપકતી રુધિરે નિશા ની.
ને પાથર્યા શું કબરે કદિ હોય એવા
ફિક્કા હતા મરણમ્લાન ઉડુગણો સૌ.
વેરાયું ચિત્તક્ષિતિજે થકી ધુમ્મસે, ને
રંગેભરી જવનિકા સરી પાંપણેથી.
ત્યાં ટેકરી ફરતું દૃશ્ય શું ઠેરઠેર!
રે ક્યાં ગઈ પ્રથમની જનતા વિરાટ?

આત્મા તણાં અરધભગ્ન, ઉભેલ અર્ધાં,
ખંડેરની જગપટે પથરાઈ લીલા.
ને છાંડીને જયમનોરથ, કો ઘવાયા
પંખી સમું અતિથિનું ઉર અશ્રુકંઠે
ખંડેરની કરુણભીષણ ગાતું ગાથા,
ને ગોતતું અફળ ગાન મહીં દિલાસા.

ઉમાશંકર જોષી



* એ નામની એક નાની સૉનેટમાળાનું છેલ્લું કાવ્ય. પહેલું કાવ્ય આ વર્ષના પ્રથમ અંકમાં આવી ગયું તે પણ ઉપર ઉતાર્યું છે. બંનેમાંનાં બે પ્રભાત બે પળો છે; અને તેમની વચ્ચેનો ફરક એ તે બંને વચ્ચેની ચિત્તને નિર્ભ્રાન્ત કરતી પળોને આભારી છે.



રા. બ. મહાદેવ વિશ્વનાથ ધુરંધર F.R.S.A.

● રા. બ. મહાદેવ વિશ્વનાથ ધુરંધરને ફેલો ઑફ ધ રૉયલ સોસાયટી ઑફ આર્ટની માનદ પદવી ઇંગ્લંડની રૉયલ સોસાયટી ઑફ આર્ટ તરફથી મળી એ સમાચાર હિંદના કળાજગતની પ્રતિષ્ઠા વધારનારા છે. એમનું નામ મહારાષ્ટ્ર, ગુજરાત અને હિંદના ઇતર પ્રાંતોમાં વર્ષોથી કલાવિશારદ તરીકે સુપ્રસિદ્ધ છે. દસ વર્ષ પહેલાં ગુજરાતનું કોઇપણ ચોપાનિયું એમનાં ચિત્રો છાપ્યા વિના રહેતું નહિ. એમની આખી જીવન-ઉપાસના હજારો ચિત્રોનાં સર્જનથી ભરી છે.

ઇ. ૧૮૭૧ના માર્ચ માસની ૧૮મીએ એમનો જન્મ. ૧૮૯૬માં મુંબાઈની આર્ટ સ્કૂલના સ્ટાફમાં જોડાઇ. ૧૯૧૦માં તેના હેડ માસ્તરના પદે આવ્યા અને છેવટે કૅપ્ટન સૉલોમનના કાળમાં ડેપ્યુટી ડાયરેક્ટરના હેદ્દા સુધી પહોંચ્યા. પછી થોડો વખત ઇન્સ્પેક્ટર ઑફ ડ્રૉઇંગ ઍન્ડ ક્રાફ્ટનું સ્થાન પણ સંભાળ્યું હતું. તેઓ ત્રણ વર્ષ પહેલાં જ નોકરીથી ફારેગ થઇ મુંબાઇ પાસે ખારના લક્ષ્મીનગરમાં પોતાને માટે બંધાવેલા 'અંબિકાસદન'માં નિવાસ કરી રહ્યા છે, અને તેમનાં સુપુત્રી કુ. અંબિકા ધુરંધરને કળાનો સંપૂર્ણ વારસો આપી કૃતાર્થતા અનુભવે છે એમનું શીલવંત, ઉદ્યોગપરાયણ, એકનિષ્ઠ જીવન કળાના ઉપાસકોને આદર્શ બને એવું છે.


રા. બ. મહાદેવ વિશ્વનાથ ધુરંધર

એક વર્ષ પૂર્વે એક સ્ટીમર પ્રવાસી યોજના પ્રમાણે કેટલાક ઉતારુઓ (મુખ્ય મહારાષ્ટ્રીઓ) લઇને યુરોપયાત્રાએ નીકળી હતી, તેમાં શ્રીમાન ધુરંધરે પણ પોતાનાં પત્ની અને પુત્રી સાથે જોડાઇ, ઇંગ્લંડ તેમજ યુરોપનાં કળાધામો નીરખી સ્વજીવનને ધન્ય બનાવ્યું. એની વાત લખતાં તેમણે જ પોતાના પત્રમાં લખ્યું હતું કે 'ત્યાંના મહાન કળાકારોની કૃતિઓ નીરખતાં એમની આગળ મારી જાત એક 'કીટક' જેવી લાગે છે.' આવી નમ્રતા અને વિનયવાણી એમનું સૌજન્ય સૂચવે છે; પણ ઇંગ્લંડના કલાવિશારદોએ તેમની કારકિર્દીની કદર કરીને તેમની લંડનની મુલાકાત દરમિયાન F. R. S. A.ની પદવી તેમને આપી છે. આ એમની કીર્તિના કળશ રૂપ પ્રસંગ હોઇ એ વયોવૃદ્ધ કલાચાર્યને કુમાર જગતનું અભિવાદન છે.

કલાકારને અભિનંદન

● ભાઇશ્રી યજ્ઞેશ્વર કલ્યાણજી શુકલ ગઇ તા. ૧૬મી નવેમ્બરે એક વર્ષ માટે ઇટલીમાં કળાનો વિશેષ અભ્યાસ કરવા માટે વિદાય થયા. રોમની 'ઓરીએન્ટલ ઈન્સ્ટીટ્યૂટ ઑફ ધ મિડલ ઍન્ડ ફાર ઇસ્ટ' નામની સંસ્થાએ હિંદના વિદ્યાર્થીઓ અને કલાકારો પૈકી એકને સ્કૉલરશિપ આપવા જણાવ્યું હતું, જેને પરિણામે અનેક હિંદી ચિત્રકારોની ઉમેદવારી અને સરસાઇમાં ભાઇ યજ્ઞેશ્વરને આ પ્રસંગ સાંપડ્યો છે. તેમના પિતા શ્રી કલ્યાણજી શુકલ, સ્વાશ્રય તથા પરિશ્રમથી પોતાની પ્રગતિ સાધી હાલ અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં ચિત્ર-શિક્ષક થયા છે. ઉપરાંત પોતે એક સારા ચિત્રકાર પણ છે. ભાઇશ્રી યજ્ઞેશ્વરે ગુજરાત કૉલેજનો પહેલા વર્ષનો અભ્યાસ પૂરો કર્યો છે. એ સમય દરમિયાન તેમને પિતાના સંસ્કારો અને કુમાર કાર્યાલયમાંથી ચિત્રકળાની તાલીમ મળી હતી. પછી સર ચીનુભાઇની સ્કૉલરશિપથી મુંબાઇની ચિત્રશાળામાં પાંચ વર્ષનો અભ્યાસ કરી ૧૯૩૭માં તે સ્કૂલનો મેયો મેડલ અને બીજાં ઇનામો તથા સ્કૉલરશિપો મેળવ્યાં હતાં. ૧૯૩૬માં તેમને પૂના ચિત્રપ્રદર્શનમાં સુવર્ણચંદ્રક મળ્યો હતો. લંડનમાં તેમનાં ચિત્રો મોકલાયાં હતાં તે પણ પ્રશંસા પામ્યાં હતાં. બૉમ્બે ટૉકીઝ લિમિટેડમાં તેમણે આર્ટ સુપરવાઇઝર તરીકે થોડો વખત કામ કરી પોતાની શક્તિનો પરિચય આપ્યો હતો મુંબાઇના મેટ્રો થીએટરનાં ચિત્રો કરનારી મુખ્ય મંડળીમાં તેઓ હતા. આવી તેજસ્વી અને કાર્યપરાયણ કારકિર્દીવાળા યુવાનને યુરોપનો પ્રવાસ અને તાલીમ વધુ સફળતા અને યશસ્વી જીવન આપનાર થાઓ એવું ઈચ્છીએ છીએ.



શ્રી યજ્ઞેશ્વર કલ્યાણજી શુકલ (બ્લૉક નવચેતનના સૌજન્યથી)



નટરાજ વશી


નટરાજ વશી

● હજી તો તરુણાવસ્થાને ઊંબરે છે, છતાં ગુજરાતની કલાની એક ગૃહજ્યોત સમો આ તરુણ પોતાની રોશની ફેલાવી રહ્યો છે. એને સાધનો, સહાય અને સહકારની વિપુલતા મળે તો હિંદની નૃત્યકલાની જે છાપ ઉદયશંકરે જગતિતલમાં ઉઠાવી છે તેમાં વધુ રંગો પૂરી શકે એવી શક્તિ ને પ્રતિભા તે ધરાવે છે. ફેલોશિપ સ્કૂલના એ વિદ્યાર્થીએ જ્યારે આ નવી કારકિર્દી શરૂ કરી ત્યારે ઘણા તેની તરફ આશંકા અને ઉપહાસથી જોતા હતા; પણ ઠામઠામથી પોતાની કલાનાં તત્ત્વો ઢૂંઢતા આ એકલવ્ય સમા વિદ્યાર્થીએ ઉત્તર હિંદ, મહારાષ્ટ્ર, મલબાર, આસામ, બ્રહ્મદેશ, સીલોન વગેરે ઠેકાણે ફરીફરી કેટલા યે ગુરુઓ પાસેથી નૃત્યકલાની દીક્ષા મેળવી અને તેમાંથી પોતાના નૃત્યપ્રયોગોનાં સર્જન કર્યાં. સીલોન, જાવા, બાલી ને સુમાત્રામાં જઈ એણે રાજદરબારી જલસાઓમાં માનીતા મહેમાન તરીકે સન્માન મેળવ્યું, મૈત્રીઓ સાધી અને પૂર્વની કલાનો કુલ પ્રદેશ જોઇ તેના અભ્યાસમાંથી સાર્યું કે ભારતીય નૃત્યકલાનાં જે તત્ત્વો ઠેરઠેર વેરાએલાં પડ્યાં છે તેમાંથી એક અપૂર્વ નૃત્યશાસ્ત્ર અને પદ્ધતિ ઊભી થઇ શકે એમ છે. એના પરિચયમાં આવનાર હરેક જણ પર એની તમન્ના ને અભ્યાસની તીવ્રતાની છાપ પડ્યા વિના રહેતી નથી. હમણાં તે ઝેવીઅર કૉલેજના રીસર્ચ વિભાગને ઓથે રૂઢી નૃત્ય ઉપર એક સંપૂર્ણ મીમાંસા તૈયાર કરવા માગે છે અને તે માટે તેણે તાજેતરમાં ગુજરાતના ગરબા, લોકગમ્મ, કાઠીઆવાડના દાંડીઆ, ઝાંઝમેરની ઘૂમતી રાસઘેર, ભીલોનાં નૃત્યો, ખારવાના નાચ વગેરેનું અવલોકન કરવા પ્રયાસો આદર્યા છે.

અમેરિકન કુમારોનો પત્રવ્યવહાર

● એ જેમણે વાંચવાની ઇચ્છા દર્શાવી હતી તેમની ક્રમવાર યાદી સાથે બે મહિના અગાઉ એ પત્રો પરિવર્તન માટે મોકલ્યા હતા પણ હજુ તે મારી પાસે પાછા આવ્યા નથી, એટલે ઉમેદવારો પૈકી ગમે તેની પાસે અટવાયા હોઇ, પાછળથી એ પત્રો સારૂ આવેલી માગણીઓ અદ્ધર જ રહી છે. અમેરિકાની છેલ્લી ટપાલમાં જ કેટલાક પત્રો અને અક્ષરમૈત્રિ બાંધવા ઇચ્છતા અમેરિકન કુમારોનાં સરનામાં આવી પડ્યાં છે તે હું આવતા અંકમાં વાચકો આગળ રજૂ કરીશ, પરંતુ તે પહેલાં અગાઉનો પત્રવ્યવહાર કુમાર કાર્યાલયમાં પહોંચતો થાય તો જ ફરીવાર એવો પરિવર્તન પ્રચાર થઈ શકે. **ર.મ.શ.**

● ટિકિટો સંઘરવાના શૉખ વિષે આ અંકથી શરૂ થતી લેખમાળાના લેખક શ્રી હરિલાલ બૅંકરે કાઠિયાવાડમાં વઢવાણ કૅમ્પ જેવા ખૂણાના સ્થળે રહીને એ શૉખને અજબ જેવો વિકસાવ્યો છે. છેલ્લાં ત્રીસ વરસથી તેઓ ટિકિટો તથા સિક્કાઓ એકઠાં કરવાનો શૉખ ધરાવે છે અને હાલ ત્રીસ હજાર જાતની ટિકિટો તથા પાંચસો જાતના સિક્કા તેમની પાસે છે. એ સંગ્રહનો એક નાનો સરખો અંશ જોતાં જ અમને લાગ્યું કે અમે જે પ્રકારની માહિતી રજૂ કરવા માગીએ છીએ તે કદાચ તેમના એ વિપુલ ભંડારમાંથી મળી રહેશે. અને તેમણે પણ, પોતાને લખવાનો મહાવરો ન હોવા છતાં, એ શૉખના એક સાચા શોખીનને છાજે તેવી રીતે, બીજાને જ્ઞાનલાભ આપવાની તત્પરતાથી અમારી એ વિનતિ સ્વીકારી લીધી છે. —સંપાદક



ઉત્તર ધ્રુવ! પૃથ્વીના એ છેડા પર, પૂર્વજોની કલ્પના પ્રમાણે દનુજ સૃષ્ટિ ન વસતી હોવા છતાં એ દાનવી મુલક છે. તેનું અફાટ બર્ફસ્તાન અનેક મરજીવાઓનું કબ્રસ્તાન બની ચૂક્યું છે. અજોડ સહનશક્તિ અને અપ્રતિમ ધૈર્યથી એ મોતના સીમાડામાંથી યે જોકે કેટલાક નરપુંગવો પાછા ફરેલા છે, પણ ગણ્યાગાંઠ્યા જ. જ્યારે, જેમની વિદાય પછી તેમના ભવિષ્યની તવાર પણ જગતને કાને ન આવી હોય એવા અભાગી શોધકોની સંખ્યા તો એથી અનેક ગણી વધી જાય. એ અભાગી સંખ્યામાંનો એક તે સર જૉન ફ્રાન્કલિન, જેની શહાદતે ધ્રુવના ખેડાણ ઇતિહાસની કારુણિકાને તેની ટોચે પહોંચાડી છે.

ઇંગ્લંડના લિંકનશાયર પરગણામાં સ્પિલ્સ્બી મુકામે ૧૭૮૬ના એપ્રિલની ૧૬મીએ એ જન્મેલો. ગ્રામર સ્કૂલમાં તે ભણવા બેઠેલો, પણ તેમાં રસ ન પડ્યો. માણસની મર્દાનગીના સૌથી પુરાણા પુરસ્કર્તા સાગરના જીવને તેને આકર્ષ્યો ને પોતાના એક દોસ્તની લાગવગથી 'પોલીફેમસ' નામના જહાજમાં મિડશિપમૅન તરીકે ચૌદ વર્ષની વયે જોડાઇ ગયો. પૂરાં પંદર વર્ષ પણ નહોતાં થયાં ત્યારે તેણે કોપનહાગનના યુદ્ધમાં ભાગ લીધો ને પછી બે જ મહિના રહી આસ્ટ્રેલિયાના કાંઠાનો નકશો કરવા ઊપડતા પોતાના પીતરાઇ સાથે 'ઇન્વેસ્ટીગેટર' જહાજમાં ઊપડી ગયો.

માર્ગમાં જ એક ટાપુને કિનારે તેમનું વહાણ ભાંગ્યું. પછડાતાં મોજાંના ધસારાથી થોડે જ દૂર રહેલા એક ખડક પર ઊતરી પડી બધાએ જિંદગી બચાવી. ફ્રાન્કલિન ત્યાંથી ચીન ગયો, ને જેના માટે આજ પણ ઇંગ્લંડ અભિમાન લઇ રહ્યું છે એ જબરા સફરખેડુ નાથાનિયલ ડૅન્સ સાથે કંતાનથી ઇંગ્લંડ પાછો ફર્યો.

પછીનો ઘણોખરો સમય તો દરિયાઇ કાફલાઓમાં લડવામાં જ ફ્રાન્કલિને વીતાવ્યો. તેની આખી યે જિંદગી કદાચ એમ જ વીતત. પણ ત્યાં કપ્તાન કૂકના વખતથી વિસારે પડાએલો ઉત્તર ધ્રુવ પાર કરી એશિયા પહોંચવાનો વાયવ્યમાર્ગ શોધવાની ને શોધનારને ૨૦,૦૦૦ પૌંડ ઇનામ આપવાની ઇંગ્લંડની સરકારે જાહેરાત કરી ને ફ્રાન્કલિનનો સાહસી જુસ્સો ઝણઝણી ઊઠ્યો. એક નાનકડું વહાણ લઇ તે ઊપડ્યો. ઉત્તર ધ્રુવ થઇ, માર્ગનો નકશો કરતા કરતાં અમેરિકા પહોંચવું ને ત્યાંથી બેહરિંગની સામુદ્રધુનિને રસ્તે પાછા ફરવું, એટલું કામ એને કરવાનું હતું.

ઉત્તર ધ્રુવ પર કેવી પરિસ્થિતિ પ્રવર્તે છે એનું એ વખતે કોઇને ભાન ન હતું. પાર્લામેન્ટના સભ્યોએ તો ફ્રાન્કલિનને કહેલું કે રોકાવાની જરૂર જણાય તો ધ્રુવ પર થોડા દિવસ રોકાવું'! ફ્રાન્કલિનને પણ પહેલી નજરે પોતાનું કાર્ય એટલું મુશ્કેલ નહોતું લાગ્યું.

પણ સ્પિટ્ઝબર્ગેન સુધી પહોંચતાં સુધીમાં તો

ચડાવ્યો એ ઉત્તર ધ્રુવની શહાદતના ચણતરનો પહેલો પાયો પૂરનાર

ઉત્તર ધ્રુવનો મરજીવો

ફ્રાન્કલિન

તેનું વહાણ 'ડૉરોધિયા' જીર્ણશીર્ણ થવા આવ્યું. છતાં હિંમત રાખી તે આગળ વધ્યો, ત્યાં વૉલરસોનું મોટું ટોળું પાછળ પડેલું જોયું. બીજી બાજુ જોયું તો ચાર હજાર ટન જેવડો તોતીંગ હિમગિરિ વહાણ પર ધસી આવતો દેખાયો. ઊગરવાનો અવકાશ જ ન હતો. એટલાં એ લોકોનાં સદ્‌ભાગ્ય કે એ હિમગિરિ 'ડૉરોધિયા'ને ચાર માઇલ ઘસડી ગયો છતાં કશું હાનિકારક પરિણામ ન આવ્યું!

એ નિષ્ફળતાએ પણ ફ્રાન્કલિનને હતાશ ન કર્યો. ૧૮૧૯માં ફરી વાર એ ઊપડ્યો. વાયવ્યમાર્ગે શોધી અમર નામના સ્થાપિત કરવાના તેને કોડ હતા. ૭૦૦ માઇલ સફર કરી અમેરિકાને કિનારે સાસકચ્ચેવાન મુકામે થાણું નાખ્યું. પણ આ વખતે પહેલાં કરતાં યે જબરી મુસીબત નડી. ખોરાકી ખૂટી ને સત્તાવાળાઓએ એ મોકલવામાં ધાર્યા કરતાં વધુ ઢીલ કરી. ધુમ્મસથી ઢંકાએલા પટમાં આખી ટોળી ખોરાકી સારૂ વિખેરાઇ ગઇ, પણ ખોરાક ક્યાંથી મળે? સ્લેજોના કૂતરા પર નભતા, એક સાથી ગુમાવી સૌ પાછા વળ્યા. ઇંગ્લંડને કિનારે એ ટોળીએ પગ મૂક્યો ત્યારે તેમાંના લગભગ બધા જ અધમૂઆ બની ગયા હતા.

આ સફરમાં ફ્રાન્કલિને અમેરિકાના ઉત્તર કિનારાની લગભગ ૫૫૦૦ માઇલની આંકણી કરી હતી. પાછા વળીને તેણે પોતાની એ સફરનું પુસ્તક પ્રસિદ્ધ કર્યું. રાજસત્તાએ તેને પોસ્ટ–કૅપ્ટન બનાવ્યો ને દેશ-પરદેશની વિજ્ઞાન–સંસ્થાઓથી તે સંમાનિત બન્યો.

પણ ફ્રાન્કલિનને એટલાથી સંતોષ ન હતો. ૧૮૨૫માં પાછો એ ધ્રુવવર્તુલનો નકશો લેવા ઊપડ્યો. મૅકેન્ઝી નદી શોધી કાઢી આગળ વધવાનો તેનો ઇરાદો હતો, પણ વહાણ બરફમાં ખૂંચી ગયું ને તેને ફરજિયાત પાછું વળવું પડ્યું. આ સફરનું યે તેણે પુસ્તક બહાર પાડ્યું ને તેની કીર્તિ પશ્ચિમ જગતમાં બધે ફરી વળી. તેને નાઇટનો ઇલકાબ આપી ટાસમાનિયાના ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યો. એ કાળે બધા ગુનેગારોને જ એ ટાપુ પર મૂકવામાં આવતા. પોતાના સાત વર્ષના ઓદ્ધા દરમિયાન ફ્રાન્કલિને એ ગુનેગારો સારૂ કૉલેજો, વૈજ્ઞાનિક સંસ્થાઓ વગેરે ઊભી કરી તેમનો એટલો તો ચાહ મેળવેલો કે તેનો ઉપકાર છેવટ સુધી તેઓ ભૂલ્યા ન હતા.


ઇ. ૧૮૪૫માં ઇંગ્લંડની ઍડમિરલ્ટીએ પાછો વાયવ્ય માર્ગનો સવાલ હાથ ધર્યો. ઊતરતી વયે પોતાની મહત્ત્વાકાંક્ષા સિદ્ધ કરવાની ફ્રાન્કલિનને એ છેલ્લી તક જણાઇ. નેતાનો સવાલ તો ઍડમિરલ્ટીને રહેતો જ હતો, એટલે તરત ફ્રાન્કલિન ત્યાં જઇ હાજર થયો.

'તમે સાઠ વર્ષના તો છો!' ફર્સ્ટ લૉર્ડ ઑવ ઍડમિરલ્ટીએ વાંધો ઉઠાવ્યો.

'ના, મારા સાહેબ, ફક્ત ૫૯ વર્ષનો!' ફ્રાન્કલિને જવાબ આપ્યો ને નિર્ણયની પ્રતીક્ષા કરવા લાગ્યો.



સર જૉન ફ્રાન્કલિન



બરફમાં અવરુદ્ધ થએલાં 'ઇરેબસ' ને 'ટેરર'

વિચારવાપણું હતું જ કયાં? ભૂતકાળની જ્વલંત કીર્તિ તેની સાહેદી હતી. એકીમતે નવી સાહસસફરનો એ નેતા નીમાયો.

૧૮૪૫નો મે મહિનો હતો. 'ઇરેબસ' અને 'ટેરર' એ બે વહાણો તથા ખલાસીઓ અને અફસરો મળી ચૂંટી કાઢેલા ૧૩૪ માણસો સહિત ફ્રાન્કલિન ગ્રીનાઇટથી ઊપડ્યો. પૅરી અને જૉન રૉસની સફરોમાં ભાગ લઇ ચૂકેલો કપ્તાન ક્રોઝીઅર પણ તેની સાથે હતો. ફિશ નદી થઇ, પૂર્વમાં ને પૂર્વમાં આગળ વધી, બેરિંગની સામુદ્રધૂનિ પહોંચવાની તેની ધારણા હતી.

પણ એ ધારણા અધૂરી જ રહી. છેલ્લે ગ્રીનલૅન્ડના પશ્ચિમ કાંઠે કેટલાક વ્હેલરોએ તેમને જોયા બાદ, હિંમત, નિશ્ચય અને સહનશક્તિનો તાગ લેતી એ સફરના સમાચાર જ હાથ ન આવ્યા. આખી ટોળીનું ભાવિ અણપ્રીછ્યું જ રહ્યું. ધાર્યા કરતાં યે વધુ આશા રાખી નીકળેલા એ આશાવંતોની આશાનો ઉપહાસ કરી ઉત્તર ધ્રુવે ખરેખરો કિન્નો વાળ્યો.

ફ્રાન્કલિનની ટોળીનો પત્તો મેળવવા ઇંગ્લંડની સરકારે બીજી ટુકડીઓ પાછળ મોકલી, પણ કશો અર્થ ન સર્યો. ૧૮૪૭ થી ૧૮૫૯ સુધીમાં એ રીતે પત્તો મેળવવા માટે કુલ ૩૯ નવી ટુકડીઓ ઊભી થએલી, પણ તેમાંની એકેએક એક પછી એક નાસીપાસ થતી ગઇ ને તેમતેમ ફ્રાન્કલિનની ગાયબકથા વધુ રોમાંચક બનતી ગઇ.

વર્ષો વીતવા આવ્યાં. છેવટે હજુ સુધી નિરાશ આશા સેવી રહેલી લેડી ફ્રાન્કલિનથી ન રહેવાયું. તેણે પોતાના પતિના ઉગાર માટે ફંડ એકઠું કર્યું અને પ્રખ્યાત સાહસબાજ મૅક્લિન્ટૉકને એના અંજામની સાચી માહિતી મેળવવા મોકલ્યો.

'ફૉક્સ'માં મૅક્લિન્ટૉક રવાના થયો. રસ્તે કેટલાક એસ્કિમો મળ્યા. ઘસડાતાં ઘસડાતાં ચાલતા, ને ચાલતાં ચાલતાં મરી જતા માણસોને હડસન ઉપસાગર પરના કોઇ બંદરે પહોંચવાનો પ્રયાસ કરતા તેમણે જોયા હોવાનું જણાવ્યું. એ જ દિશાએ મૅક્લિન્ટૉક આગળ વધ્યો. કિંગ વિલિયમના ટાપુ આગળ આવતાં જ ફ્રાન્કલિનના ભવિષ્યની તેને દૂબહૂ સાબિતી મળી ગઇ. કતારબંધ હાડપિંજરો એ સફેદ પરથાળ પર પથરાએલાં પડેલાં હતાં ને તેમના કપડાંના રહ્યાસહ્યા ગાભા હજુ લહરી રહ્યા હતા.

એમની શોધના છેલ્લા પ્રકરણનો અંત વિક્ટરી ભૂશિર પાસેથી મળી આવેલા ઍડમિરલ્ટીના એક કાગળ પર લખાએલા નીચેના બયાનથી આવ્યો. સંકટગ્રસ્ત અને માર્ગ ભૂલેલા વહાણો ઍડમિરલ્ટીની છાપવાળા જે કાગળો પર પોતાનો આખરી સંદેશો મૂકતા જાય છે એવો આ કાગળ કૅપ્ટન હૉબ્સનને હાથ લાગ્યો હતો.:

'એપ્રિલ ૨૫મી ૧૮૪૮

અહીંથી પાંચ ડિગ્રી વાયવ્યોત્તરે 'ઇરેબસ' ને 'ટેરર' નાશ પામ્યાં. ૧૮૪૬ના સપ્ટેંબરની ૧૨મીથી એ બરફમાં ખૂંચી ગએલાં. અફસરો ને ખલાસીઓ મળી ૧૦૫ જીવ કપ્તાન ક્રોઝીઅર સાથે અહીં ઊતર્યા, બાકીનાઓનો નાશ થયો. સર જોન ફ્રાન્કલિન ૧૮૪૭ ના જૂનની ૧૧મીએ મૃત્યુને ભેટ્યો. અત્યાર સુધી નવ અફસરો ને પંદર ખલાસીઓ મૃત્યુ પામ્યા છે.'


બસ. ત્યાર પછીની હકીકત વહાણના ભંગાર ને હાડપિંજરો જ પૂરી પાડે છે. ઓળખી શકાય તેવું એક જ શરીર હાથ આવ્યું ને તે લેફ્ટેનન્ટ ઇર્વિંગનું. બાકીના બધા માટે અટકળનો જ આશરો લેવામાં આવ્યો. ફ્રાન્કલિનના ખતરનાક અંજામની જગતને મળેલી આ પહેલી ખબર. ત્યાર પછીનો દરેક ધ્રુવખેડુ એ બાતમી વધુ ને વધુ બહાર આણતો ગયો. સૌથી ભયંકર વાત તો સર જૉન રેએ બહાર આણેલી, ને તે એ કે, વહાણોની હોનારતથી બચી શકેલા માણસો ભૂખથી એટલા તો આંધળા બન્યા હતા કે આખરે નરભક્ષક બની ગયા હતા. જીવનવિગ્રહના એ તબક્કે તેઓ એકબીજાને યે ખાવા માંડ્યા હતા! દસ લાખથી વધુ પૌંડ ખરચી, ચૌદ વરસ પછી જગતને ફ્રાન્કલિનની

ટોળીના જે સમાચાર મળ્યા તે અત્યંત કરુણ હતા.

બંને વહાણોનો તો બરફમાં નાશ જ થયો હતો, કારણ તેનાં હોડાં એસ્કિમોને વાપરતા ઘણા તપાસનીશોએ જોયા હતા. બરફનાં હિસ્સોથી પિંખાએલાં ને અવશેષરૂપે ક્યાંક રહી ગએલાં એ ટોળીનાં શબો હજુ આજ સુધી યે મળતાં રહ્યાં છે. કેટલાકના સ્મરણસ્તંભો ત્યાં જ બંધાયા છે ને કેટલાકના ઇંગ્લંડમાં. હજુ સુધી યે ફ્રાન્કલિનના શબનો તો પત્તો જ નથી.

પરંતુ ફ્રાન્કલિનનું કમનસીબ અસહ્ય તો ત્યારે બને છે, જ્યારે મૅક્ક્લિન્ટૉક જણાવે છે કે, તેણે ધ્રુવનો વાયવ્યમાર્ગ શોધી કાઢયો હતો ને ફિશ નદી આગળ તેના મુખ પાસે જ એ હોનારતને શરણ થયો હતો. બેશક, પૅરી, પીઅરી ને નાનસેને ધ્રુવસફરોનો અવિસ્મરણીય આંક રાખ્યો છે, ધ્રુવસાહસોના આધુનિક પ્રયાસોના પિતા મૅકલ્યોર ને રૉસ પણ સફળ શોધકોનું માન ખાટી જાય છે, પણ ફ્રાન્કલિનની આ નિષ્ફળતા યે એટલી ભવ્ય છે કે સફરવીરોમાં તેને અનોખું સ્થાન આપતી તે આજ પણ ઊગતી પેઢીઓના પ્રોત્સાહને પ્રેરી રહે છે. ધ્રુવપ્રદેશની શોધખોળનો કોઇ પણ ઇતિહાસ મરજીવા ફ્રાન્કલિનના 'ઇરેબસ' ને 'ટેરર'ના ઉલ્લેખ વિના અધૂરો જ રહે!

લેડી ફ્રાન્કલિને વેસ્ટમિન્સ્ટર ઍબેમાં પોતાના પતિનું સ્મારક ચણાવવા માંડ્યું, પણ એ પૂરૂં થયા પહેલાં ૧૮૭૫માં જ એ ગુજરી ગઇ. એ સ્મારક નીચે જ એની યે કબર કરવામાં આવી, જેના પર ડીન સ્ટૅન્લીએ કોતરાવ્યું: 'તેની વિધવાએ આ ઊભું કર્યું, જેણે અનેકોને તેની તપાસ માટે મોકલ્યા ને લાંબો કાળ રાહ જોઇ છેવટે જાતે જ તેને પ્રકાશના સામ્રાજ્યમાં શોધવા જગતની વિદાય લઇ નીકળી પડી.'



ગ્રીનજ હૉસ્પિટલના મ્યુઝિયમમાં રહેલા ફ્રાન્કલિનની ટોળીના હાથ લાગેલા અવશેષો

એ શબ્દોની બરાબર ઉપર જ ફ્રાન્કલિનની ભત્રીજીને પરણનાર ઇંગ્લંડના પ્રસિદ્ધ કવિ ટેનિસને ફ્રાન્કલિન માટે આ શબ્દો કોતરાવ્યા છેઃ

"Not here! the white North has thy
bones : and thou
Heroic sailor-soul,
Art passing on thy happier voyage now
Toward no earthly pole."

અશોક હર્ષ

અપરાધી

(અનુસંધાન પૃ ૪૯૬થી) સ્થાન ન હતું. થોડીવારમાં બેડાંઓનો ઝણકાર સંભળાયો ને પોલિસના કડક પહેરામાં આરોપી દાખલ થયો. મૅજીસ્ટ્રેટે પૂછયું: 'મોહનલાલ, તેં પાંચ આદમીઓનાં ખૂન કર્યાં છે?'

મોહનલાલ (ખૂબ ગંભીરતાપૂર્વક): જી હા, કર્યાં છે.

મૅજીસ્ટ્રેટ: તું તારા અપરાધનો સ્વીકાર કરે છે.

મોહનલાલ: હું અપરાધી નથી.

મૅજીસ્ટ્રેટ: તે કેમ?

મોહનલાલ: કાનૂન અપરાધી છે. મને ડાકુ અને ખૂની બનાવવા માટે કાયદો જવાબદાર છે. પૃથ્વીપાલને ન છોડી દેવામાં આવત તો દુનિયા આજે મને ખૂની ને ડાકુ કહેવા અહીં જમા ન થાત. આપની ને આપના કાનૂનની નજરમાં હું ગમે તેવો કહેવાઉં, પણ હું મારી જાતને કદી અપરાધી નહિ કહું. જનતાની અનુમતિને હું ઠોકરે મારૂં છું.'

મૅજીસ્ટ્રેટ: તારે બીજું કંઇ કહેવાનું છે?

મોહનલાલ: પૂરૂં બયાન તો ભગવાનને ત્યાં આપીશ, પણ વિશેષમાં જે કહેવાનું હશે તે સેશનમાં કહીશ.

સેશનની સુનાવણીને દિવસે મોહનલાલને લેવા માટે એક મોટર જેલના દરવાજા પર આવી જેમાં સંગીનો અને બંદૂકોથી સુસજ્જિત આઠ દસ સિપાઇઓ બેઠા હતા. જેલખાનાની કોટડી ખોલવામાં આવી. મોહનલાલનું શરીર તો ત્યાં હતું, પરંતુ એનું પ્રાણપંખેરૂં ઊડી ગયું હતું. કદાચિત એના બ્રાહ્મણ શરીરને ફાંસી બાદ ભંગી લોકો અડશે એ ખ્યાલથી જ એણે અફીણ ખાઇ લીધું હશે.

શ્રીરામ શર્મા

કાનૂને જેને ખૂની ને ડાકુ બનાવ્યો ને જનતાએ એને અનુમતિ આપી એવો

અપરાધી

ઉત્તર હિંદના એક ગામમાં બે બ્રાહ્મણ કુટુંબ રહેતાં હતાં. એક જ પિતામહનો બધો પરિવાર હતો. પરંતુ, એક જ વૃક્ષની શાખાઓ જેમ પૂર્વ અને પશ્ચિમ ફેલાઇ જાય છે, એ જ રીતે બંને કુટુંબોની પ્રકૃતિ પણ પરસ્પર વિરોધિની દિશાઓમાં ફેલાઇ ગઇ હતી. એકને બીજાને જોતાં આંખમાં ઝેર વ્યાપતું હતું. ઝગડાનું કારણ હતું પાંચ વીઘાંનું એક નાનકડું ખેતર, જે પંચની વાંટણીથી મોહનલાલ અને એના ભાઇઓને ભાગે આવ્યું હતું. પરંતુ પૃથ્વીપાલ અને એના ભાઇઓ લાઠીના બળે એ ખેતર હાથ કરવા ઇચ્છતા હતા.

મોહનલાલનો પરિવાર પાંચ ભાઇઓનો હતો; તેમાં એ સૌથી નાનો હતો, પણ એનો સ્વભાવ ખૂબ ગંભીર હતો. તે બહુ જ ઓછું બોલતો. ચાલ અકૃત્રિમ હતી. ચહેરા પરથી એ કુશાગ્રબુદ્ધિ જણાતો. જ્યારે એનો વિપક્ષી પૃથ્વીપાલ કજિયાખોર તરીકે આખા ગામમાં પ્રસિદ્ધ હતો. અનાયાસ જ કોઇ સાધારણ વાત પર પણ તે ઝગડી પડતો. ગાળાગાળી તો એને રોજની થઇ પડી હતી. વાતોડિયો તો એટલી હદ સુધી હતો કે કોઈ પાસે ન હોય તો છેવટ ગાય ભેંસથી પણ તે વાતો કર્યા કરતો. એનું પરિવાર પણ પાંચ ભાઇઓનું હતું, જેમાં એ સૌથી મોટો હતો. લોકો તેને ઝાંખરાંની વાડ જ સમજતા જેમાં કપડાં ભરાઇને ફાટ્યા વિના ન રહે. સૌથી બુરી વાત તો એ હતી કે જ્યારે પણ મોહનલાલ કે એના ભાઇ ત્યાં થઇને નીકળતા ત્યારે ઘોડા અને કૂતરાને સંકેત કરી તે વ્યંગ્ય વચન બોલ્યા કરતો: ‘હવે ધીમે ધીમે શું ચાલે છે? ભંગીઆ પાસેથી તારાં નાકકાન કપાવી તારા મોંમાં ન થુકાવું તો મારૂં નામ પૃથ્વીપાલ નહિ.’ મોહનલાલ નીચી ગરદન રાખી પસાર થઈ જતો. મોટે ભાગે તો તેણે ત્યાંથી જવું આવવું જ છોડી દીધું હતું.

ગુંડો ચાહે શિક્ષિત હો કે અશિક્ષિત, કમજોરો પર તે પોતાની શક્તિ પહેલી દેખાડવાનો. પૃથ્વીપાલ પણ ગુંડો હતો. કોઇ ખેડૂતનું ખેતર વઢાવી નાખવું, ચમારોને જોડા લગાવવા, વેઠીઆઓથી બેગારમાં કામ કરાવવું અને પોલિસની પાની ચૂમવી, નિર્બળોને માથે ચડી બેસવું ને બળવાનો સામે દબાઇ જવું, એમની ખુશામદ કરવી એ જ એનો કાર્યક્રમ હતો. ગામવાળા કહ્યા કરતા, ‘અરે ભાઇ, એને કોઇ શું કહે, એ તો સીધો દરોગાજી પાસે જઇ પહોંચે છે. દરોગાજી એનું જ કહ્યું કરે છે.’ એવા આદમીથી ઝગડવું કોઇ સાધારણ કિસાનનું કામ નહોતું. અત્યાચાર સહેવો ને તિરસ્કૃત થવું, દબાઇ જવું ને દબાતા રહેવું—એ વાતો તો ગામવાળાઓ માટે એવી બની ગઇ હતી, જાણે હોળી ને દિવાળીનું આવવું અને જવું. એ તો એ રસ્મો જેવા જ છે જે અદા કરવી જ પડે છે. પણ, મોહનલાલના હૃદયમાં અંદરનો અંદર જ્વાળામુખી ધધકી રહ્યો હતો. હાલ એ મન મારી બેઠો હતો. એના ભાઇઓએ પણ શાન્તિ રાખવા એને આગ્રહ કર્યો હતો. ‘તું એકલો શું કરી નાખીશ? અને આપણે બધા મળીને યે પૃથ્વીપાલ ને એના ભાઇઓને શું કરી શકશું? એની પાસે રૂપિયા છે. લાઠીનું જોર છે. આપણો કોઇ હિતૈષી નહિ. એ ખેતર જાય તો પણ ભલે. જિંદગીભરનો ટંટો મટશે. ખેતર લઇને આપણું ભાગ્ય તો કોઈ નહિ છીનવી લે?’

આપણું ખેતર એને જોતરવા દઇએ એ તો કેમ બને? પંચે એ આપણને સોંપ્યું છે. આપણે જ એ જોતરશું. પૃથ્વીપાલ પાસે પોલિસ ને લાઠીનું જોર છે, તો આપણને ન્યાય ને ઇશ્વર પર ભરોસો છે.’

મોહનલાલ ને તેના ભાઇઓ વચ્ચે મહિનામાં બે ચાર વાર આવો વાર્તાલાપ થઇ જતો.

પંચના ચુકાદાને આઠ નવ મહિના થવા આવ્યા. ટાઢ પછી ગરમી અને ગરમીની ભયંકર આંધી ને લૂ ઉપરાંત અરધો આષાઢ પણ આવી પહોંચ્યો. ગામલોકોએ પોતાનાં કાચાં ને તૂટેલાં ફૂટેલાં મકાનોની મરામત પણ કરાવી લીધી હતી. છાણની ઝૂંપડીઓ પણ ઊભી કરી દીધી હતી. ગ્રામીણ સ્ત્રીઓએ ઘરને ખૂણે અડાયાંના ઢગલા ગોઠવી દીધા હતા, જેથી વરસાદમાં બળતણનું કષ્ટ ન રહે. વરસાદને માટે

પ્રાર્થનાઓ કરવાનો ને માનતા રાખવાનો આરંભ થઇ ગયો હતો. સહુ સારાં શુકન હતાં. જેઠ પણ ખૂબ તપ્યો હતો. ગંગાદશેરાને દિવસે થોડા છાંટા પણ થયા હતા એટલે બધાનો ખ્યાલ હતો કે વરસાદ ખૂબ આવશે. ખેડૂતોને માટે ઉચિત સમય પર વરસાદનું આવવું જાણે અન્નનું વરસવું છે.

અન્તે, આષાઢના વીસ દિવસ વીતતાં વાદળ ઘેરાયાં ને ખેડૂતોના નસીબે સારી વૃષ્ટિ થઇ. બીજે જ દિવસે લોકો પાવડા, હળ ને બળદ લઇ પોતપોતાને ખેતરે પહોંચ્યા. મોહનલાલ ને એના ભાઇ પણ પંચે અપાવેલાં પાંચ વીઘાં પર પહોંચ્યા. મોહનલાલ હળ પર ઊભો ને બાકીના ચારે ભાઇઓ સફાઈ પર મંડ્યા. હજુ અરધું વીઘું પણ નહોતું ખેડાયું ત્યાં દૂરથી જ કાંધે લાઠી સહિત પૃથ્વીપાલ ને તેના ભાઇઓ દેખાયા. વિવાદગ્રસ્ત પાંચ વીઘાં તરફ જ એ આવી રહ્યા હતા. એમની ચાલ કંઇ ભયંકર ભવિષ્ય સૂચવતી હતી. આથી મોહનલાલ ને તેના ભાઇઓએ કામ બંધ કર્યું ને તમાકુ પીવાના બહાને એકઠા થયા. મોહનલાલે તરત જ વાડ પાસેના બાવળમાંથી બે ડાળ કાપી લીધી. એ પાંચે પોતાની સાથે ફક્ત બે જ લાઠી લાવેલા. ફોજદારીની તૈયારી કરીને નહોતા આવ્યા. ફોજદારીમાં એ કેટલી યે વાર પોતાના વિપક્ષીઓથી હારી પણ ચૂકયા હતા. પરંતુ સામે આવતી બલાનો કંઇ ઉપાય તો કરવો જ પડે છે. કરડતા કૂતરાથી બચવા માટે હાથમાં ડાંગ રાખવી જ પડે છે, પછી ભલે રક્ષણ થાય કે ન થાય.

મોહનલાલ પોતાના ભાઇઓ પાસે આવીને હજુ બેઠો ત્યાં તો પૃથ્વીપાલ ને તેના ભાઇ સો સવાસો કદમ પર આવી લાગ્યા ને પોતાના વિપક્ષીઓને ગાળ સહિત આહ્વાન આપ્યું. 'જોઇએ કોની છાતી પર વાળ છે જે અમારા જીવતો જીવત આ ખેતર ખેડે? એ મોહનિયા . . . જોઇએ તેં માનું કેટલું ધાવણ પીધું છે? આવી જા, જરા મરદોનો સામનો કરી જો. લાવ તારા એ હિમાયતી પંચને.' એટલું કહેતાં બળદની પીઠ પર લાઠીનો ફટકો ઠોકયો. બળદ દોર તોડાવી નાઠા, એટલે પૃથ્વીપાલ, તેના ભાઇ ને તેના ત્રણ સાથીઓએ—આઠ આદમીઓએ—મોહનલાલ ને એના ભાઇઓ પર આક્રમણ કર્યું.

ખટાખટ ને તડાતડ લાઠીઓ વીંઝાવા લાગી. દસ મિનિટમાં જ મોહનલાલના ભાઈ ધરાશાયી થઇ ગયા. એમની પાસે લાઠી ન હતી. પરંતુ, આત્મરક્ષાર્થે હથિયારવિહોણો આદમી યે સેંકડોનો મુકાબલો કરી શકે છે. શિવાજીએ ઔરંગઝેબના દરબારમાં બારીમાં થઇને જવાનો માર્ગ હોવાને કારણે, પહેલે પોતાના પગ દરબારમાં પ્રવેશાવ્યા હતા, શિર નહોતું ઝુકાવ્યું. ચલિયું પણ તેને દબાવતાં કતરાય છે. ત્યારે મોહનલાલ ને તેના ભાઇ તો કાયર ન હતા. લડ્યા અને ઘાયલ થઈ નીચે પડ્યા. પરંતુ, મોહનલાલ અને પૃથ્વીપાલની લાઠીઓની ત્રમઝટ ચાલી રહી હતી. મોહનલાલે પૃથ્વીપાલનો ઘા બચાવી તેના ઘૂંટણમાં એવો ઘા કર્યો કે તેના હાથમાંથી લાઠી છટકી જઇ, ચક્કર ખાઇ તે નીચે પડ્યો. પણ એ સાથે જ તેના સાથીઓએ મોહનલાલની ખોપરી પર વાર કરી. એક ઘા તો નિરર્થક બનાવ્યો પણ બીજી લાઠી માથા પર પડી ને તે બેહોશ થઇ ઢળી પડ્યો.

આ દુર્ઘટનાના બીજા દિવસે ઇસ્પીતાલમાં ૭ આદમી દાખલ કરવામાં આવ્યા. એમાંથી એક તો પ્રવેશ પછીની એક કલાક બાદ જ મૃત્યુ પામ્યો. એ મોહનલાલનો મોટો ભાઇ હતો. મોહનલાલને યે જબરી ચોટ લાગી હતી. એના જખમો પર સિત્તેર ટાંકા લાગેલા હતા. ત્રણ મહિના સુધી એ ઇસ્પીતાલમાં રહ્યો. પૃથ્વીપાલ એક મહિના બાદ ઇસ્પીતાલમાંથી છૂટ્યો. બધાને પોલિસે અટકમાં લીધા ને સરકાર તરફથી પૃથ્વીપાલ ને તેના ભાઇઓ પર મુકદમો ચાલ્યો.

પૃથ્વીપાલને પોલિસ પર પૂરો ઇતબાર હતો. પોલિસે એને સાથ પણ આપ્યો. કૉન્સ્ટેબલોએ ગામના લોકોને ધમકાવ્યા કે પૃથ્વીપાલ ને તેના ભાઇઓ વિરુદ્ધ જે જુબાની આપશે એની ખેર નથી; નાહકની મોટા ઘરની હવા ખાવી પડશે. કંઇ નહિ તો ૧૧૦નો ફાંસો તો જરૂર આવી જશે. પૃથ્વીપાલ સરકાર અને પોલિસનો ખેરખાહ છે જ્યારે મોહનલાલ બડો પાજી. બસ, ગામમાં સનક બેસી ગઇ.

પૃથ્વીપાલ ને તેના ભાઇઓ પર મૅજીસ્ટ્રેટ પાસે મુકદ્દમો ચાલ્યો ને તેણે એમને સેશનને સુપ્રત કર્યા. સેશનમાં પૃથ્વીપાલને દેહાંતની ને તેના ત્રણ ભાઇ-



પૃથ્વીપાલ ચાર વાઢી રહ્યો હતો ત્યાં આંખમાંથી જ્વાળા વરસાવતા એક યુવકે જોટાળી બંદૂક તેના સામે તાકી.

ઓને કાળા પાણીની સજા થઇ. બીજા બધાને મુક્ત કરી દેવામાં આવ્યા.

કાનૂની દાવપેચ બહુ વિકટ હોય છે. જો કે પોલિસને પાછા પડવું પડ્યું, છતાં પૃથ્વીપાલના લાગતા વળગતાઓએ હાઇકોર્ટમાં અપીલ કરી આખરે બાજી બગાડી. રોજના એક હજાર રૂપિયા પર એક અચ્છો વકીલ રોકયો. અપીલ થઈ ને આરોપીઓના વકીલે ખૂબ દલીલબાજી કરી. જજોને સાબિતીઓ સન્દેહાત્મક જણાઇ. ઘટનાસ્થળનો કોઇ સાક્ષી તો હતો જ નહિ કાનૂની વાક્-જાળનો, તર્કના દાવપેચનો વિજય થયો.

પૃથ્વીપાલ ને તેના ભાઇઓ હાઇકોર્ટમાંથી છૂટી સીધા ઘેર આવ્યા, અને મૂછો પર તા દેતા મોહનલાલના ઘર પાસે થઇને જ નીકળ્યા. મોહનને કહ્યું, 'લે, મોહના! અમે તો સાફ બચી આવ્યા; ફરી તારી છાતી પર દાળ દળશું. કૂતરાના મોતે તને ન મારૂં તો મારૂં નામ પૃથ્વીપાલ નહિ.'

પોતાના શત્રુ-પોતાના ભાઈના હત્યારા—હાઇકોર્ટમાંથી સાફ છૂટી આવ્યા એ જાણતાં મોહનલાલ ધુંવાપુંવા થઇ ગયો. પણ કરે શું? હૃદય દબાવી રહી ગયો. હા, થોડા દિવસ થયાં તેનામાં કંઇક પાગલપણા જેવું આવી ગયું હતું. વાસ્તવમાં એ પાગલ નહોતો બન્યો, તેના હૃદયમાં ધધકતા જ્વાળામુખીની જીભોએ વિકરાળ રૂપ ધારણ કર્યું હતું.

ફરી એક વાર અષાઢ આવ્યો. કિસાનોને માટે એવો જ આનંદદાયી, પણ મોહનલાલને માટે દારૂણ દુઃખદાયી. એણે એ પાંચ વીઘું ખેતર ન જોડ્યું. એટલા

માટે નહિ કે તે શત્રુઓથી ડરતો હતો, પરંતુ એટલા જ માટે કે તેના ભાઇઓએ એ ખેતર ન જોડવાનો આગ્રહ કર્યો હતો. પૃથ્વીપાલે પણ એ ખેતર ન જોડ્યું. અરધો શ્રાવણ પણ આવી પહોંચ્યો.

ગામના ઠાકોરના ચોપાડ પર સાંજના ભીડ જામી હતી. આસપાસનાં ગામોના લોક પણ હાજર હતા. હાથમાં તલવાર લઇ ગાયકે આલ્હાગાન શરૂ કર્યું:

'જા કે વૈરી સમ્મુખ બૈઠે, વાકે જીવન કો ધિક્કાર'

ઢોલકવાળાએ 'ધિક્કાર'પર ઠેકો લીધો અને પૃથ્વી-પાલે ઊંચા થઇ સીધે હાથે મૂછ પર તા દઇ મોહન-લાલ તરફ કરડી આંખે જોયું.

સહનશીલતાની હદ થઇ ચૂકી હતી. અપમાનની સીમાનું ઉલ્લંઘન થઇ ચૂક્યું હતું. મોહનલાલના દિલમાં પ્રતિહિંસા પૂર્ણરૂપે જાગ્રત થઇ ગઇ. સંકોચ અને મોહનાં બંધન તૂટી ગયાં. મોહનલાલના દિલમાં વાત બેસી ગઇ. એ ત્યાંથી ઊઠ્યો ને આડુંઅવળું જોયા વિના કોણ જાણે ક્યાં ચાલ્યો ગયો. એના ભાઇ-ઓએ થાણામાં રીપોર્ટ પણ કર્યો. રીપોર્ટ તો લખાયો પણ સાથે તેના પર અંદેશો પણ મુકાયો કે ક્યાંક ચોરી પર ન ગયો હોય.

લગભગ છ મહિના બાદ સાયંકાલે ગોધૂલિના સમયે પૃથ્વીપાલ ચાર વાઢી રહ્યો હતો, ત્યાં ખૂબ વધેલી દાઢીમૂછવાળો ને આંખમાંથી જવાળા વર-સાવતો ભયાનક આકૃતિવાળો એક યુવક જોટાળી બંદૂક તેના સામે તાકતો બોલ્યો:

'જા કે વૈરી સમ્મુખ બૈઠે, વાકે જીવનકો ધિક્કાર'

બસ, પછી 'ધાંય, ધાંય' અને સમાપ્તિ. પૃથ્વી-પાલની લોથ જ્યાંની ત્યાં પડી રહી ને ચાર રક્તરંજિત થઇ ગયું. ગોળીનો અવાજ સાંભળી લોકો એકઠા થઇ ગયા, પરંતુ ખૂનીની નજીક આવવાનું કોઇ સાહસ નહોતું કરતું. તે ઉચ્ચ સ્વરે બોલ્યો, 'ભાઇઓ, હું મોહનલાલ છું. યદિ હાઇકોર્ટથી ન્યાય ન થયો, તો મેં જાતે ન્યાય ચૂકાવી દીધો. હવે મારા જીવનને ધિક્કાર નથી. પરંતુ હજુ આ રાક્ષસ પૃથ્વીપાલના સઘળા ભાઇઓનો નાશ કરવાનો પ્રયત્ન હું નહિ જ છોડું. હું તો મરીશ જ, પણ દુનિયાને બતાવતો જઇશ કે અપમાન અને અન્યાયનો બદલો કેવો હોય છે.' એટલું કહી, બધાને રામરામ કરી એ અંધારામાં ક્યાંક ચાલ્યો ગયો. કોઇની હિંમત ન ચાલી કે તેને પકડી લે.

પૃથ્વીપાલની લાશને થાણા પર લઇ જવામાં આવી અને મોહનલાલની ગિરફતારી માટે એક હજારનું ઇનામ કાઢવામાં આવ્યું. પરંતુ ક્યાં ય તેનો પત્તો ન મળ્યો. હા, છ સાત મહિના બાદ પોલિસને સમા-ચાર મળ્યા કે મોહનલાલ ને તેના એક સાથી ઠાકુરે—જેના પર પહેલેથી જ વૉરંટ હતો—મળીને એક મહિનામાં છ સાત ધાડ પાડી અને હજારોનો માલ લૂંટી ગયા. મોહનલાલની ધરપકડ માટે દોઢ હજારનું ઇનામ કરી દેવામાં આવ્યું, પણ એ હાથ ન આવ્યો.

માનવજીવન માટે વિસ્મૃતિ એક આવશ્યક વસ્તુ છે. જો એ ન હોય તો આપણું જીવન એક પ્રકારે અસંભવિત બની જાય. આપણા પ્રિયજનોના વિરહનો ઘા રૂઝવનારી વિસ્મૃતિ જ છે. પૃથ્વીપાલના ભાઇ પણ આખર પાંચ તત્ત્વના જ બનેલા હતા. સમય વીતતાં પોતાના ભાઇનું દુઃખ એ ભૂલી ગયા. એ જ આષાઢનો સમય હતો. બળદ લેવા માટે નજીકના એક હાટે તેઓ ગયા. પાછા વળતાં અંધારૂં થઇ ગયું, ને રસ્તો જંગલમાં થઇને જતો હતો. ચારે ભાઇ બજા-રની વાતો કરતા જતા હતા એટલામાં બે સશસ્ત્ર આદમીઓએ એમનો માર્ગ રોકી લીધો. તેમનામાંનો એક આગળ વધી બોલ્યો:

'જા કે વૈરી સમ્મુખ બૈઠે, તા કે જીવનકો ધિક્કાર'

ધાંય, ધાંય, બે ગોળી છૂટી ને બે લાશો ત્યાં જ ઢળી પડી. બાકી બચેલા બે ભાઇઓ નાઠા. પરંતુ એ વખતે તો મનુષ્યના રૂપમા બે વાઘે—મોહનલાલ અને એના મિત્રે—એમનો પીછો પકડ્યો. એ ક્યાંથી બચી શકે ભલા? દસ વીસ કદમ પર જ એક તો ઠોકર ખાઇ નીચે પડ્યો ને એક ગોળી છૂટી. એ ત્યાં જ ઠંડો થઇ ગયો. બીજો સોએક વાર પર હાથ લાગ્યો. ચાર હત્યાઓ કરી મોહનલાલે બંદૂક નીચે મૂકી પ્રાર્થના કરી: 'ભગવન્, મારી મુરાદ પૂરી થઇ. હવે મારૂં ચાહે તે થાય, હવે મને શાંતિ છે. સંસારમાં હવે મારો કોઇ વેરી નથી.'

મોહનલાલનું મૂલ્ય વધી ગયું ને તેની ગિરફ્-તારીનું ઇનામ બે હજારનું કરી દેવામાં આવ્યું.

(અનુસંધાન આગળ પૃ. ૪૯૬ મે)

મોર જેવું નૃત્ય, તીર જેવો વેગ, સિંહ જેવી



ઘોડા ને ગધેડા બંને એક જ પૂર્વજથી ઊતરી આવેલા પીતરાઇઓ છે. એવું જ ત્રીજું પીતરાઇ તે આફ્રિકામાં થતું ચટાપટાવાળું ઝીબ્રા. એટલે પ્રાણીશાસ્ત્રમાં એ ત્રણેને 'ઇક્વ્યુઅસ' જાતિના એક જ પેટાવર્ગ 'ઇક્વિડી'માં મૂકવામાં આવે છે. ઘોડા, ઝીબ્રા (હિપોટાઇગ્રિસ), ને ગધેડા (ઍસિનસ) વચ્ચેની સગાઇ બતાવવા માટેનાં એટલાં તો સબળ પ્રમાણો એકઠાં થયાં છે કે એ બધાની અત્રે રૂપરેખા રજૂ કરવી પણ અશક્ય છે.

પ્રાણીઓના ઉત્ક્રાન્તિક્રમમાં કોઇનો પણ અંકોડાબંધ ક્રમવિકાસ હાથ લાગ્યો હોય તો ઘોડાનો જ. ભૂસ્તરના યુગેયુગના ખડકોમાંથી તેના અવશેષો હાથ લાગતા જ રહ્યા છે. ઇઓસીન યુગ લઇએ તો તે યુગના ઘોડા ઇઓહિપ્પસને પગે તાપિર જેવાં ચાર આંગળાં મળી આવે છે, ને તેનું કદ માત્ર ઘેટા જેવડું જણાય છે. ત્યારપછી ઓલીગોસિન યુગમાં વળી એક આંગળું લુપ્ત થઈ, ગેંડા જેમ ત્રણ જ આંગળાં તેને જણાય છે. જેમ જેમ આગળ વધતા આવીએ છીએ તેમ આંગળાં ઘટતાં જાય છે, શરીરના બંધારણમાં પણ ફેરફાર થતો જાય છે ને કદની પુખ્તાઇ ને સુઘટતા આવતાં જાય છે.

આ બધાં સાધનો ઉપરથી સહેજે અનુમાન બાંધી શકાય કે ઘોડાનું પૂર્વજ મૂળ તો માત્ર સસલાના કદનું, પાંચ આંગળાંવાળું બેડોળ પ્રાણી હશે. ભિનાશવાળી પોચી જમીન પર તે રહેતું હશે ને કૂંણીકૂંણી વનસ્પતિ ખાતું હશે. પણ કુદરત એના માટે દિનપ્રતિદિન પ્રતિકૂળ થતી જ ગઇ ને તેને પોતાની હસ્તી ટકાવવા ફરજિયાત પ્રાપ્ત સંયોગોને અનુસાર જીવવું યા તો નાબૂદ થઇ જવું રહ્યું. એનો સળંગ ભૂત–ઇતિહાસ બતાવે છે કે યુગાનુયુગે પોતાની જીવનપરિચર્યા બદલાવતા રહી ઘોડાએ પોતાની નસલ નાબૂદ થવા નથી દીધી.

ઘોડાનો પિતૃદેશ અમેરિકા લેખાય છે, છતાં નવાઇની વાત એ છે કે છેલ્લે છેલ્લે અમેરિકામાંથી એની હસ્તી જ નાબૂદ થઇ ગએલી. પૃથ્વીના ભૂતકાળમાં અમેરિકા ને એશિયા ખંડ બંને જોડાએલા હતા એ કાળે ઘોડાઓ પિતૃદેશ ત્યાગી એશિયામાં આવી વસેલા. એશિયામાંથી જ યુરોપમાં તેમની આયાત થઇ ને ત્યાંથી અમેરિકાએ તો ઠેઠ અઢારમી સદીમાં તેમની ફરી આયાત કરી!

પણ ઘોડાને સાચું માહાત્મ્ય આપનાર પહેલી પ્રજા તો આર્ય પ્રજા જ હતી. પ્રાચીન સમયથી આર્ય લોકો તેમને પાળતા, તેમના પર સવારી કરતા, તેમને રથમાં જોડતા, તેનું માંસ ખાતા ને દૂધ પીતા. આર્ય વૈદકમાં ઘોડાના માંસ ને દૂધના અનેક ગુણો વર્ણવવામાં આવેલા છે. સમુદ્રમન્થન વખતે પણ ચૌદ રત્નોમાં એક રત્ન તરીકે ઉચ્ચૈઃશ્રવા ઘોડો મળી આવ્યાનો ઉલ્લેખ છે. આર્યો સિવાય બીજી કોઇ જાતિને તેની ઓળખ ન હતી તે એટલા પરથી જણાશે કે બકત્ર, અસુર ને મિસરની ભૂતકાલીન મહાપ્રજાઓ તેને 'પૂર્વના ગધેડા' તરીકે ઓળખાવતી.

સવારી ઉપરાંત ઘોડાનું બીજું પણ એક મહત્ત્વ આર્ય પ્રજાને હતું ને તે તેનો મેધ કરવાનું. આપણા પુરાણોમાં રાજાઓએ પોતાનું ચક્રવર્તીત્વ પ્રસ્થાપિત કરવા કરેલા અનેક અશ્વમેધોનું વર્ણન મળી આવે છે. છેલ્લે એવો અશ્વમેધ અઢારમી સદીમાં જયપુરના રાજા જયસિંહે કરેલો.

વેદોમાં અશ્વમેધ માટે શંખ સમાન ઉજ્જ્વલ વર્ણ ને કૃષ્ણવર્ણ કાનવાળો ઘોડો ઉત્તમ ગણેલો છે.

ફાળ અને શ્વાન સરખી સ્વામીભક્તિ ધરાવતો, પ્રજાની શક્તિમત્તાનો પ્રતીક

ઘોડો

[સરજનહારની સૃષ્ટિ]

આર્યોએ અશ્વવિજ્ઞાનને એની ચરમ સીમાએ પહોંચાડયું હતું. આપણાં પુરાણોમાંનાં નળ, નકુળ વગેરે એ વિજ્ઞાનના તદ્વિદો ગણાતા. નકુળનો એ વિષયનો 'શાલિહોત્ર' ગ્રન્થ પ્રસિદ્ધ છે. પાર્થસારથી કૃષ્ણ પણ એ વિદ્યામાં એટલા જ પ્રવીણ હતા. 'ભાવપ્રકાશ'ને 'સુશ્રુતસંહિતા'માં એ વિજ્ઞાન ચર્ચવામાં આવ્યું છે; એ ઉપરાંત જયદત્તનું 'અશ્વવૈદક' અને ભોજનું 'યુક્તિકલ્પતરુ' પણ પ્રસિદ્ધ છે.

આ બધું આર્યોની આ વિજ્ઞાનની સમૃદ્ધિ બતાવે છે. આજથી સદીઓ પહેલાં એમણે ઘોડાની જાતિઓ, તેમની ખાસિયતો, તેમની શરીરરચના, તેમની ચિકિત્સાનું સંપૂર્ણ વિજ્ઞાન રચી નાખેલું. ચક્રવાક, મલ્લિક, અષ્ટમંગલ, કલ્યાણપંચક, ચિન્તામણિ, શિવ જેવી ઉત્કૃષ્ટ જેમ જ મુષલી, કરાલી, શૃંગી, કૃતાન્ત વગેરે નિકૃષ્ટ જાતિઓના યે એમણે વર્ગ પાડેલા.

અત્યારે તો ઘોડાની મૂળ જાતિઓ આફ્રિકા ને પશ્ચિમ એશિયાના જંગલી મુલકોમાં મળી આવે છે. એ સૌમાં તુર્કી ઘોડા સૌથી વિશેષ શ્રમશીલ ને સહિષ્ણુ ગણાય છે. યારકંદ ને ભૂતાનના ઘોડા પહાડો પર ચડવામાં કુશળ મનાય છે. હિંદમાં કચ્છ, કાઠિયાવાડ, પાલણપુર, શેખાવાટી, ભરતપુર ને અલવરના ઘોડા ખાસ વખણાય છે. હિમાલયની પહાડીઓમાં વળી 'ઘૂંટ' નામે ઓળખાતી ઘોડાની એક જાતિ થાય છે જે સૌથી બલિષ્ઠ ગણાય છે. આજ દિન સુધી હિંદમાં ઘોડા એ બળનું પ્રતીક ને છડી સવારીનું અજોડ વાહન ગણાય છે ને તેના વેચાણ માટે ભાલોત્રા, અમૃતસર, પુષ્કર વગેરે સ્થળે દર વરસે મોટા મોટા મેળા ભરાય છે.


ઘોડાને જો બરાબર માવજતપૂર્વક રાખવામાં આવે તો તે સાઠ વર્ષ સુધી જીવી શકે છે. આમ ત્રીસ ચાળીસ વર્ષ તો તે સહેજે જીવે છે. હાથી જેમ જ તેને દૂધિયા દાંત પણ આવે છે ને કૂતરા જેટલો જ તે સ્વામીભક્ત હોય છે. મહારાણા પ્રતાપનો 'ચેતક' તેનું જ્વલંત ઉદાહરણ છે. અને કાઠીઆવાડના બહારવટાના ઈતિહાસમાં તો એવાં અનેક ઉદાહરણો દફનાએલાં પડ્યાં છે.

માદા બાર મહિને એક બચ્ચાને જન્મ આપે છે. એનું દૂધ ખાસ પુષ્ટિકર ગણાય છે. એમાંથી એક પ્રકારની મદિરા પણ બનાવવામાં આવે છે.

મોર જેવું નૃત્ય, તીર જેવો વેગ, સિંહ જેવી ફાળ અને શ્વાન સરખી સ્વામીભક્તિ ધરાવતો ઘોડો પણ એક રીતે પ્રજાની શક્તિમત્તાનું પ્રતીક છે. આજે માત્ર ગાડીઓનાં 'ટાયડાં' રૂપે રહેલી એની પ્રતિષ્ઠા આપણી હીનતાનું સ્પષ્ટ ભાન કરાવે છે. **અશોક હર્ષ**

નીચેનું ચિત્ર : ઘોડાનો વિકાસક્રમ

સૌથી ઉપરનું ચિત્ર ઇઓહિપ્પસનું છે. સસલા જેવડાકદના ઘોડાના એ પૂર્વજને આગલે પગે ચાર ને પાછલે પગે ત્રણ આંગળાં હતાં. વચ્ચેનું ચિત્ર એ પછીના યુગના માયોહિપ્પસનું છે, જેને પગે ત્રણ આંગળાં હતાં. નીચેનું ચિત્ર હાલનો ઘોડો તેનાં આંગળાં ક્રમે ક્રમે ખરીરૂપે કેવો વિકાસ બતાવે છે.



ટિકિટો સંઘરવાનો શૉખ

પશ્ચિમના દેશોમાં ઘણા માણસો પોતાના કામકાજમાંથી પરવારી મગજને આનંદ અગર આરામ આપવાના હેતુથી કોઇ ને કોઇ જાતનો શોખ ધરાવે છે. આ શોખ શ્રીમંત તથા ગરીબ વર્ગ દરેકને હોય છે. કમભાગ્યે હિંદુસ્તાન જેવા ગરીબ દેશમાં મોટો ભાગ ગરીબાઇમાં સડતો હોઇ પેટનો ખાડો પૂરવા સિવાય બીજી તરફ તેઓ ભાગ્યે જ ધ્યાન આપી શકે છે; જ્યારે શ્રીમંત વર્ગ તે બાબતમાં અજ્ઞાત જેવી સ્થિતિમાં છે. એટલે એકંદરે આ દેશમાં આવા શોખ બહુ જૂજ જોવામાં આવે છે. ખરી રીતે જોતાં આ શોખ કાંઇ આનંદ મેળવવા પૂરતા જ નથી હોતા. એમાંથી સારા પૈસા યે પેદા થાય છે અને એ દેશોમાં અમુક વ્યક્તિઓ તો અમુક શોખ ઉપર જ પોતાનો નિર્વાહ પણ સારી રીતે ચલાવે છે.

આવા શોખ ઘણી જાતના છે. જેવા કે, પોસ્ટની ટિકિટો ભેગી કરવી, જૂના સિક્કા, દેશદેશના પ્રખ્યાતિ પામેલાં સ્થળોના ફોટો તથા પોસ્ટ કાર્ડો, દેશદેશનાં પતંગિયાં કે પક્ષીઓ, તેઓ ઇંડાં તથા બચ્ચાં સાથે માળામાં કેમ રહે છે તેનાં દશ્યો, જૂનાં હથીઆરો, જૂના વખતના તીરનાં પત્થરનાં તીક્ષ્ણ ફળાં (Arrow-heads), શંખ, છીપો, ફૉસિલ્સ, જુદાજુદા પ્રદેશનાં રેતી, લાકડાં, પત્થર તથા પ્રવાહીના નમૂના, તેમજ દીવાસળીની ડાબલીનાં લેબલો વગેરેનો સંગ્રહ. આ બધામાંથી હાલ તુરત આપણે ટપાલની ટિકિટો વિષે જ વિચાર કરીએ.

પોસ્ટની ટિકીટો ભેગી કરવાનો શોખ યુરોપ, અમેરિકામાં તો શાળામાં ભણતા વિદ્યાર્થીથી માંડીને વૃદ્ધ માણસો સુધી ફેલાએલો છે. ટિકીટોની સંખ્યા જેમજેમ વધતી જાય છે તેમતેમ તે ધરાવનાર વ્યક્તિનું ભૌગોલિક તથા ઐતિહાસિક જ્ઞાન પણ વધતું જાય છે. અને ફુરસદની વખતે ગમે તેટલી વખત જોયા કરવા છતાં પણ તેને અવનવો આનંદ મળતો જ રહે છે. યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામા તો ટિકીટોનાં મોટાં સંગ્રહસ્થાનો છે, તથા તેને લગતાં અઠવાડિકો, માસિકો તેમજ બીજું ઘણી જાતનું સાહિત્ય બહાર પડે છે. નાના કે મોટા—લગભગ દરેક ગામમાં તેની કલબો અને સોસાએટીઓ છે. તથા મોટાં ગામોમાં દર સાલ તેનાં પ્રદર્શનો, ગંજાવર લીલામો વગેરે થતાં રહે છે. આથી લોકો ટિકીટોમાં શી શી નવીનતાઓ છે, કઇ કઇ જાતની ટિકીટો સાધારણ અગર બહુ કીમતી ગણાય, કઇ જાતની ટિકીટ કોની યાદગીરીમાં અને શા કારણથી બહાર પડનાર છે, તેમજ કઇ કઇ ટિકીટોમાં છાપનારની સહેજ પણ ભૂલને અવકાશ મળ્યો છે, તેમાં શી ખામી છે અને તે શી કીમતે અને ક્યાંથી મળી શકે વગેરેનું તેના નિષ્ણાતો પાસેથી જ્ઞાન મળે છે. આપણા દેશમાં તો આ શોખ ધરાવનારનો પણ મોટો ભાગ માત્ર એટલું જ જાણતો દેખાય છે કે ટિકીટો ભેગી કરવાથી તેનું કાંઇક ઇનામ અગર પૈસા મળે છે અગર તે બહુ કીમતી ચીજ છે.

ખરી રીતે એક ચીજને પુરી જાણ્યા વિના તેની કીમત સમજી શકાય નહિ. ટિકીટો કાંઇ એક જાતની નથી હોતી. હજારો દેશોની જુદીજુદી કીમતની લાખો ટિકીટો બહાર પડેલી છે. હિંદુસ્તાનમાં જ હાલ જ્યૉર્જ છઠ્ઠાની પૈસાની એકથી માંડીને પચીસ રૂપીઆની એક સુધીની ટિકીટો ચાલે છે. તે મુજબ પાંચમા જ્યૉર્જની, એડવર્ડ સાતમાની, વિકટોરિયા રાણીની અને તે પહેલાંની; એવી જ બીજા અંગ્રેજ દેશોની, અને દુનિયાનાં બીજાં રાજ્યોની. ખાસ કરીને ઇંગ્લંડ કે તેનાં સંસ્થાનોની ટિકીટો બહુ બદલાતી નથી: કોઇ પ્રસંગવશાત જ એમાં નવી જાત બહાર પડે છે.

પરંતુ યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં જેટલી વિવિધ ટિકીટો બહાર પડે છે તેટલી ભાગ્યે જ બીજા દેશોમાં પડતી હશે. ત્યાં તો તે દેશના ઉત્કર્ષ માટે અગાઉ જે જે મહાન સમર્થ પુરુષોએ ભોગ આપેલા તેમની શતાબ્દીઓ અગર દેશના મહાન ઐતિહાસિક પ્રસંગો ઉપર અને એવા ઘણા નિમિત્તે બાર મહિના-



આ લેખના લેખક ઉપર એમના મિત્રો તરફથી મોકલવામાં આવેલાં કેટલાંક 'ફર્સ્ટ ડે કવર'—ટિકિટ નીકળ્યાને પહેલે જ દિવસે પોસ્ટ થએલાં, વિવિધ પ્રસંગોના સ્મરણ વખતે ખાસ કાઢવામાં આવેલાં સંખ્યાબંધ કવરો અને ટિકિટોમાંના પાંચ ચૂંટેલા નમૂના. ડાબી તરફ: મથાળે—આલાસ્કા પરગણાના જયંતીદિનનું કવર; વચ્ચે—અમેરિકામાં જન્મેલી પહેલી ગોરી છોકરી વર્જિનિયા ડેરના જન્મની ૩૫૦મી જન્મજયંતીના સ્મરણમાં કાઢેલું કવર: તેના પર તેનાં માતપિતા તથા લાકડાની કેબિનના ચિત્રવાળી ટિકિટ સાથે; નીચે—ઈ.સ. ૧૬૮૨ના ઑક્ટોબરની ૨૮મી તારીખે વિખ્યાત પેન અમેરિકાને કાંઠે ઊતર્યો તે પ્રસંગના સ્મરણમાં ૨૫૦ વર્ષે, ૧૯૩૨ની એ જ તારીખે કાઢેલી તેની ટિકિટો સાથેનું 'ફર્સ્ટ ડે કવર'; જમણી બાજુ—ઉપર (આડું) ૧૯૩૩માં શિકાગોના સેન્ચુરી ઑફ પ્રોગ્રેસ (પ્રગતિ શતાબ્દી)ના જગતમેળા વખતે કાઢેલી ટિકિટો સાથેનું કવર. તેના પર એક સૈકામાં થએલી પ્રગતિનું સૂચક જે ચિત્ર છે. તેમાં તે વખતની લાકડાની કૅબિન અને ઘોડેસવારી ટપાલને મુકાબલે આજનાં ગગનચુંબી સ્કાઈસ્ક્રેપરો અને ટપાલી વિમાન બતાવ્યાં છે. નીચે: ઑસ્ટ્રેલિયાના ન્યુ સાઉથ વેલ્સની દોઢસોમી જયંતીના સ્મરણમાં કાઢેલી ટિકિટો અને ખાસ કવર.

માં લગભગ ૩૦-૪૦ જાતની ટિકીટો બહાર પડતી હશે. એ ઉપરાંત હમેશની ચાલુ વપરાશની તો જુદી જ. એવી સ્મારક ટિકીટો તો એ મહાન નરના જન્મ, મરણ, અગર જીવનસિદ્ધિના ગામમાંથી અગર ઐતિહાસિક વિશિષ્ટ પ્રસંગવાળા સ્થળેથી જ પહેલે દિવસે વેચવાનું ત્યાંની સરકારે નક્કી કરેલું હોય છે, અને તેથી તે તે ગામથી તે જ દિવસે એવી ટિકીટો ભેગી કરવાના શોખીનો પોતાને એ ખાસ તારીખવાળું ટિકીટ ચોડાએલું કવર મળે તેની ગોઠવણ ત્યાંના લાગતાવળગતાઓને લખીને કરી લે છે. એવા કવર ઉપર ત્યાંની પોસ્ટ ઑફિસવાળા 'બહાર પડયાના પહેલા જ દિવસે' (First day of issue) એવી ટપાલની, ગામ તથા તારીખવાળી છાપ મારે છે. ને વખત જતાં એવી ટિકીટની કીમત વધી જાય છે.

આવી હજારો ટિકીટો દર સાલ જુદાં જુદાં રાજ્યો તરફથી જુદા જુદા કારણે છપાય છે, એટલે કઇ ટિકીટની શી કીમત સમજવી તે આ જાતનો શોખ ધરાવનાર માટે જરા મુસ્કેલ જેવું છે ખરૂં, પણ ઉત્પન્ન અને માગણીના સાર્વત્રિક નિયમને લક્ષમાં લઇને એટલું ધ્યાનમાં રાખવું કે જે જાતની ટિકીટો ઢગલાબંધ મળતી હોય તેની કીમત જૂજ ગણાય, જ્યારે જે જૂજ સંખ્યામાં મળી શકતી હોય તેની સારી કીમત ગણાય. જેવી કે હાલ હિંદુસ્તાનમાં જ્યૉર્જ પાંચમા તથા છઠ્ઠાની ટિકીટો ઢગલાબંધ મળી શકે છે, તેને બદલે એડવર્ડ અગર રાણીની ઓછી મળી શકે; તો તે મુજબ તેની વધતી ઓછી કીમત સમજાય. તેમાં પણ જ્યૉર્જ પાંચમાની જ્યુબિલી, જ્યૉર્જ છઠ્ઠાની હિંદુસ્તાન સિવાયના તેના દેશોમાં કોરોનેશનની છપાએલીની કીમત સારી ગણાય. વળી દરેક દેશની પોસ્ટ ઑફિસની શરૂઆતમાં જે ટિકીટો બહાર પડેલી એ જમાનામાં એ ભેગી કરવાનો શોખ ન હોઇ જેની જેની પાસે કોઇ જૂના કાગળોમાં એ વખતની ટિકીટો જળવાઇ રહેલી હોય તેની અત્યારે ઘણી જ સારી કીમત મળે.

આ ઉપરથી જોઇ શકાય છે કે ટિકીટો ભેગી કરનારાઓની દૃષ્ટિએ જે ટિકીટો જૂજ મળી શકતી હોય તેની તે લોકો મોંમાગી કીમત આપે છે. એટલે ટિકીટો ભેગી કરવી એ આનંદ ઉપરાંત પૈસા મેળવવાનું પણ એક સારૂં સાધન છે. વળી કઇ કઇ ટિકીટનો દેશ કયાં કયાં આવ્યો અને તે કોના વખતમાં કયા કારણથી બહાર પડી એની માહિતી ઉપરાંત કેટલીક ટિકીટોનાં ચિત્રોમાં આપવામાં આવતી તે તે દેશોની મુખ્ય પેદાશ, ખાસ નવીનતાઓ, પશુઓ, પક્ષીઓ, પહાડો, પાણીના ઝરા, પૂલો વગેરે ઘણી મનોરમ્ય ચીજોનું ભૌગોલિક જ્ઞાન પણ દિલને બહુ આનંદ ઉપજાવે છે.

આપની પાસે આ વિચારો રજૂ કરનાર લેખક દુનિયાના દરેક ભાગોની ટિકીટો તથા સિક્કાઓ ભેગા કરવાનો શોખ છેલ્લાં ત્રીસ વરસથી ધરાવે છે અને હાલ ત્રીસ હજાર જાતની ટિકીટો તથા પાંચસો જાતના જૂના તથા ચાલુ સિક્કા પાસે છે.

(ચાલુ) **હરિલાલ બૅંકર**

અપરાધી . . . .

(અનુસંધાન પાછળ પૃ. ૪૯૧થી)

વિધિની ગતિ અપાર છે. મોહનલાલ તાવથી પીડાતો પોતાના એક માત્ર મિત્ર બદનસિંહનાં સાસરિયાંમાં પડયો હતો. ખૂબ આશ્વાસન આપી બદનસિંહ તેને ત્યાં છોડી ગયો હતો. મોલ ઊભો હતો ને જુવારના ગીચ ખેતરમાં એક ઝૂંપડીમાં તે તાવથી કરાંજતો હતો. ધાડોના હજારો રૂપિયા બદનસિંહ ને મોહનલાલે આસરો આપનાર એ લોકોને જ આપ્યા હતા. ભરેલી બંદૂક તેની બગલમાં જ રહેતી. છાની રીતે તેની સુશ્રુષા પણ થતી હતી. પરંતુ જગતનાં અનેક કાર્યો એ ચાંદીના ટુકડા—જે રૂપિયા કહેવાય છે તે વડે બને છે, બગડે છે. ચાંદીના ચમકતા ટુકડાઓએ જ બદનસિંહનાં સાસરિયાંને અતિથિની સાથે વિશ્વાસઘાત કરવા પ્રેર્યાં. દવામાં તેજ શરાબ ભેળવવામાં આવ્યો; મોહનલાલ બેહોશ થઇ ગયો. અને જ્યારે ભાન આવ્યું ત્યારે તેણે પોતાને પોલિસની હવાલતમાં બેવડી હાથકડી ને બેડીઓથી જકડાએલો જોયો. બહાર પાંચ સશસ્ત્ર સિપાઇઓ પહેરો ભરી રહ્યા હતા.

મૅજીસ્ટ્રેટની અદાલત ખીચોખીચ ભરાઇ ગઈ હતી. કણુ નાખવાનું ગે(અનુસંધાન પાછળ પૃ ૪૮૭મે)

કોષ

મનુષ્ય કે પ્રાણીઓનું શરીર જેમ કોષોનું બનેલું છે તેમ વનસ્પતિશરીર પણ કોષોનું બનેલું છે. એક પાનમાંથી જૂજ જેવા ભાગને આપણે કાપીને સંયુક્ત સૂક્ષ્મદર્શકયંત્ર (Compound microscope)વડે જોઇશું તો તેમાં મધપુડા કે પેટી જેવાં અસંખ્ય ખાણા જણાશે. આ ખાણા તે કોષો (Cells).

પ્રત્યેક કોષની આસપાસ કોષભિત્તિ (Cell-wall) આવેલી હોય છે. આ કોષભિત્તિની અંદર ચેતનદ્રવ્ય (પ્રૉટોપ્લાઝમ Protoplasm) રહેલું છે. કેટલાક અતિ નાના છોડવા એક કોષના બનેલા જણાય છે જ્યારે પ્રચંડ વૃક્ષો અનેક કોષોનાં બનેલા જણાય છે. છોડ કે પ્રાણીનું ઇંડું એકજ કોષનું બનેલું હોય છે પણ પછીથી તે એકમાંથી બે, બેમાંથી ચાર એમ વિભાજિત થઇને અનેક કોષમય બનેલું જણાય છે. અતિ વિકાસ પામેલા છોડોમાં અને પ્રાણીઓમાં કોષો અમુક જ પ્રકારનું કાર્ય કરનારા થયા જણાય છે. લીલા છોડવાઓમાં જ કેટલાક કોષો પાણીનું શોષણ કરનારા, બીજા કેટલાક પાણીનું વહન કરનારા અને બીજા વળી કાર્બન ડાયૉકસાઇડ અને પાણીમાંથી ખાંડ બનાવવાનું કાર્ય કરનારા હોય છે.

કોષભિત્તિ


કોષની દિવાલોથી છોડ અમુક જાતનો આકાર ધરી શકે છે. જો આ દિવાલો ન હોત તો ચેતનદ્રવ્ય પ્રવાહી કે અર્ધપ્રવાહી હોવાને લીધે કોષમાં રહી શકત જ નહિ અને જમીન પર ઢોળાઇ જાત. કાષ્ટનો વચલો સાર ભાગ (Heart wood) મોટે ભાગે મૃતકોષોની જાડી કોષભિત્તિઓનો જ બનેલો હોય છે. એક લાકડાનો કકડો સૂક્ષ્મદર્શકયંત્ર વડે જોવાથી પ્રત્યેક કોષોની દિવાલો ઠીક ઠીક જણાય છે. કોષની દિવાલો કાષ્ટક (Cellulose)ની બનેલી હોય છે. કાષ્ટક [$(C_6 H_{10} O_5)n$=સેલ્યુલોઝ] કઠિન અને રંગહીન હોય છે પાણી તે શોષી શકે છે પરંતુ પોતે પાણીમાં અદ્રાવ્ય છે. રૂ અને ફિલ્ટર પેપર એ કાષ્ટકના સારા નમૂના છે. કુદરતે કોષની દિવાલો કાષ્ટકની બનાવેલી છે તેની પાછળ રહસ્ય છે. કાષ્ટક કઠિન અને મજબૂત છે અને પાણી તેમાંથી પસાર થઇ શકે છે. એનાં કાઠિન્ય અને દૃઢતાને લીધે કોષની દિવાલો કઠિન અને મજબૂત રહી શકે છે. વનસ્પતિ કોષોનું જીવન પાણી પર નિર્ભર છે. પાણી એ વનસ્પતિ કોષોનું સૌથી અગત્યનું અંગ છે. કોષની દિવાલોમાંથી પાણીની આવજાવ તો થવી જ જોઇએ અને કાષ્ટકને લીધે આ કામ સહેલાઇથી પાર પાડી શકાય છે.

૬ કારબન, ૧૦ હાઇડ્રોજન, ૫ ઑકિસજન–એવા પ્રમાણમાં ત્રણેનાં પરમાણુઓ ગોઠવાઇ ને સંયોગ થવાથી મોટો અણુ બને છે તે કાષ્ટક કહેવાય છે. આવાં હજારો અણુઓ મળીને રૂનો એક તાંતણો બન્યો હોય છે. કાષ્ટક એ કર્બોદિત વર્ગનું યૌગિક છે. એમાં નત્રિલ (પ્રોટિન) નથી. ઊન અને રેશમમાં નત્રિલ છે જ્યારે રૂમાં નત્રિલ મુદ્દલ નથી. રૂ એ કેવળ કર્બોદિત છે. આ જમાનામાં કાષ્ટકની અનેક ચીજો બનાવવામાં આવે છે.


કોષભિત્તિની પાસે જે આદિદ્રવ્ય (સાઇટોપ્લાઝમ)નો ભાગ આવેલો હોય છે તેને દ્રવ્યકલા (Plasma membrane) કહેવામાં આવે છે. બાહ્ય દ્રવ્યકલાને ectoplast કહેવામાં આવે છે, જ્યારે આંતર દ્રવ્યકલાને tonoplast કહેવામાં આવે છે. ચિદણુ (ન્યુકિલયસ)નો બહારનો ભાગ તે ચિદણુ કલા (nucleolar membrane), આમ વિવિધ કલાઓ(membranes)નાં નામો પાડવામાં આવેલાં છે.

કોષની દિવાલો, તેની કલાઓ, ચિદણુ, ચિદણુક, રસસ્થાનો, પિષ્ટ કણો, નત્રિલ કણો, સ્ફટિક કણો (ક્રીસ્ટલ્સ), તૈલબિંદુઓ, રંગકણો–આ બધું કોષમાં હોય છે. આ બધાના સમૂહને અંગ્રેજીમાં Inclusions (ઇન્કલ્યુઝન્સ=આદિદ્રવ્યાન્તર્ગત સમૂહ) કહેવાય છે.

જે કોષો અમુક જ પ્રકારનું કાર્ય કરવા ટેવાએલા



હોય છે તેની દિવાલોમાં કાષ્ટક ઉપરાંત અનેક જાતનાં પદાર્થો હોય છે. તેમાં ઘણી વખત લિગ્નીન (Lignin or Lignine) નામનો પદાર્થ રહેલો જણાય છે. આ જાતના કોષોને દઢતોત્પાદક કોષો (Lignified cells) કહેવામાં આવે છે. આ દઢતોત્પાદક પદાર્થ (લિગ્નીન)માં થઈને પાણી આવજાવ કરી શકે છે એટલે દિવાલોને દઢતા આપવા છતાં ય પાણીનો રસ્તો તો ખુલ્લો જ રહે છે. આ દઢતોત્પાદક પદાર્થ (લિગ્નીન) પાણી અને ઇથરમાં અદ્રાવ્ય છે, આલ્કોહૉલ અને ક્ષારોમાં દ્રાવ્ય છે. રાસાયણિક ક્રિયાથી કાષ્ટકને દૂર કર્યા પછી આ પદાર્થ હાથ આવે છે.



કોષ અને કોષ સમૂહોની ગોઠવણ બતાવતો રબરના છોડના પાનનો આડો કાપેલો ભાગ

કેટલાક કોષો છોડની બહારના ભાગમાં આવેલા હોઇ બહારની સૂકી હવાની અસરથી બચવા તેમની બહારની બાજુ મીણ જેવા પડ (cutin)વાળી હોય છે. આવી કોષ દિવાલોમાંથી પાણી જલદીથી પસાર થઇ શકતું નથી. પરિણામે દિવાલો પાણીને ઊડી જતું અટકાવવાનું કાર્ય કરે છે. આ મીણ જેવા પડ (કયુટિન)ને અંગ્રેજીમાં કયુટિકલ કહે છે. આપણે એને મીણપડ કહીશું. છોડની દાંડી ઉપર કૉર્ક નામના કોષો આવેલા હોય છે અને તે છોડનું રક્ષણ કરવામાં સહાયભૂત થાય છે. આ કૉર્ક કોષોની દિવાલોમાં પણ મીણ જેવું વૉટરપ્રૂફ અસ્તર(suberin) હોય છે અને તે પણ પાણીને બહાર ઊડી જતાં અટકાવવાનું કાર્ય કરે છે.


કેટલાક કોષો કોષભિત્તિઓ વિના પણ જીવી શકે છે. કેટલાક સાદા છોડવાઓમાં કેટલીક વખતે કોષમાંથી ચેતનદ્રવ્ય (પ્રૉટોપ્લાઝમ) છૂટું પડી જાય છે અને બીજી કોષ-દિવાલોની આજુબાજુ ફરી વળે છે.

પ્રાણીઓના કોષો વનસ્પતિના કોષો જેવા સખ્ત હોતા નથી અને આ જ કારણથી પશુઓનાં માંસ મૃદુ હોય છે. પશુઓનાં હાડકાં ખૂબ વધેલાં હોવાને લીધે તેઓ કદમાં ખૂબ મોટાં જણાય છે, પરંતુ આ કદ કોષ-દિવાલોની જાડાઇને આભારી નથી હોતું.


બે પાસેપાસેની કોષ-દિવાલો વચ્ચે એક પાતળું પડ (middle lamella) આવેલું હોય છે આ બારીક પડ બંને દિવાલોને સારી રીતે જકડી રાખે છે. આ વચલું બારીક પડ મુખ્યત્વે પેકટોઝ(pectose) અથવા કૅલ્સિયમ્ પેકટેટ (Calcium pectete)નું બનેલું હોય છે. ઘણાંખરાં ફળો પાકતાં મૃદુ થાય છે તેનું કારણ પેકટોઝનું પેકટીક ઍસિડમાં રૂપાંતર થઇ જવું તે તથા વચલા બારીક પડનું છૂટું પડી જવું (disintegration) એ હોય છે.


કોષની દિવાલોમાં પ્રૉટોપ્લાઝમ (ચેતનદ્રવ્ય) રહેલું હોય છે. આ ચેતનદ્રવ્ય પ્રવાહી પદાર્થ છે. ચેતનદ્રવ્ય રંગહીન હોય છે પરંતુ સૂક્ષ્મદર્શક યંત્રથી જોઇએ છીએ ત્યારે જે પ્રકાશથી આપણે જોઇએ તેવા રંગનું તે જણાય છે. આનો રંગ રાખોડી, પડતો સફેદ કે સહેજ પીળાશ લેતો હોય છે. ખોરાકના બારીક કણો એમાં તરતા જણાય છે. મોટે ભાગે તે પારદર્શક છે. ચેતનદ્રવ્યમાં અસંખ્ય સૂક્ષ્મ રજકણો જણાય છે અને ઘણું કરી તે આહારના સૂક્ષ્મ કણો છે.

ચેતનદ્રવ્ય અનેક દ્રવ્યોનું અદ્ભુત મિશ્રણ છે. એમાં ૯૦ ટકા પાણી હોય છે. બીજમાં પાણીનો ભાગ બહુ ઓછો હોય છે એટલે એનું ચેતનદ્રવ્ય પ્રમાણમાં કઠિન બનેલું હોય છે પરંતુ આવા કેસોમાં ચેતનદ્રવ્ય જેટલું વેગવતું – ગતિમાન હોવું જોઇએ તેટલું નથી હોતું, જ્યારે એમાં પાણી ભળે છે





સ્પાયરોજીરા નામની મીઠા પાણીની જલવનસ્પતિ–લીલ (algae)ના એક તારમાંનો કોષ











સ્ફટિકકણો (સોયના આકારના) વિશેષ સમજણ માટે છેડેની ચિત્રનોંધ જુઓ

ત્યારે જ ગતિમાન થાય છે. પાણીથી બીજે નંબરે ચેતનદ્રવ્યમાં નત્રિલ (proteins) છે. ચેતનદ્રવ્યમાં નત્રિલનું હોવું એ ખૂબ જ જરૂરી છે અને આથી તો ચેતનદ્રવ્ય—ખરી રીતે પાણીમાં ભળી ગએલ નત્રિલ તરીકે જ ઓળખાય છે. નત્રિલ પણ વિચિત્ર રાસાયણિક યૌગિક પદાર્થોથી બનેલાં છે. તેમાં કાર્બન, ઑક્સિજન, હાઇડ્રોજન, નાઇટ્રોજન, ગંધક અને ફૉસ્ફરસ વગેરે તત્ત્વો છે. આમાંથી છેલ્લાં બે તત્ત્વો (ગંધક અને ફૉસ્ફરસ) તો ચેતનદ્રવ્યના નત્રિલમાં હમેશાં જ જોવામાં આવે છે. ચેતનદ્રવ્યમાં અનેક જાતનાં વિવિધ પ્રકારનાં નત્રિલો છે. આ સિવાય ચેતનદ્રવ્યમાં સ્નેહો(fats)અને કર્બોદિતો(સાકર વગેરે) ઉપરાંત અનેક જાતના ખનિજ ક્ષારો પણ જણાય છે.

આહાર અણુઓમાં માલમ પડે છે એમ ઉપર કહેવામાં આવ્યું પરંતુ એ ચેતનદ્રવ્યમાં colloidal stateમાં નીચે જામેલાં નહિ કે ઉપર તરતાં નહિ પરંતુ અદ્ધર રહેલાં હોય છે. આ સ્થિતિમાં રહેલ કણો (the parlicles of colloids) માં પાણીને શોષવાની અને ધારણ કરી રાખવાની અદ્ભુત શકિત હોય છે. આ શકિતને અંગ્રેજીમાં Hydration કહેવામાં આવે છે અને જે કૉલોઇડે પાણી ખૂબ શોષ્યું હોય છે તે Hydrated Colloid તરીકે ઓળખાય છે. જીલેટીન એ કૉલોઇડનો સરસ નમૂનો છે. જીલેટીનના બે ભાગ ૯૮ ભાગ પાણીને ધારણ કરી શકે છે. ચેતનદ્રવ્યના કૉલોઇડમાં પાણીને ખેંચવાની અને ધારણ કરી રાખવાની સારી શક્તિ છે. ભિન્ન ભિન્ન અવસરે એમાં ફેરફાર થતા જોવામાં આવે છે.

ચેતનદ્રવ્ય બે ભાગમાં વિભાજિત થએલું છે. એક ન્યૂકલીયસ (ચિદણુ) અને બીજું સાઇટોપ્લાઝમ (આદિદ્રવ્ય). ચિદણુ એ ઘણું ખરૂં ગોળાકાર અવયવ છે જ્યારે આદિદ્રવ્ય એ ચિદણુની બહાર રહેલું સજીવ તત્ત્વ છે. ચિદણુ એ કોષનો અતિ અગત્યનો ભાગ છે. આ ચિદણુ જ છોડના આનુવંશિક સંસ્કારો અને ગુણો નક્કી કરવામાં આગળ પડતો ભાગ ભજવે છે. ચિદણુકો (nucleolii) ચિદણુમાં આવેલાં હોય છે. ચિદણુની રચના તેમ જ તેનું વિભાજન બંને અદ્ભુત છે. વિદ્વાનોએ ચિદણુની રચના અથવા ગઠન અને તેના વિભજન ઉપર ખૂબ સારો પ્રકાશ નાખ્યો છે, પરંતુ આપણા માટે આટલું જ્ઞાન બસ થશે.

(ચાલુ) બાપાલાલ ગ. વૈદ્ય

ચિત્રનોંધ: પૃષ્ઠ ૪૯૯ બીજી હારમાં ડાબી બાજુ: દીવેલી (Ricinus communis)ના બીયાંના મગજ (Endosperm)ના એક કોષમાં નત્રિલ બિંદુ ને નત્રિલ કણો; જમણી બાજુ: ઘઉંનો અપક્વ ગર્ભ (Embryo) કોષોનો ક્રમિક વિકાસ બહુ અચ્છી રીતે બતાવે છે. ત્રીજી હારમાં ડાબી બાજુ: જુગલાન્સ નીગ્રા નામના અમેરિકન ઝાડના થડમાંના એક કોષમાં સાદો સ્ફટિક કણ (crystal); જમણી બાજુ: ચીલ (કીનોપોડીઅમ આલ્બમ Chenopodium album)ની ડાંડીમાંના એક કોષમાં પાસાદાર સ્ફટિક કણ (Druse); સૌથી નીચે: અમેરિકન કેતકી (Agave Americana)ના પાનમાંના એક ખૂબ લાંબા થએલા કોષમાં સોયના આકારના સ્ફટિક કણોના જુથ.

આપણી નજરે

● સરહદ પ્રાંતમાં ચારસદ્દા નજીક સર ડેરી પાસે મોહેંજો ડેરોની પ્રાચીન સંસ્કૃતિથી યે પૂર્વના ઇતિહાસ પર પ્રકાશ પાડે એવું અગત્યનું ખોદકામ ચાલી રહ્યું છે. આજથી ત્રણેક વર્ષ પર કર્નલ ગૉર્ડનને એ પ્રદેશોમાંથી કેટલીક પ્રાગૈતિહાસિક કાળની પાકી માટીની (ટેરાકોટા) મૂર્તિઓ મળી આવેલી તે પરથી આપણા દેશના સ્થાપત્યખાતાના ડીરેકટર જનરલ શ્રી કે. એન. દીક્ષિતે આ પ્રવૃત્તિ ઉપાડી લીધી છે ને તા. ૨૭મી ઑકટોબરે પોતાની ટુકડી સહિત ત્યાં ઉપડી ગયા છે. એ ઉત્ખાત સામગ્રી એક બાજુએ સિંધુસંસ્કૃતિ (Chadiolithic culture)ના પૂર્વકાળ અને બીજી બાજુ નૉર્ડિક (આર્યન) જાતનાં યુરોપિયન અવશેષો પર પ્રકાશ પાડશે એમ મનાય છે. આર્યોના આક્રમણ પર પ્રકાશ પાડે એવી આ અત્યાર સુધીની પહેલી જ શોધ છે. એ પહેલાંની શોધોમાં મિસરી સંસ્કૃતિના તેલ-અલ-અમર્નાના ખોદકામમાંથી એનો થોડોઘણો ઉલ્લેખ મળે છે. દુનિયાભરના સ્થપતિઓ આ કારણે આ પ્રવૃત્તિ પ્રત્યે આશાની નજરે જોઇ રહ્યા છે. છેલ્લે છેલ્લે હિંદી સરકારની અનુજ્ઞાથી બેલ્જીઅન સ્થપતિ માદામ કૉબો પણ ત્યાં પહોંચ્યાં છે.

● 'ગૂડ અર્થ'ની વિખ્યાત લેખિકા મિસ પર્લ એસ. બકને આ સાલનું સાહિત્ય માટેનું નોબેલ ઇનામ આપવામાં આવ્યું છે.

● તુર્કીના પ્રમુખ કમાલ આતાતુર્કનું તા. ૧૦મી નવેમ્બરના રોજ અવસાન થયું છે. એના પછી પ્રમુખપદે એના સાથીદાર ને તુર્કીના પરદેશમંત્રી ઇસ્મત ઇનુનુ આવ્યા છે. રાષ્ટ્રપતિના આદેશ મુજબ હિંદ તા. ૧૯મી નવેમ્બરે 'કમાલદિન' ઊજવશે.

લેખકનાં આજ સુધીનાં સંસ્મરણોમાં એક અનેરૂં પ્રકરણ પૂરૂં પાડતી

આફ્રી સફર] **ધાડની રાત** [હપતા ૧૬

મહેનતના એક પૈસામાં રહેલી મિઠાશ હરામના હજારો રૂપિયામાં પણ નથી હોતી. પરિશ્રમના થાકમાં જે આરામ સમાએલો છે તેનો એશઆરામનાં સાધનોમાં સોમો અંશ પણ નથી હોતો.

બીજે દિવસે સવારે હું વહેલો ઊઠીને કામ પર પહોંચી ગયો. હું સંભાળ રાખતો કે સામાન્ય પ્રકારની ભાષાનો ઉપયોગ કરૂં અને મારી અસલિયત છુપાવી રાખું, તેમ તો મારી એ મહેનત રબ્બરના દડાને થપાટ મારીને દબાવી રાખવા જેવી બનતી. ગુજરાતમાં જેમ ગ્રામ્ય ભાષાને અશુદ્ધ અને ગમારપણાની નિશાની ગણે છે તેમ ઉત્તર હિંદમાં નથી. ત્યાં ભાષાના બે પ્રકાર જ ગણી લેવાયા છે. એક શુદ્ધ હિંદી, જે લખવા-વાંચવાની ભાષા ગણાય છે. બીજી ગામડી ભાષા. આ ભાષાનો ઉપયોગ સાહિત્યમાં નથી થતો. છતાં સારાસારા સાહિત્યકારો પણ ઘરમાં તો એ ગામડી ભાષા બોલતા હોય છે. સંયુક્ત પ્રાંત અને બિહારમાં લગભગ જિલ્લાવાર એ ભાષામાં કંઇક ફેરફાર હોય છે. ગોરખપુર જિલ્લાનો માણસ બનારસ જિલ્લામાં જાય તો તે ભાષા પરથી ઓળખાઇ જાય. બિહારમાં પણ તેમજ ગયા જિલ્લાની ભાષામાં તફાવત પડે છે. તેથી જ કહી શકાય કે હિંદી ભાષાની સંપૂર્ણ જાણકારી અસંભવ નહિ તો કઠિન તો છે જ.

હું ગામડી ભાષા સારી રીતે જાણતો હતો, પણ બનારસ જિલ્લાની. બનારસની ગામડી ભાષા ઘણી જ મીઠી ગણાય છે. મને તે ખૂબ ગમતી હતી. અહીં હું શુદ્ધ બોલી છોડતો કે બનારસી આવી જતી. મકાનમાલિક દેખરેખ રાખતો. તેણે મને પૂછ્યું: 'કા હો, બનારસ જિલ્લા તોહાર?' મારાથી ના કેમ કહેવાય? મેં હા કહી.

'લિખલ પડલ હૌવા કા?'

'ઐસી નાહીં; પઢલિખ સકીલા.'

'હમ હું બનારસ રહીલા. કોતવાલીમેં હમાર નૌકરી હો. તોહાર મકનવા કૌન મહલ્લવામેં હો?'

મકાનમાલિકે આ પૂછ્યું અને મારા હૃદયે એક થડકો ખાધો. મારી શી ગતિ થવાની હશે કે ખેંચાઇ ખેંચાઇને આવે સ્થાને પહોંચી જાઉં છું? મેં ટુંકાણમાં પતાવી તો દીધું, પણ માલિક સાહેબને બનારસીમાં બોલાવવાનો શોખ થઇ આવેલો ને હું ટોપલી ભરીને નીકળું કે તરત જ કંઇ ને કંઈ વાત કાઢે. પણ હું તો હાં હું કહીને જ વાત પતાવી દેતો.

સાંજે મજૂરીના પૈસા ગજવામાં નાખીને બજારે ચાલ્યો. વિચાર હતો કે આજ તો બ્રહ્મયોનિ ટેકરી પર ચાલ્યા જવું. ત્યાં શાંતિથી આરામ કરવો. રસ્તામાં મારા મિત્રે હાથ પકડ્યો. એને જોતાં જ મારી આંખો ભીની થઇ ગઇ: 'ભલા આદમી આ દશામાં તેં મને રખડાવ્યો?'

'કંઈ નહિ, ચૂપ થઇ જા. ચાલ હવે.'

'ક્યાં? તારે ઘેર? ત્યાં તો હું નહિ જ આવું. તારા પિતાએ મારી કફોડી સ્થિતિ કરી મૂકી.'

'ઘેર નથી જવું; સ્ટેશને જવું છે.' અમે સ્ટેશને ગયા. રાત ગાડીમાં ગાળી. ચાર વાગતાં ડાલ્ટનગંજ પહેલાંના એક સ્ટેશને ઊતરી ગયા. અમને કોઇ જોઇ ન જાય તે માટે ચાલીને ડાલ્ટનગંજ પહોંચ્યા.

ડાલ્ટનગંજ એ પલામઉ જિલ્લાનું શહેર છે. આપણે ત્યાં સરહદનો પ્રદેશ ગેરકાનૂની છે તેમ આ જિલ્લાનો ભીલપ્રદેશ પણ એવો જ છે. આખો દિવસ એક સાથીના ઘરમાં અંધારે વીતાવ્યો. ઘરવાળા ભાઇ વાણિયા હતા. પતિપત્ની બે જ હતાં. બાજુના ખંડમાં તેમને મેં ધીમેથી વાત કરતાં સાંભળ્યાં.

પતિ: 'હું તો કહી દઈશ કે ભાઇ, બીજું જે કંઇ કહો તે કરવા તૈયાર છું. પણ મારા ઘરમાં કોઇ નહિ.'

પત્ની: 'તમે ગભરાયા છો તો પછી એ દળમાં જોડાયા જ કેમ?'

પતિ: 'એથી નથી ડરતો. મારૂં ગમે તે થાઓ. પણ આજ પોલિસ આવે અને આ લોકો ઘરમાંથી પકડાય તો સાથે તને યે હેરાન કરે. એ હું ન સહી શકું.'

પત્ની: 'હું યે ખુશીથી પકડાઇશ. હું ડરતી નથી. જ્યાં તમે ત્યાં હું.'

પતિ: 'આપણા કુળની એમાં શી ઇજ્જત? એ વાત હું નથી માનતો. બીજું બધું કરવા તૈયાર છું.'

પત્ની: 'જાઓ, જાઓ, કરવું તો પૂરેપૂરૂં નહિ.

તો નામ જ ન લેવું. હું છો સ્ત્રી રહી, પણ મરદનો બચ્ચો ભલે હારી જાય, હું ન હારું. આંગણે આવેલાને જતા રહેવાનું કહેવાય? વળી આ તો બિચારા દળના માણસ છે એને બીજું કોણ આશરો આપે?'

આ વાત સાંભળી હું વિચારમાં પડી ગયો. જે સ્ત્રી અભણ, અજ્ઞાન અને ચાર દીવાલો વચ્ચે હમેશાં ગોંધાઇ રહેનારી છે, તેનામાં આટલી સમજપૂર્વકની હિમ્મત ક્યાંથી? દેશપ્રેમનાં, ત્યાગનાં, ચારિત્ર્યનાં, વીરતાનાં કે વૈરાગ્યનાં એણે પુસ્તકો વાંચ્યાં નથી. નિશાળ કેવી હોય તેનું જ્ઞાન નથી. પુરુષોનો તો સંપર્ક જ નહિ. પડદામાં રહેનારા કુટુંબની બાઇ! ખરેખર તેનું નિર્દોષ અંતઃકરણ આ બધું કરી રહ્યું હતું.

રાત્રે બધું સૂમસામ બન્યું અને અંધકાર જામ્યો ત્યારે અમે ઘરમાંથી પાછલે રસ્તે થઇને ગામબહાર નીકળી ગયા. એક કલાક પછી પલામઉના વનમાં ઘૂસ્યા. કાળા સાલ્લા પર કાળાં ધાબાં ન જોઇ શકાય તેમ ઘોર અંધારી મેઘલીમાં ઝાડના કાળા આકારો મળી જતા હતા. ઊંચાઇ ચડવી પડતી ત્યારે જ જણાતું કે રસ્તો અમને ટેકરીઓ પર લઇ જાય છે.

મને થોડું અભિમાન હતું, કે મારા કોઇ પણ સાથી કરતાં વધારે ઝડપથી અને ઓછા થાકથી ચાલી શકું છું. પણ બે કલાક ચાલ્યા પછી મને લાગ્યું, કે આપણે એ અભિમાન આ વનમાં જ રખડતું મૂકી દેવું પડશે. જોડા હાથમાં લઇ લેવા પડ્યા. ઊંચી નીચી, કાંકરાવાળી કેડીઓમાં ચાલતાં જોડા પગને જકડી બેઠા હોય તેમ લાગતું હતું. મોકળે પગે ચાલવામાં સ્ફૂર્તિ તકલિફના રૂપમાં બદલાઇ ગઇ. કાંકરા વાગીવાગીને પગનાં તળિયાં દુખવા લાગ્યાં. ઠોકરો ખાઇખાઇને આંગળીઓ ઢીલી થઇ ગઇ. શરૂ શરૂમાં ઉત્સાહથી સૌની આગળ રહેવાનો પ્રયત્ન કરતો હું હવે સૌની પાછળ પડતો ગયો. ખરેખર શક્તિ સર્વવ્યાપી નથી, ક્ષેત્રવ્યાપી છે. જ્યાં એને લગાડો ત્યાં એ સફળતાને ખેંચી લાવે.

રાતના બે વાગ્યે અમે એક ગામ નજીક પહોંચ્યા. ભેંશને ગળે બાંધેલા ટોકરાના અવાજથી નક્કી થયું કે ગામ આવી ગયું છે. નિશ્ચિત સ્થાન અહીં શોધવાનું હતું. ઘોર અંધારામાં તે મળતું નહિ હોય એમ લાગ્યું. ભોમિયા મિત્રે અરધો કલાક ફાંફાં માર્યાં. એક સીટી જેવો તીણો અવાજ સંભળાયો. મિત્રે પણ ખુશી થતાં એવો જ અવાજ કર્યો. બે જણ કાળા ધાબળા ઓઢીને તદ્દન અમારી નજીક આવ્યા ત્યારે જ જાણી શકાયું. અંધારામાં કશું દેખાતું નહોતું. તેમણે 'ચાલો' કહ્યું અને અમે પાછળ ગયા. ઘાસ-ઝાંખરાં વચ્ચેથી રસ્તો કરતા એક નદી સમા નાળામાં ઊતરી પડ્યા.

'શા ખબર છે?' મિત્રે પેલા બેને પૂછ્યું.

'ઠીક છે.' તેમાંના એકે કહ્યું.

'ગામમાં હથિયાર કોની કોની પાસે છે?'

'બસ, એક ચોકીદાર જ છે. તે પેલા ગામ બહાર દરવાજામાં સૂઇ રહે છે.' પેલો બોલ્યો.

'તેને તો જતાંની સાથે જ દબાવી દઇશું?' મિત્રે કહ્યું.

હું તો સમજતો હતો કે અમે વનની સહેલ કરવા નીકળ્યા છીએ, પણ આ વાતચીતથી જણાયું કે કંઇક બીજો જ દાવ ખેલવાનો છે. મારું હૃદય થડક્યું. મેં પૂછ્યુઃ 'શું છે?'

મિત્રઃ 'આપણે ધાડ પાડવાની છે.'

હુંઃ 'ક્યાં?'

મિત્રઃ 'આ ગામમાં એક ધનિક વાણિયો છે. દસેક હજારની મિલકત હશે.'

હું વિચારમાં પડ્યો. ધર્મસંકટ આવી પડ્યું. આવા કામમાં મારે સાથ આપવો એ કોઇ રીતે વાજબી નહોતું લાગતું. હા, મને સિપાઇ થઇને દુશ્મનો સામે લડવાનો ખૂબ જ શોખ હતો. શિવાજીના જેવી લૂટો ચલાવવાનું મને ખૂબ ગમતું હતું. પણ તેને માટે સમય નથી આવ્યો એમ માનતો હતો. વળી અત્યાર સુધી ક્રાંતિકારી દળના નવલોહિયા યુવાનોએ લૂંટમાં સફળતા નહોતી મેળવી. પ્રકાર પણ ઠીક નહોતો. આવી લૂંટથી આર્થિક મુશ્કેલીઓ એવી ઊભી થતી, કે તેમાંથી બચવા બીજું કંઇ કામ જ કરી શકાતું નહિ. આ બીના ઉપર મેં ખૂબ વિચાર કર્યો હતો અને નિર્ણય ઉપર આવ્યો હતો, કે પૈસા ખાતર લૂંટ ચલાવવી યોગ્ય નથી. તેમાંથી ઘણાં બૂરાં પરિણામો જન્મ્યાં હતાં અને તેથી જ ઘણા યુવાનોની જિંદગી બરબાદ થઇ હતી.

મેં કહ્યું, 'ભાઇ, પૂરેપૂરો વિચાર કરીને જ કોઇ કામ કરવું જોઇએ. પાછળથી પસ્તાવું ન પડે.'

મારા કહેવાનો અર્થ ન સમજીને મિત્રે જવાબ

દીધો: 'બધી ગોઠવણ પાકી છે. પૈસા ક્યાં છે, તે પણ જોઈ લેવાયું છે. ગામમાં કોઇ સામે થાય એવું નથી.'

મેં કહ્યું: 'હું તે નથી કહેતો. મારૂં કહેવું એ છે, કે આ લૂટ કરવી યોગ્ય છે?'

મિત્ર: 'આપણે એ વિચાર જ ન કરવો જોઇએ. કર્મ કરવાનું છે. ફળ ભગવાનને હાથે.'

મેં કહ્યું: 'એ ન ચાલે. વિચારવાનું તો આપણે જ છે. વગર વિચારે કંઈ જ ન કરવું જોઇએ. લૂંટોનાં પરિણામો આપણી સામે છે. એ ઉપરથી આપણે કંઈક શીખવું જોઇએ.'

મિત્ર કહે: 'તું શું કહે છે?'

મેં કહ્યું: 'હું ના કહું છું. આ લૂંટ બંધ રાખો. તમારી બધી શક્તિ વેડફાઇ જશે. પસ્તાશો. દુઃખી થશો અને રીબાશો. આવું પરિણામ મૂકીને ખરાબ ઉદાહરણ શા માટે પેદા કરો છો? આજ પહેલાં થએલી બધી લૂંટોનો વિચાર કરો. શા પરિણામ આવ્યાં છે?'

મિત્ર: 'તો આપણે કામ જ ન કરવું, એમને?'

મેં કહ્યું: 'કામ કરવાની મનાઇ જ ક્યાં છે?'

મિત્ર: 'લૂંટ વિના પૈસા ક્યાંથી મળે તેમ છે?'

મેં કહ્યું: 'તો પછી એ લૂંટોના પૈસા ક્યાં સુધી ચાલશે? લોકો તમને ન આપે અને તમારી મદદ ન કરે તો એવા લોકો માટે તમારી જિંદગી શા માટે વેડફો છો? સડવા દો એમને ગુલામીમાં. સાચું તો એ છે કે પરિસ્થિતિ લૂંટ માટે યોગ્ય નથી. તમે બીજો જ રસ્તો લ્યો. ધીરજ અને શાંતિથી કામ લો. એક લૂંટમાં તમને દસ હજાર રૂપિયા મળ્યા. એ દસ હજારનાં તમે હથિયાર લીધાં. એ હથિયારો પકડે તેટલાં માણસો જ તમને મળે તેમ નથી. છતાં મળી ગયાં; તો શું તેટલાથી તમે લડાઇ લડી શકવાના? તેથી તમે સરકારી અમલદારોનાં ખૂન કરી શકો પણ એ કંઈ તમારો ઉદ્દેશ નથી. છૂટાંછવાયાં ખૂનો કરવાથી તમે સ્વતંત્રતા મેળવી શકવાના નથી. જ્યાં સુધી તમે દુશ્મનો સામે લશ્કર લઈને ખડા ન થઇ શકો ત્યાં સુધી હિંસાત્મક રસ્તે તમને સ્વાધીનતા મળે એવો સંભવ જ નથી. તો તમારે આ દૃષ્ટિએ વિચાર કરીને કંઇ પણ કામ કરવું જોઇએ. અધીરા થશો તો કંઇ પણ નહિ કરી શકો.'

એક મિત્ર બોલ્યો: 'આવી બધી ડહાપણભરી વાતોની આ વખતે જરૂર નથી. ગમે તે થાય આપણે તો આપણું કામ કરવાનું છે. એવું બધું વિચારવા બેસીએ તો કામ જ ન થાય. કરવું તે કરવું.'

ઘડી વાર હું ચૂપ રહ્યો તે દરમિયાન તો આ લોકોએ કામ થવું જ જોઇએ એવો ઠરાવ પાસ કરી દીધો. તેમને વધારે ઉત્સાહ તો શોખ પૂરો કરવાનો હતો. એની પાછળ સારાસારનો વિવેક નહોતો. કોઇ પણ હિસાબે આમને રોકવા, એવો મેં નિર્ણય કર્યો.

મેં કહ્યું: 'આજનું કામ તો બંધ રાખો. આપણે શાંતિથી બેસીએ અને ભવિષ્યનો કાર્યક્રમ વિચારી અને તે પ્રમાણે કામ કરવાનું શરૂ કરીએ. એક પછી એક પગથિયાં ચડીને જ ઉપલે માળે જવાય. તમે તો સીડી પણ ગોઠવી નથી અને મકાનની નજીકે ય નથી. દૂર ઊભા ઊભા આંખો મીંચીને સીડીનાં પગથિયાં ચડવા પગ ઊંચા કરીને કૂદકા મારો છો. એનું પરિણામ જ કંઇ નહિ. પહેલાં આંખ ખોલો. મકાન પાસે જાઓ, સીડી યોગ્ય જગોએ ગોઠવો. પગ ઉઠાવો અને ધીમેથી પગથિયાં ચડો. મારી તમને શુભ સલાહ છે, કે અત્યારે આ કામ બંધ રાખો.'

આ ચર્ચા લંબાઈ પડી. છેવટે તો ગરમાગરમ વાતો ચાલી. મારાથી બને તે રીતે મેં વિરોધ કર્યો. મારો વિરોધ મક્કમ હતો. મિત્રોએ ચિડાઇને કામ બંધ રાખ્યું. પાંચ વાગી ગયા હતા. ઉત્સાહભંગ થતાં બે સાથી તો બેહાબેહા જ આંખો મીંચીને પડી ગયા.

દળના મુખ્ય યુવાન મિત્ર અને હું જાગતા જ રહ્યા. શાંતિથી મેં દલીલો સાથે તેમને કહ્યું. કાકોરીકાંડનું વિસ્તારથી વર્ણન કરીને તેમને સમજાવ્યા. કાકોરી ષડ્યંત્રના એક શહીદ સ્વ. રામપ્રસાદ 'બિસ્મિલ' ક્રાંતિકારીઓમાં પૂજ્ય સ્થાન ભોગવે છે. તેમણે તો લખેલી પોતાની આત્મકથા 'કાકોરીષડ્યંત્ર' ખૂબ પ્રસિદ્ધ છે. ક્રાંતિકારીઓની એ ગીતા મનાય છે. તે વાંચ્યા વિના કોઇ ક્રાંતિકારીનું જ્ઞાન અધૂરૂં ગણાય. 'બિસ્મિલે' તેમાં પોતાનો વિશાળ અનુભવ ઠાલવ્યો છે અને પોતાની જિંદગી નીચોવીને એમાંથી સત્ત્વ તારવ્યું છે. તેમાંથી ઉદાહરણો આપીને મેં મિત્રને સમજાવ્યો. તે શાંત થયો. ઊંઘવાનો પ્રયત્ન કર્યો પણ સૂરજનાં કેસરવરણાં કિરણોએ ઊંઘને ભગાડી મૂકી.

(ચાલુ) **જીવરામ જોષી**

આ મહિનો (નવેમ્બર) . . . અને એની પ્રતિભા

તા. ૧ ઇ. ૧૮૩૫ના આ મહિનાની પહેલી તારીખ હિંદુસ્તાનથી કદી નહિ ભૂલાય. બ્રહ્મદેશ સામેની લડાઇમાં બંગાળી સૈનિક ટુકડીઓને સરકાર તરફથી રંગૂન જવાનો હુકમ મળ્યો. સમુદ્ર પાર કરવામાં હિંદુઓ ધર્મહાનિ સમજતા હોઈ સૈનિકોએ તે માટે નામરજી દેખાડી. તરત જ તેમને ફરમાન મળ્યું, 'હુકમ માનો યા તો હથિયાર છોડી દો.' એ ફરમાન કરતી વખતે જ તેમની પાછળ આખી ગોરી ફોજ સંતાડી રાખવામાં આવેલી. ધર્મને નમતું આપી બંગાળી સિપાઇઓએ હથિયાર છોડ્યાં કે તરત જ ગોળીઓનો વરસાદ તેમના પર શરૂ થયો ને તલવારો ને સંગીનોથી તેમની કત્લ ચાલી. ઘણા સિપાઇઓ તેમાંથી બચવા ગંગાજીમાં કૂદી પડ્યા, પણ ડૂબીને મરી ગયા. જેટલા પકડાયા તેમના પર કેસ ચાલ્યો ને ફાંસીએ લટકાવી દેવામાં આવ્યા. નવાઇની વાત તો એ છે કે 'કાળી કોટડી'ના ખોટા આક્ષેપને લઇને સિરાજુદ્દૌલા પર ધિક્કારનો વરસાદ વરસાવનારા ઇતિહાસગ્રંથોમાં આ બાબતનો ઇશારો સુદ્ધાં નથી.

તા. ૮ અફઘાનિસ્તાનના અમીર નાદિરશાહનું એક વિદ્યાર્થીએ ખૂન કર્યું (ઇ. ૧૯૩૩).

તા. ૧૧ કથકલી નૃત્યના પુનરુદ્ધારક કેરલકોકિલ કવિ વલ્લથોલનો જન્મ (ઇ. ૧૮૭૮).

તા. ૧૫ અંગ્રેજ ચિત્રકાર જ્યૉર્જ રૉમનીનું અવસાન (ઈ. ૧૮૦૨).

તા. ૧૭ સુએઝની નહેરમાંથી પહેલું જહાજ પસાર થયું (ઇ ૧૮૬૯).

તા. ૨૪ જેમ્સ ટાસ્માને ટાસ્માનિયા શોધ્યું (ઇ. ૧૬૪૨). * * ફ્રાન્સની વિચારક્રાંતિના જનક વૉલતેરનો પારિસ મુકામે જન્મ (ઇ. ૧૬૯૪).

તા. ૩૦ પ્રખ્યાત અમેરિકન નવલકથાકાર માર્ક ટ્વેઈનનો ફ્લોરિડા મુકામે જન્મ (ઇ. ૧૮૩૫).



આ માસની વિભૂતિ

વલ્લાથોલ નારાયણ મેનન

વીસમી સદીના પ્રભાતે સ્વરાજ અને ખાદી પ્રવૃત્તિ તથા સ્વદેશી હીલચાલ ને સત્યાગ્રહ વડે જેમ પાશ્ચાત્ય મોહિનીમાં ખેંચાતા ભારતવર્ષની રાષ્ટ્રીય અસ્મિતાને ઢંઢોળી તેમ એ અસ્મિતાની પૂર્વપિછાન માટે પણ તિતીક્ષા જન્માવી. શ્રી વલ્લાથોલ એ તિતીક્ષા કાળની જ એક વિભૂતિ છે, જેમની જયંતી ૧૧મી નવેમ્બરના રોજ આખા કેરલે ઉજવી.

વલ્લથોલ જન્મજાત કવિ છે. અંગ્રેજીનો એ કક્કો યે નથી શીખ્યા. પરંતુ સંસ્કૃતભક્ત પંડિત કુટુંબમાંથી ઊતરી આવેલા હોઈ કાલિદાસ ને વાલ્મીકિની રચનાઓનું બાલ્યકાળથી જ એમણે આકંઠ પાન કરેલું ને કિશોર વયથી જ સંસ્કૃત ને મલયલમ્માં કવિતાઓ લખવા માંડેલી. પછી તો મિલ્ટન જેવી અનુરક્તિથી એ એ કલા પાછળ જ પડ્યા ને સૌ પહેલી એમણે રામાયણની રચના કરી, જે હિન્દીમાં તુલસીકૃત ને તામિલમાં કંબરકૃત રામાયણ જેટલું જ મલયલમ્માં મહત્ત્વનું પદ ભોગવે છે.

ત્યાર બાદ થોડો વખત તે ત્રિચૂર મુકામે જઈ રહ્યા ને ત્યાંથી 'કેરલોદયમ્' ને 'આત્મપોષિની' એ બે પત્રો બહાર પાડવા માંડ્યાં. જનસાધારણને દુર્ગમ એવું જુદાજુદા પુરાણોનું કાવ્યમય ભાષાંતર આપી એમણે એ અર્ધવિસ્મૃત સાહિત્યની દુનિયા હરિજનો ને શૂદ્રોના ઘરમાં પણ જીવતી જાગતી કરી.

પત્રકારત્વના આરંભમાં જ અકસ્માત્વશાત્ તે બહેરા થઇ ગયા, પણ એનો જરા યે રંજ લાવ્યા વિના એ તો એને આશીર્વાદ જ ગણે છે. કીટ્સે લખ્યું છે 'Heard melodies are sweet, but those unheard are sweeter', તેમ એ યે કહે છે કે 'એ આપત્તિએ તો મને મૌનના સંગીતનો આનંદ લેતો કર્યો છે.'

છતાં એ આપત્તિનું કારુણ્ય એમણે 'બધિરવિલાપ'માં ઠાલવ્યું છે. એ અરસાની બીજી કૃતિઓ 'બંધનાસ્થાનાય અનિરુદ્ધન્' ને 'વિલાસલતિકા'.

એવામાં મહાયુદ્ધ આવી પહોંચ્યું ને એની વિનાશકતાએ ભૂતકાળની કલ્પનાઓમાં રાચતા આ કવિને નક્કર વાસ્તવિકતા વચ્ચે મૂકી દીધા. ને 'મારો અનુપકાર' તથા 'માતૃવન્દનમ્' એમણે લખી નાખ્યાં. એમની કવિતા હવે પારલૌકિક મટી ગઈ. ઇહ લોક ને ઇહ જીવનનાં સ્તરો પર તેમની કલમ રમવા માંડી.

પછી તો ગાંધીજીના યુગવર્તી પ્રવાહમાં અનેકો જેમ એ યે પૂર્ણભક્તિથી ભળી ગયા ને એમને અંજલિ રૂપે 'એંટેગુરુનાથન્ (મારા ગુરુ)' નામનું કાવ્ય લખ્યું. વાઇકોમ સત્યાગ્રહ વખતે ગાંધીજીની મલબારની મુલાકાત વખતે એમની સાથોસાથ એ રખડ્યા હતા.

અને છેલ્લે છેલ્લે 'કથકલી'ના પુનરુદ્ધારની પ્રવૃત્તિથી તો તેઓ આંતરરાષ્ટ્રીય ખ્યાતિમાં આવ્યા છે. માત્ર નૃત્ય અને અભિનય દ્વારા મૂકપણે કથાસ્ફોટ કરતા એ પ્રાચીન નૃત્યની એમની પાસેથી દીક્ષા પામી ગએલા ઉદયશંકર ને શંકરન્ નાંબુદ્રીએ એમને અને એમના સ્થાપેલા કેરલકલામંડળને આજે જગન્માન્ય બનાવ્યાં છે.



જીવનનું પરોઢ

ભાગ બીજો

પ્રકરણ ચૌદમું · ઉદ્યોગમૂઢ

બાપુજીને ઘેર હું જ્યાં સુધી જઇ વસ્યો ન હતો ત્યાં સુધી બપોરના ત્રણથી પાંચની વચ્ચે બધાની સાથે છાપખાને જવાનું મને ન મળતું. ઘેર રહી પિતાશ્રીના બતાવ્યા મુજબ વાંચતો ને પાઠો તૈયાર કરતો. છાપખાને જઇ કામ શીખવાની મને હોંશ થતી પણ આખો દિવસ એમ રખડપટ્ટીમાં બગડે ને ભણતર થાય નહિ એ પિતાશ્રીને રુચતું નહિ. પણ હવે તો હું રાજા હતો. એટલું જ નહિ, બાપુજીને ઘેર ગયા પછી છાપખાને જવાને હું બંધાએલો હતો. પરંતુ બાપુજીએ મારે માથેથી એ ફરજ ઉઠાવી લીધી હતી. તેમણે મને કહેલું કે 'સવારની ખેતીમાં તારે આવવું. નિશાળમાં પણ આવવું. પણ છાપખાનાના વખતમા તું તારે લાંબી ઊંઘ કાઢજે. ઊંઘી લીધા પછી વખત હોય અને તારી મોજ હોય તો છાપખાને આવજે.' બે ત્રણ દિવસ તો હું બપોરે ઊંઘ્યો પણ ઘણા દિવસ સુધી દાબી રાખેલી ઇચ્છા કાબૂમાં ન રહી. ચોથે દિવસથી જરા ઝોલું લીધું ન લીધું ને હું યે બીજાઓની પાછળ છાપખાને પહોંચવા લાગ્યો. બાપુજીએ મને 'ડિસિંગ' શરૂ કરાવ્યું.

છાપવા માટે દરેક અક્ષરનાં જુદાં જુદાં બીબાં સીસાના ઢાળેલા હોય છે. એક જગ્યાએ બેસી હાથ જેટલે દૂર પહોંચી શકે એટલાં લાબા પહોળાં બે ખોખાં અર્ધાં ઉઘાડેલા પુસ્તકની પેઠે અડોઅડ મૂકવામાં આવે છે. તેમાં સાઠ સિત્તેર નાનાં ખાનાં પાડી દરેક ખાનામાં સો બસો બીબા ભરવામાં આવે છે. ખાનાંની ગોઠવણી બારાખડીના ક્રમમાં નથી હોતી, પણ વધારે વપરાતા અક્ષરનાં ખાનાં હાથની વધુ પાસે હોય છે. જેમકે પહેલો અ, પછી ત, પછી ક, વગેરે. જોડાક્ષરો તો ઠેઠ ઉપરના ખાનામાં બહુ દૂર હોય છે. નવા શીખાઉને પહેલાં એ ખાનાં ગોખવાં પડે છે અને ગોખવાનું પૂરૂં થયા પછી 'ડિસિંગ' શીખવું પડે છે. 'ડિસિંગ' એ અંગ્રેજી 'ડિસ્ટ્રીબ્યૂટિંગ'નું ટૂંકું રૂપ છે. 'ડિસ્ટ્રીબ્યૂટ' કરવું એટલે છૂટા પાડવું. છાપવા માટે અક્ષરવાર બીબાં ગોઠવી શબ્દો ને વાક્યો રચ્યાં હોય તે છાપી લીધા બાદ અક્ષરે-અક્ષર છૂટા પાડવા પડે છે. બીબાં ગોઠવવા કરતાં યે છૂટા પાડવાની આ ક્રિયા વધુ કંટાળાભરેલી હોય છે. રૂ કપાસમાથી એકેએક પાંદડીને કાંટી વીણી કાઢવા જેવી કંટાળા ભરેલી પણ જરૂરી પણ એટલી જ. કારણ ખાનામાં બીબાંની ભરણી પછી જ ગોઠવણી થઇ શકે. ખાનાં ખાલી રહે, બીબાં જૂના લખાણથી ઘેરાએલાં રહે તો નવું કામ શી રીતે થાય?

કામનું મહત્ત્વ સમજવા છતાં મને 'બીબાંભરણી'-ના કામનો કંટાળો ન ગયો. એ કામમાંથી છૂટવાને અને બીજું કામ લેવાને મેં ઘણાં ફાંફાં માર્યાં પણ છાપખાનાનાં 'બીબાંકારીગરો'એ મારૂં કંઇ ચાલવા દીધું જ નહિ. તેમણે તો લાંબી લાંબી જૂની 'ગેલીઓ' મારી પાસે મૂકી દીધી. બીબાં છૂટાં પાડતાં મને મહિનાઓ વીતે તેમ હતું. કારીગરોએ મને ફરમાવ્યું કે 'આ બધાં છૂટાં નહિ કરી નાખ ત્યાં સુધી તને બીબાં ગોઠવવાનું મળશે જ નહિ. તને બધા ખાનાં મોઢે થઇ ગયાં છે એની અમને શી ખાતરી? બીજા બધા છોકરાઓ મારા પહેલાં આવેલા અને બધા બીબાં ગોઠવવાનું કામ કરતા થઈ ગએલા. દેવદાસ કાકા તો એ બધાના આવ્યા પહેલાં જ હોશિયાર થઇ ગએલા. તેમને રોજ 'ઇંડીયન ઓપીનિયન'ના મજાના લેખો ગોઠવતા હું જોતો. અને મને એવું રસભર્યું કામ ન મળવાથી મનમાં બળતો. વળી બીબાંકારીગરો જ્યારે મને ટોકતા અને કહેતા કે 'તને હજુ અમે બીબાં ગોઠવવાની છૂટ આપત પણ તારામાં ક્યાં દેવદાસ જેટલી ચાલાકી છે? તું તો ઠોઠ છે,' ત્યારે મારી બળતરામાં ઘી હોમાતું. આખું છાપખાનું મારી વિરુદ્ધ છે એમ મને લાગતું. બાપુજી જ્યારે વિદ્યાર્થીઓના કામની હાજરી માગતા ત્યારે બીબાંકારીગરો બીજા સૌની તારીફ કરતા; મારે વિષે કહેતા કે 'એ તો સાવ (અનુસંધાન આગળ પાન ૫૧૮ મે)

આવતી કાલની એકભાષા

બેઝિક ઈંગ્લિશ

અંગ્રેજી ન જાણનારાઓને
આશીર્વાદ રૂપ
વિસ્તૃત અંગ્રેજી ભાષાની
સહેલામાં સહેલી એ પ્રતિકૃતિનો સરળ તદબીરે આપી પરિચય કરાવતી લેખમાળા

લેખક • શ્રી હરિકૃષ્ણ વ્યાસ

હપતો ચોથો - ભાષાશૈલી

બેઝિકની વાક્યરચનામાં આવતાં મૂલભૂત તત્ત્વો આપણે આ પહેલાંનાં પ્રકરણોમાં જોઇ ગયા છીએ. અને એટલા જ્ઞાનની મદદથી બેઝિકમાં લખેલાં સાદાં વાક્યો સમજવાની શક્તિ શીખનારમાં આ પહેલાં આવી ગઇ હોવી જોઇએ. હવે આપણે બેઝિકની વાક્યરચનાનો વધુ ઊંડો અભ્યાસ કરીએ.

સાધારણ રીતે દરેક વાક્ય એકાદ ક્રિયા બતાવે છે. અને કરનાર વગર ક્રિયા થઇ શકતી ન હોવાથી એ ક્રિયાનો કરનાર વધુ મહત્ત્વને સ્થાને આવવો જોઇએ. આથી કોઇપણ વાક્યમાં પ્રથમ કર્તા અને પછી ક્રિયાપદ એ બે તત્ત્વો તો આવે છે જ. જેમકે I go. You may come. Do you see? વગેરે. અને એથી વધારાનાં કોઇ તત્ત્વો—જેવાં કે કર્મ, ક્રિયાવિશેષણ વગેરે—મૂકવાનાં હોય તો તે ગૌણ હોવાથી આ બંને પછી મહત્તાના અનુક્રમમાં આવે, એ પણ એવું જ સ્વાભાવિક લાગે છે. પણ એ વધારાનાં તત્ત્વોને વધુ ઝીણવટથી જોવાની જરૂર છે.

વાક્યરચના

અંગ્રેજી વાક્યરચનાને વ્યાકરણની દૃષ્ટિએ સમજવા માટે આપણે બહુ ઊંડા પાણીમાં ઊતરવું જોઇએ. પણ આ લેખમાળામાં તો આપણે 'પેગડે પગ ને બ્રહ્મઉપદેશ' જેવું કરવું છે. એટલે અંગ્રેજી ભાષાને તેના મર્મસ્થાને જ આપણે પકડવી જોઇએ. આ દૃષ્ટિએ જોતાં અંગ્રેજી વાક્યરચનાનું બધું રહસ્ય તેના નામયોગી (ગ્રૂપ 39 c માંના શબ્દો)માં જ સમાએલું છે. આપણી ભાષાથી અંગ્રેજીની વાક્યરચના જ્યાં જ્યાં જુદી પડતી દેખાય ત્યાં ત્યાં આ નામયોગીની એક જ ખાસિયત તેને માટે જવાબદાર હશે. એ કેવી રીતે બને છે તે આપણે જોઇએ.

ત્રીજા પ્રકરણમાં આપણે બધા નામયોગીઓ જોઇ ગયા છીએ. ત્યારે શીખનારે જોયું હશે કે ગુજરાતીમાં નામયોગી નામની પછી મૂકાય છે તેને બદલે અંગ્રેજીમાં તે નામની પૂર્વે આવે છે. જેમકે 'તમ**ને**=*to* you', 'ઇનામ **તરીકે**=*as* a reward' વગેરે. આપણી અને અંગ્રેજી ભાષાની વાક્યરચના વચ્ચેની ભિન્નતાનું આ પહેલું પગથિયું છે. આ સાદાં તત્ત્વની એવી સર્વદેશીય અસર થાય છે, કે જાણે એ બે ભાષાઓનું ચણતર પરસ્પરને અપરિચિત કોઇ નિયમોથી રચાતું હોય એવો આપણને ભાસ થાય. પણ વસ્તુતઃ તેમ નથી, તે આપણે હમણાં જોઇશું.

આપણે ઉદાહરણ તરીકે એક વાક્ય લઇએ: 'હું તમને આ ચોપડી ઇનામ તરીકે આપું છું.' એનો અંગ્રેજી અનુવાદ આમ થાય: 'I give this book to you as a prize.' સરખામણી કરતાં આ બંને વાક્યરચના પરસ્પરથી વિરુદ્ધ દેખાય છે છતાં બંનેમાં એક જ માનસશાસ્ત્રીય તત્ત્વ રહેલું છે. આ વસ્તુ સમજવા માટે આપણે શબ્દોના સંબંધ તપાસીએ. 'ઇનામ તરીકે' અને 'તમને' એ બંને શબ્દસમૂહોમાં અનુક્રમે 'તરીકે' અને 'ને' એ બંને પોતપોતાની સાથે જોડાએલા શબ્દોને 'આપવાની' ક્રિયા તરફ ખેંચી જવા માગે છે. બીજી ભાષામાં કહીએ તો 'ઇનામ' અને 'તમે' એ બે શબ્દોને 'આપવાની' ક્રિયા સાથે જોડવાની સાંકળનું કામ નામયોગી કરે છે. જેમકે 'તમ**ને** આપું', 'ઇનામ **તરીકે** આપું.' એટલે જો નામયોગી માટે આપણે ० આવી સંજ્ઞા ધારીએ અને તેની બે બાજુ આવેલા શબ્દો માટે — આવી સંજ્ઞા ધારીએ, તો એ આખું જોડાણ —०— આવા આકારનું બની જાય છે.

હવે અંગ્રેજીમાં વસ્તુસ્થિતિ તપાસીએ. અંગ્રેજીમાં નામયોગી નામની પૂર્વે મૂકાતો હોવાથી '*to*

you', *as* a reward' એ અર્ધું જોડાણ ૦—· આવા આકારનું છે. આથી જે ક્રિયા તરફ આ નામયોગી પોતાના શબ્દને ખેંચી જવા માગતો હોય તેનું સ્થાન નામયોગીની ડાબી બાજુ આવે છે. કેમકે તો જ —૦— આવા આકારનું તર્કબદ્ધ જોડાણ થાય અને એ જોડાણ એ જ વિચારની મૂલગત અનિવાર્યતા છે, વાક્યનું સ્વરૂપ નહિ. માટે જ 'give *to* you', 'give *as* a reward', એમ થયું. એટલું જ નહિ પણ બીજા પણ જે જે શબ્દો આવા સ્વરૂપના હોય તે બધા માટે આ જ કારણે ક્રિયાપદની પછીનું આસન મુકરર થયું. અને 'to you' એ કર્મના કુટુંબનો અને 'as a reward' સાથે લેતાં ક્રિયાવિશેષણના કુટુંબનો શબ્દસમૂહ છે. તેથી પરિણામ એ આવ્યું કે જે કર્મ કે ક્રિયાવિશેષણમાં દેખીતો નામયોગી ન આવતો હોય તે પણ કોઇ અદૃશ્ય નામયોગીનું ખેંચાણ થતું હોય તેમ—કદાચ ટેવના પ્રભાવે—ક્રિયાપદ પછીના આસને જ સ્વાભાવિકપણે ગોઠવાઇ જાય છે. આથી જ 'this book' એ શબ્દ પણ કર્મ હોવાથી 'give'ની પછી આવ્યો. આથી શીખનાર જોઇ શકશે કે આ આખી વાતમાં કર્મ કે ક્રિયાવિશેષણના સ્થાનનો નિયમ ગોખવા જેવું કાંઈ જ નથી. કેમકે ક્યારેક કાંઇ વિશેષ અસર ઉપજાવવા એમાંના કોઇને સ્થાનભ્રષ્ટ પણ કરવા પડે છે. (દા. ત. હવે પછી આપેલા એક નમૂનામાં 'From the earliest times'ને વધુ મહત્ત્વ આપવા વાક્યની શરૂઆતમાં મૂકેલો છે, જોકે ક્રમમાં તે 'Seeing' ની પાછળ ગમે ત્યાં આવવું જોઇએ.) ટૂંકામાં, થોડી સાદી સમજ, અને અંગ્રેજીમાં નામયોગી નામની પૂર્વે મૂકાય છે એ વાતનો સતત ખ્યાલ અંગ્રેજી વાક્યરચનાને આપોઆપ સરળ બનાવી દે છે.

હવે આમ જ સાદી સમજથી તોડ લાવી શકાય એવો એક બીજો પ્રશ્ન લઇએ. ઉપરના વાક્યમાં 'this book', 'to you' અને 'as a reward' એવાં ત્રણ તત્ત્વો ક્રિયાપદની પછી આવવા હક્કદાર છે એ ખરૂં. પણ તે બધાં 'as a reward this book to you' અથવા તો 'to you as a reward this book' એવા કોઇ ક્રમમાં શા માટે ન ગોઠવાયાં, અને અમુક ચોક્કસ ક્રમમાં ગોઠવાયાં, આ પ્રશ્ન સહેજે ઉદ્‌ભવશે.

આ પ્રશ્નનો જવાબ વધુ સ્પષ્ટપણે મેળવવા એક બીજું વાક્ય પસંદ કરીએ: 'તે સાંજે બાગમાં ફરવા ગયો.' આ વાક્યનો અંગ્રેજી તરજુમો આમ કરવાનું આપણે વધારે પસંદ કરીશું, 'He went for a walk to the garden in the evening' આ વાક્યમાં 'સાંજે' 'બાગમાં' અને 'ફરવા' એ ત્રણ શબ્દોનો ક્રમ અંગ્રેજીમાં જાણે અવળો થઇ ગયો લાગે છે. પણ એ અવળા ક્રમનું કારણ? ત્રણેને 'જવા' ની ક્રિયા સાથે સંબંધ છે. 'ફરવા' શબ્દને વધુ નજીકનો સંબંધ હોવાથી 'ગયો' શબ્દની તદ્દન લગોલગ આવ્યો છે. 'બાગમાં' શબ્દને તેથી દૂરનો અને 'સાંજે' શબ્દને તદ્દન શિથિલ સંબંધ હોવાથી તે તેનાથી ખૂબ દૂર બેઠો છે. અંગ્રેજીમાં આપણે આ સંબંધની તીવ્રતા તો એવી ને એવી જ રાખવી છે. આથી 'for a walk' ક્રિયાપદની નજીકમાં નજીક આવવાનુ પસંદ કરે, એ પછી 'to the garden'નો હક્ક આવે છે અને પછી 'in the evening' શબ્દસમૂહ જરા પણ અધીરાઇ વિના લટાર મારતો આવે છે.

આ બધા ઉપરથી આપણે એક વસ્તુ સ્પષ્ટ જોઇ શકીએ છીએ કે શબ્દોના ક્રમ કરતાં પણ શબ્દોનું સાન્નિધ્ય વધુ મહત્ત્વની વસ્તુ છે. અને તેથી બે શબ્દો વચ્ચે જેમ વધુ ઘનિષ્ટ સંબંધ હોય તેમ તે વધુ પાસે મુકાવા જોઇએ. આ વલણ આપણા વિચારની ધરેડમાં જ ઊંડું ઊતરી ગએલું છે. અને તે એટલે સુધી કે મંગળના ગ્રહમાં પણ જો બુદ્ધિની કોઇ ભાષા હશે તો તેમાં પણ સંબંધી વિચારોના અનિવાર્ય સાન્નિધ્યનું આ તત્ત્વ તો હશે જ.

આથી હવે પછી વાંચનારને અંગ્રેજી ભાષાની વિચિત્ર લાગતી કોઇ વાક્યરચનાનો નમૂનો વાંચવા મળે તો તેણે તેમાંથી નામયોગી જેટલા ભાગ માટે જવાબદાર હોય તે બાદ કર્યા પછી, વિચારની આ અનિવાર્યતા માટે અવકાશ રાખવો. એટલે તે જોઇ શકશે કે અંગ્રેજી ભાષા શીખવી એ હિંદી કે બંગાળી કરતાં વધુ અઘરૂં નથી.

સાદાં વાક્ય

ઉપર આપણે સાદાં વાક્યોની ચર્ચા કરી ગયા. હવે વાક્યના ચણતરનો વિકાસ તપાસીએ. અને એ

માટે એક નમૂનારૂપ વાક્ય લઇએ. 'Houses have drains = મકાનોમાં મોરીઓ હોય છે.' અને 'Houses are healthy = મકાનો તન્દુરસ્ત છે.' આ બે ઉપર ગણાવ્યાં તેવાં એક બીજાથી સ્વતંત્ર વાક્યો છે. એ બંનેમાં થોડા શબ્દો ઉમેરીને આવાં કરી શકાય: 'Some *houses* do n o *have drains*.' Such *houses are* not *healthy*.' આમાં મૂળ શબ્દો ત્રાંસા છાપેલા છે, અને વધારાના શબ્દો સાદા ટાઇપમાં છે. જોઇ શકાશે કે સાદા વાક્યનો કોઇ પણ શબ્દ પોતાની સાથે એકબે મહેમાનોને નોતરી શકે છે. અથવા કહો કે આ વધારાના શબ્દો કેડે તેડેલા બાળક જેવા હોવાથી તે વગર ટીકીટે પસાર થઈ શકે. માટે એમને માટે લાંબી ચર્ચામાં ઊતરવા આપણે જરૂર નથી.

પણ એક વસ્તુ આપણે જોવી પડશે. જ્યારે આ બંને વાક્ય સાથે જોડાઇને આવું વાક્ય ઉપજાવે: 'Some houses do not have drains, *but* such houses are not healthy', ત્યારે એ લાંબુ વાક્ય પ્રથમ શીખનારને પોતાના રૂઆબ-માં ઘડીભર દાબી દે. પણ જો આપણે આ વાક્યમાં 'but' ઉપર કાગળની કાપલી ચોડી દઇએ અને પછી પડેલા બે ટૂકડાને જુદાજુદા વાંચીએ તો તે તુરત સમજાશે. અને પછી વચ્ચે 'but' મૂકીને અર્થ કરીએ એટલે આખું વાક્ય સહેજે આવડી જશે. આ કાપલી-ની ટ્રિક લાગુ પાડી શકાય એવા બેઝિકમાં ફક્ત ૭ શબ્દો છે: and, because, but, or, though, if, while. આ શબ્દોને આપણે ઉભયાન્વયી અવ્યયો કહીએ છીએ, અને વાક્યોને લાંબાં કરવા-ની શક્તિ તેઓમાં જ છે. અને ક્યારેક when, where, how, why, who, which, what, that આ શબ્દો પણ આ કાપલીની ટ્રિકથી કાબૂ-માં આવી જાય છે. માટે આ પંદર શબ્દો મગજમાં સંઘરી રાખવા. કેમકે પછી કોઇ લાંબું વાક્ય હોય તો તેના ૦૦૦ ૦૦૦૦ ૦૦૦૦૦ આવા ભાગ પાડી શકાશે, જેમાં મોટા મીંડાની જગ્યા ઉપર ગણાવેલા શબ્દો લેશે. શીખનારને પ્રેક્ટીસ માટે આ નીચે એવાં થોડાં વાક્યો આપ્યાં છે. એમાં વાક્યોના ભાગ પાડવામાં દાબી દેવાના શબ્દો ત્રાંસા છાપ્યા છે. કોઇ કોઇ વાક્યોમાં એવા ત્રાંસા શબ્દ વાક્યની શરૂ-આતમાં આવતા હશે, પણ કુંડળીમાંના ગ્રહોની માફક તેઓની દૃષ્ટિ વાક્યમાંના એકાદ અલ્પવિરામ પર પડતી હશે. એટલેથી પૂરતી મદદ ન મળે ત્યાં બધાં વિરામચિહ્નો ઉપર ધ્યાન રાખવાથી અનુવાદ કરવો સહેલો પડશે:

1 *If* I put water in a kettle, *and* put the kettle on the fire, the water will get warm.
2 The fields are brown *and* the trees have no leaves, *and* we do not see any flowers.
3 Morning is the first part of the day, *and* night is the last part of the day.
4 *When* she gets fruit at the store, the store will send it to the house. But *when* she gets it at the market, the man there puts it in a bag, *and* she takes it with her. *If* she gets cheese, he puts it in a paper, *and* makes a parcel with cord; *but* sometimes the cord comes off *or* gets broken, *and* the cheese goes on the road. Then she has a serious face.

(ભાવાર્થ: ૧. જો હું કીટલીમાં પાણી નાખું, અને કીટલીને અગ્નિ પર મૂકું, તો પાણી ગરમ થશે. ૨. ખેતરો સુક્કાં પડી ગયાં છે અને વૃક્ષો પર પાંદડાં નથી, અને આપણે એક પણ ફૂલ જોતા નથી. ૩. સવાર એ દિવસનો પહેલો ભાગ છે, અને રાત એ દિવસ-નો છેલ્લો ભાગ છે. ૪. જ્યારે તે સ્ટોરમાંથી ફળો ખરીદે છે, ત્યારે સ્ટોરવાળા તેને ઘેર મોકલી આપે છે પણ જો તે બજારમાંથી ખરીદે તો તે વેચનાર તેને કોથળીમાં ભરે છે, અને તે કોથળી પોતે સાથે લઈ લે છે. પણ તેણે પનીર ખરીદ્યું હોય તો તે વેપારી તેને કાગળમાં લપેટે છે, અને દોરી વડે પડીકું વાળે છે; પણ દોરી સરી જાય છે કે તૂટી જાય છે, અને પનીર રસ્તા પર ઢોળાઈ જાય છે. એ વખતે તેનો ચહેરો ગમગીન બની જાય છે.)

મિશ્ર વાક્યો


ઉપર આપણે જોયાં એવાં વાક્યો પણ શીખનાર-ને ખૂબ લાંબાં પડે છે. પણ આપણે દર્શાવવાના વિ-ચારો ઘણી વખત એવા અટપટા હોય છે કે એટલે-થી પણ કહેવાનું બધું કહેવાઇ રહેતું નથી. ક્યારેક કર્તાની કે કર્મની વધુ ચોકસાઇભરી પિછાન સાથો-સાથ જ આપવાની હોય છે. ક્યારેક ક્રિયા ક્યા સંજોગોમાં (ક્યાં, ક્યારે, શા માટે, કેવી રીતે) થઇ તે વિગતવાર કહેવાનું હોય છે. ક્યારેક પરસ્પર સંબંધ ધરાવતી અનેક ક્રિયાઓની વાત એક જ વાક્યમાં કર-

વાની હોય છે: આમ વિચાર વ્યક્ત કરવાની અનેકવિધ જરૂરિયાતોમાંથી મિશ્ર વાક્યો ઉત્પન્ન થાય છે.

આવાં અતિ લાંબાં વાક્યો વાંચવાની આવડત મેળવવા ખૂબ વાચન કરી એનો નિકટનો પરિચય સાધવો જોઇએ. છતાં આપણે ઉપર જોયું તેમ લાંબાં વાક્યો પણ મૂળ તો સાદાં તત્ત્વોનાં જ બનેલાં હોય છે. અને તેથી લાંબાં વાક્યોમાં એ સાદાં તત્ત્વોમાંથી કયી ઢબે ડાળાં ડાળખાં ફૂટી શકે છે તેનો ખ્યાલ મેળવી લેવાની જરૂર છે. આથી આપણે એક લાંબુ વાક્ય લઇ તેના બંધારણનો અભ્યાસ કરીએ. આ રહ્યું એ વાક્ય: 'From the earliest times *men have been seeing* new *uses* for the substances which the earth gives them, *and making* new sorts of *things* for work or pleasure.' આ વાક્યના તરજુમો 'મનોયત્ન'માં જુઓ.

ઉપરના વાક્યમાં મૂલભૂત શબ્દો ત્રાંસા છાપેલા છે. જોઇ શકાશે કે તે બધા શબ્દો સાથે મળીને એક સરલ વાક્ય ઉપજાવે છે: 'Men have been seeing uses and making things' એટલે કે 'માણસો ઉપાયો શોધતા આવ્યા છે અને વસ્તુઓ બનાવતા આવ્યા છે.' પણ આપણે આ બધું ક્યારથી થાય છે તે કહેવું છે, તથા 'ઉપયોગ' શેના અને 'વસ્તુઓ' કેવી તે બધું પણ જણાવવું છે. એથી એ બધા મૂળ શબ્દોની આસપાસ વધારાના શબ્દો આવી વાક્યને લાંબું બનાવે છે. વળી એક સ્થળે (substances) તો ફાંટામાંથી પણ પાછો ફાંટો ફૂટે છે. અને આવા બધા ફાંટાઓની શરૂઆત કાં તો નામયોગીથી અથવા તો અગાઉ ગણાવેલા પંદર શબ્દોમાંના એકાદથી થાય છે. આ બધું ચિત્ર રૂપે સાથેની ગોઠવણીમાં જોઇ શકાય છે. એમાં મૂળ સરલ વિચાર દર્શાવતું વાક્ય સૂત્ર રૂપે વચ્ચે કૌંસમાં ગોઠવાએલું છે, અને તેની આસપાસ જુદેજુદે સ્થળેથી ફૂટેલા ફાંટા પોતપોતાના યોગ્ય સ્થાને આવી રહ્યા છે.

આ જ પ્રમાણે દરેક વાક્યને કોઇ ને કોઇ ચિત્રમય સ્વરૂપ આપી શકાય તેમ હોય છે. અને એ બધામાં એકાદ સાદો વિચાર થડ રૂપે બની રહ્યો હોય છે, જેની આસપાસ વાક્યનું સંકલિત સ્વરૂપ રચાતું જતું હોય. એ પ્રાથમિક વાક્ય (જે અહીં ચિત્રમાં કૌંસમાં એક સંપૂર્ણ વાક્ય રૂપે દેખાય છે) કયા શબ્દોથી બને છે તે જોવાની દૃષ્ટિ કેળવાઇ જાય એટલે પછી ડાળાં ડાંખળાં બહુ તકલિફ ઉપજાવી શકતાં નથી. અને વાક્યનો મર્મ પકડવાની આ શક્તિ માતૃભાષામાં તેમજ પરભાષામાં વાચનના અનુભવે જ આવે છે. પણ વાચક પોતાના માતૃભાષાના જ્ઞાનથી પણ એટલું જોઇ શકશે કે અહીં આપણે જોઇએ છીએ તે માત્ર આ વાક્યનું સાંકેતિક ચિત્રદર્શન છે એટલું જ નહિ, પણ એ વાક્ય સમજતી વખતે મગજ પણ તેના જુદાજુદા ટુકડાઓને કોઇ રહસ્યમય રીતે જુદીજુદી શાખાઓ રૂપે પ્રથમ સંઘરી, પછી એ બધામાંથી આવું કોઇ સમગ્ર રૂપ ઊભું કરે છે. એટલે આ વાક્યનું જ નહિ પણ



આપણી વિચાર કરવાની રીતનું પણ સાથોસાથ ચિત્ર છે, એમ કહેવામાં અતિશયોક્તિ નથી. અને વાચક માતૃભાષા સાથેનો પોતાનો આ સ્વાનુભવ પરભાષામાં પણ ખેંચી જઈ શકે છે.

બેઝિક વાચન

અંગ્રેજી વાક્યરચના અને વાક્યોનું સ્વરૂપ આમ ટૂંકાણમાં સમજી લીધા પછી શીખનારે એક જ કામ કરવાનું રહે છે; અને તે એ કે એવાં મળે એટલાં વાક્યો વાંચવાં. જોકે એમાં તેને શરૂઆતમાં થોડી બહારની મદદ જોઈશે. પણ પછી કામ રસ્તે પડ્યા પછી સરળતાથી અભ્યાસ આગળ વધી શકશે.

એ શરૂઆતની બહારની મદદ પૂરી પાડવા આ સાથે બેઝિકમાં લખેલો એક પાઠ અને તેનો ગુજરાતી અનુવાદ બંને સમાંતર આપેલા છે. જોકે એકસામટો આ પાઠ શરૂઆત કરનારને અઘરો પડશે. પણ ધીરજથી દોરાની ગૂંચ ઉકેલીએ એ ઢબે એને ઉકેલવાથી અંતે એમાંનાં બધાં સંકલિત વાક્યોની રચના ધીમેધીમે સ્પષ્ટ સમજાતી જશે.

આ પાઠમાં કુલ ૧૩૨ તત્ત્વો છે. એ બધાં તત્ત્વોના અનુક્રમ નંબર અંગ્રેજી તેમજ ગુજરાતીમાં છેડે મૂકેલી સંખ્યાઓથી બતાવ્યા છે. ગુજરાતીમાં બધી સંખ્યાઓ યોગ્ય ક્રમમાં આવે છે, એટલે અમુક આપેલા નંબરનું તત્ત્વ શોધવું સહેલું પડશે. અંગ્રેજીમાં આપેલી સંખ્યાઓ એ અંગ્રેજીને ગુજરાતી ભાષાના અનુક્રમમાં ગોઠવતાં જે રીતે ગોઠવાય એવી રીતે આપેલી છે. એક જ સંખ્યા ધરાવતાં તત્ત્વો બંને ભાષામાં એકબીજાના અનુવાદ રૂપે છે. જેમકે ૧૮મું તત્ત્વ બંનેમાં આમ છે: "It was not such a good one" અને "તે એના જેવી સારી ન હતી." ગુજરાતી અનુવાદની ભાષા બિનઅનુભવીને હાથે થાય એવી તરજુમીઆ ગુજરાતી જ રાખી છે. એ કઢંગી ભાષા વાંચવામાં જોકે કંટાળો આવશે. પણ અંગ્રેજી ભાષાના ઘડતરના સામાન્ય સ્વરૂપનો તે અચ્છો ખ્યાલ આપી શકશે, અને અંગ્રેજી શબ્દોના વ્યક્તિગત અર્થ સમજવામાં પણ તે ખૂબ મદદ કરશે. આથી એ શબ્દોનો જુદો કોશ આપવાની જરૂર રહેતી નથી. એ તરજુમીઆ ગુજરાતીમાંથી તળપદી ભાષામાં વસ્તુ સમજવું બહુ મુશ્કેલ નહિ લાગે.

વાક્યોના અહીં પાડેલા પેટાવિભાગ વ્યાકરણની દૃષ્ટિએ નહિ પણ બે ભાષાઓમાં સમાંતર રચનાને અનુકૂળ થાય તથા શીખનારને એકબીજા સાથે સરખાવતાં પોતાની જાતે સમજાઈ જાય એવી રીતના પાડ્યા છે. એટલે શીખનાર પ્રથમ એ છૂટાં તત્ત્વોને સમજે, પછી આખાં વાક્યોમાં એ તત્ત્વોનું ક્યાં અને કેવું સ્થાન છે તે સમજી આખું વાક્ય સમજી લે. એ પછી આખા ફકરામાંનાં વાક્યોનો પરસ્પર સંબંધ સમજવા અને અંતે આખા પાઠનો સમગ્રદર્શી ખ્યાલ લેવા પ્રયાસ કરે. અને આમ થયા પછી એ પાઠ ઉપરાઉપર વાંચે. આમ ક્રમિક વિકાસ સાધતાં થોડે વખતે શીખનાર પોતાના આશ્ચર્ય વચ્ચે આ વિષમ લાગતી રચનાવાળો પાઠ પણ 'કુમાર'માંના બીજા કોઈ પણ લેખના જેટલી જ સરલતાથી વાંચી શકશે. અને એટલું થઈ શકે તો આ લેખમાળા લખવા તથા વાંચવા પાછળ લેવાએલો લેખક–વાચકનો શ્રમ સાર્થક થશે.

INVENTION

From the earliest times[૧] men have been seeing[૩] new uses for the substances which the earth gives them,[૨] and[૪] making new sorts of things[૬] for work or pleasure[૫]. Every such thing[૭] is an invention[૮]. Not only[૧૦] the great machines of our time,[૯] but things like[૧૧] a knife and a screw and a spring[૧૨] are inventions[૧૩]. The burning of wax for light[૧૪] was no less an invention[૧૬] than electric light,[૧૫] though[૧૭] it was not such a good one.[૧૮]

શોધ

ઘણા જુના વખતથી,[૧] જે પદાર્થો પૃથ્વી તેઓને આપે છે તેને માટેના નવા ઉપયોગ[૨] માણસો શોધતા આવ્યા છે,[૩] અને[૪] કામ માટે કે આનંદ માટે,[૫] નવી જાતની વસ્તુઓ બનાવતા આવ્યા છે.[૬] આવી દરેક વસ્તુ એ[૭] એક શોધ છે. આપણા જમાનાનાં મોટાં યન્ત્રો[૯] જ માત્ર નહિ,[૧૦] પણ વસ્તુઓ જેવી કે[૧૧] ચપ્પુ, પેચ અને કમાન[૧૨] પણ શોધો છે.[૧૩] પ્રકાશને માટે મીણને બાળવું એ[૧૪] વિજળિક પ્રકાશના કરતાં[૧૫] ઊતરતી શોધ ન હતી,[૧૬] જો-કે[૧૭] તે એના જેવી સારી ન હતી.[૧૮]

These early inventions[૧૯] do not seem as surprising as[૨૦] those which are nearer to us,[૨૧] but[૨૨] without their help[૨૩] we would not have had the later ones.[૨૪] Without the spring[૨૫] the invention of the watch[૨૬] would not have been possible,[૨૭] and so on.[૨૮] One of the most important of the older inventions[૨૯] was glass.[૩૦] To[૩૩] this delicate substance,[૩૧] which at the start was used only for making beautiful things,[૩૨] we are in debt[૩૫] for a great part of our present knowledge.[૩૪]

આ જૂની શોધો[૧૯] એવી આશ્ચર્યકારક નથી લાગતી જેવી[૨૦] આપણી વધુ નજીકની શોધો[૨૧] (લાગે), પણ[૨૨] તેઓની મદદ વિના[૨૩] આપણી એ પાછળની શોધો ન મેળવી શક્યા હોત.[૨૪] કમાન વિના[૨૫] ઘડિયાળની શોધ[૨૬] શક્ય થઈ ન હોત,[૨૭] અને બીજા માટે પણ તેમ જ.[૨૮] વધુ જૂની શોધોમાંની અતિ મહત્ત્વની એક[૨૯] (એ) કાચ હતી[૩૦] આ નાજુક પદાર્થ,[૩૧] જે શરૂઆતમાં માત્ર સુંદર વસ્તુઓ બનાવવા માટે જ ઉપયોગમાં આવતો,[૩૨] તેને[૩૩] આપણા અત્યારના જ્ઞાનના મોટા ભાગ માટે[૩૪] આપણે દેવાદાર છીએ.[૩૫]

Men early got the knowledge that[૩૬] when a ray of light went through glass,[૩૭] the direction in which it went into the substance[૩૮] sometimes made an angle[૪૦] with the direction in which it came out,[૩૯] and that[૪૧] with a bit of glass[૪૨] which was thin at the edges and thick at the middle,[૪૩] rays might be bent in such a way that[૪૪] they came together at one point.[૪૫] But it was not till later that[૪૬] they got[૪૮] a way of taking the measure of these angles,[૪૭] and saw clearly[૪૯] what surprising uses might be made[૫૧] of this quality of glass.[૫૦] Able men[૫૨] were not slow[૫૪] to make use of this knowledge.[૫૩] One of the first of the new inventions[૫૫] was[૬૦] an instrument for getting a better view[૫૯] of[૫૮] things which are at a great distance away,[૫૬] such as the moon and stars.[૫૭] Almost at the same time[૬૧] another invention was made[૬૩] for seeing very small things clearly.[૬૨] It will readily be seen[૬૬] how important these inventions were[૬૫] for making additions to our knowledge.[૬૪]

માણસોએ એ જ્ઞાન વહેલું મેળવેલું કે[૩૬] જ્યારે પ્રકાશનું એક કિરણ કાચમાં થઈને જાય[૩૭] (ત્યારે) તે પદાર્થમાં તે જે દિશામાં જાય તે,[૩૮] જે દિશામાં તે તે પદાર્થમાંથી બહાર નીકળે તે દિશાની સાથે[૩૯] ક્યારેક ખૂણો પાડે,[૪૦] અને કે[૪૧] એક કાચના કકડા વડે,[૪૨] કે જે ધારેથી પાતળો અને વચ્ચેથી જાડો હોય,[૪૩] કિરણો એવી રીતે વળી જાય કે[૪૪] તે બહાર એક બિંદુ સાથે મળે.[૪૫] પણ ઘણે મોડે સુધી એ ન બન્યું કે[૪૬] આ ખૂણાઓનાં માપ લેવાની રીત[૪૭] તેઓએ મેળવી,[૪૮] અને સ્પષ્ટ જોયું[૪૯] (કે) કાચના આ ગુણના[૫૦] કેવા આશ્ચર્યકારક ઉપયોગ કરી શકાય.[૫૧] શક્તિવાળા માણસો[૫૨] આ જ્ઞાનનો ઉપયોગ કરવામાં[૫૩] ધીમા ન હતા.[૫૪] પહેલવહેલી નવી શોધોમાંની એક,[૫૫] વસ્તુઓ કે જે ઘણે અંતરે રહેલી હોય,[૫૬] જેવી કે ચંદ્ર અને તારા,[૫૭] તેનો[૫૮] વધુ સારો દેખાવ લેવા માટેનું યંત્ર[૫૯] હતું[૬૦] લગભગ તે જ વખતે,[૬૧] ઘણી નાની વસ્તુઓને સ્પષ્ટ રીતે જોવા માટે[૬૨] બીજી એક શોધ કરવામાં આવી.[૬૩] આપણા જ્ઞાનમાં ઉમેરો કરવા માટે[૬૪] આ શોધો કેવી અગત્યની હતી[૬૫] તે તરત જ જોઈ શકાશે.[૬૬]

Another invention[૬૭] which was based on the knowledge of light rays[૬૮] was the camera.[૬૯] The little bit of glass[૭૧] at the front [૭૦] sends the rays [૭૪] to the right points[૭૩] on the plate at the back.[૭૨] It is important[૭૭] to have a camera on a level[૭૬] when you are using it.[૭૫]

બીજી એક શોધ[૬૭] કે જે પ્રકાશનાં કિરણોના જ્ઞાન ઉપર રચાએલી હતી,[૬૮] તે કૅમેરા હતો.[૬૯] તેના આગળના ભાગમાંનો[૭૦] કાચનો નાનો ટુકડો[૭૧] પાછળના ભાગમાંની તકતી ઉપર[૭૨] યોગ્ય બિંદુઓ તરફ,[૭૩] કિરણોને મોકલે છે.[૭૪] તમે તેનો ઉપયોગ કરતા હો ત્યારે,[૭૫] કૅમેરાને સરખી સપાટીએ રાખવો[૭૬] એ અગત્યનું છે.[૭૭]

The bulb which[૭૮] is part of some cameras[૭૯] is another invention.[૮૦] When it is crushed in the hand,[૮૧] it[૮૨] sends a current of air[૮૫] through a pipe[૮૩] to a delicate spring which is in the box.[૮૪] When this spring is moved[૮૬] the

તે ગોળો કે જે[૭૮] કેટલાક કૅમેરાઓનો એક ભાગ હોય છે[૭૯] (તે) બીજી એક શોધ છે.[૮૦] જ્યારે તેને હાથમાં દાબવામાં આવે છે[૮૧] (ત્યારે) તે[૮૨] એક નળીમાં થઈને[૮૩] એક નાજુક કમાન કે જે તે પેટીમાં હોય છે તેના તરફ[૮૪] હવાનો એક પ્રવાહ મોકલે છે.[૮૫] જ્યારે આ કમાનને ગતિ આપવામાં આવે છે[૮૬] (ત્યારે)

light is let in[૮૮] through the glass.[૮૭] The bulb is hollow[૯૦] like the pipe.[૮૯] If it was solid,[૯૧] it would have no air in it.[૯૨] When there is a crack in the bulb,[૯૩] it will not do the necessary work,[૯૪] because[૯૫] the air gets out[૯૬] and[૯૭] does not go [૯૯] through the pipe.[૯૮]

Another sort of bulb[૧૦૦] is the glass electric light bulb.[૧૦૧] In these electric bulbs[૧૦૨] we may see the delicate wire[૧૦૩] through which the electric current goes.[૧૦૪]

Electric machires[૧૦૭] are now taking the place[૧૦૮] of[૧૦૬] some which are worked by steam,[૧૦૫] but[૧૦૯] steam[૧૧૦] is still[૧૧૨] one of the most valued servants of man.[૧૧] One of the most important inventions[૧૧૪] based on the use of steam[૧૧૩] is the steam boat.[૧૧૫] One of the less important[૧૧૬] is the steam whistle.[૧૧૭]

The plane[૧૧૮] which is used for making wood smooth[૧૧૯] is[૧૨૧] one of the oldest inventions.[૧૨૦] The airplane in which[૧૨૨] we may take a flight through the air[૧૨૩] is[૧૨૫] one of the newest and most surprising.[૧૨૪]

It is sometimes said that[૧૨૬] chance has given us[૧૨૮] some of the most important inventions,[૧૨૭] but[૧૨૯] without the help of experience[૧૩૦] chance would have done little[૧૩૨] for us.[૧૩૧]

[Basic step by stepમાંથી]

કાચમાં થઇને[૮૭] પ્રકાશને અંદર દાખલ થવા દેવામાં આવે છે.[૮૮] તે નળીની માફક[૮૯] તે ગોળો પોલો હોય છે.[૯૦] જો તે નક્કર હોય[૯૧] (તો) તેમાં હવા હોઈ શકે નહિ.[૯૨] જ્યારે તે ગોળામાં ચીરાડ પડે છે[૯૩] (ત્યારે) તે જરૂરનું કામ નહિ કરે,[૯૪] કેમ કે[૯૫] હવા બહાર નીકળી જાય છે[૯૬] અને[૯૭] નળીમા થઈને[૯૮] જતી નથી.[૯૯]

બીજી એક જાતનો ગોળો[૧૦૦] (એ) વિજળીના દીવાનો કાચનો ગોળો છે[૧૦૧] આ વીજળીના ગોળાઓમાં[૧૦૨] આપણે તે બારીક તાર જોઈ શકીએ[૧૦૩] જેમાં થઇને વીજળીનો પ્રવાહ જાય છે.[૧૦૪]

કેટલાંક યન્ત્રો કે જે વરાળથી ચલે છે[૧૦૫] તેની,[૧૦૬] વીજળીનાં યન્ત્રો[૧૦૭] અત્યારે જગ્યા લઈ રહ્યાં છે,[૧૦૮] પણ[૧૦૯] વરાળ[૧૧૦] માણસના અતિ કિંમતી નોકરોમાંનો એક[૧૧૧] હજુ પણ છે[૧૧૨] વરાળના ઉપયોગ ઉપર યોજાએલી[૧૧૩] ઘણી ઉપયોગી શોધોમાંની એક[૧૧૪] (એ) સ્ટીમર છે.[૧૧૫] ઓછી ઉપયોગીમાંની એક[૧૧૬] (એ) વરાળની વ્હીસલ છે[૧૧૭]

રંધો[૧૧૮] કે જે લાકડાને સુંવાળું બનાવવામાં વપરાય છે[૧૧૯] (તે) જૂનામાં જૂની શોધોમાંની એક[૧૨૦] છે.[૧૨૧] એરોપ્લેન કે જેમા[૧૨૨] આપણે હવામાં ઊડી શકીએ[૧૨૩] (તે) છેલ્લામાં છેલ્લી અને અત્યન્ત આશ્ચર્યકારક શોધોમાંની એક[૧૨૪] છે.[૧૨૫]

ક્યારેક એમ કહેવામાં આવે છે કે[૧૨૬] અતિ ઉપયોગી શોધોમાંની ઘણી[૧૨૭] આપણને અકસ્માતે આપી છે,[૧૨૮] પણ[૧૨૯] અનુભવની મદદ વિના[૧૩૦] આપણે માટે[૧૩૧] અકસ્માતે બહુ ઓછુ કર્યું હોત.[૧૩૨]

ખેવટ

અહીં આપણું બેઝિક ઇંગ્લિશનું ઊડતું અવલોકન પૂરું થાય છે. પરિચિત શબ્દોથી શરૂ કરી, અઘરા શબ્દો તથા તે બધાનાં વિવિધ રૂપાંતર, અને છેવટે અઘરાંમાં અઘરાં વાક્યોની ઝડપબંધ ચર્ચા આપણે આ ચાર પ્રકરણોમાં કરી ગયા. અને જોકે એ બધી નક્કર વસ્તુ પચાવતાં શીખનારને થોડો સમય લાગે, છતાં આ ચાર પ્રકરણોમાંના વસ્તુને નજર સામે રાખવાથી શીખનાર બેઝિકમાં માર્ગ કરી શકશે. જેઓ આ દિશામાં અભ્યાસની કે મનોરંજનની દૃષ્ટિએ વધુ રસ લેવા માગતા હોય તેમને માટે બેઝિકમાં લખાએલાં અનેક પુસ્તકો ટાઇમ્સ પ્રેસમાંથી મળી શકે છે. એમાં પાઠ્ય પુસ્તકો, નવલકથા સાહિત્ય, વેપારવાણિજ્ય અને વિજ્ઞાનનાં પુસ્તકો છે.

આ ટૂંકી સમીક્ષામાં આપણે જતું કરવું પડ્યું હોય એવું ઘણું છે. જેમકે શબ્દોના વિસ્તૃત અર્થ, વાક્પ્રચાર અને બેઝિકમાં લખાણ કરવા માટેની જરૂરી સૂચનાઓ વગેરે. પણ શીખનાર બેઝિક પોતાની જાતે વાંચી શકે એ નજીકનું ધ્યેય જ આપણે અહીં કેન્દ્રસ્થાને રાખ્યું હતું. અને પછી પુસ્તકો વાંચતાં બાકીનું ખૂટતું તત્ત્વ આપોઆપ પૂરાઇ રહેશે. અને નહિતર પણ એકાદ નવલિકાના જેટલા વિસ્તારમાં આથી વિશેષ થઇ પણ શું શકે? અચ્છા!*

હરિકૃષ્ણ વ્યાસ

---

* ટપાલ મારફત બેઝિક શીખવા ઇચ્છનારા લખો : હરિકૃષ્ણ વ્યાસ, લાઠી (કાઠિયાવાડ).



બાળ વિભાગ



પંચતન્ત્રની વાર્તાઓ

'શ્રી રામકથા' નામથી રામાયણ, 'ભારતી' નામથી મહાભારત અને 'ઇશુચરિત' નામથી બાઈબલનો કથાસાર, લોકસમાજને રૂચે એવી સરળ અને પોતાની વિશિષ્ટ શૈલીમાં ટૂંકામાં ઉતાર્યા પછી શ્રી વાલજીભાઈએ જગત-સાહિત્યનો એટલો જ વિખ્યાત, અને કદાચ સૌથી વધારે પ્રચાર પામેલો ગ્રન્થ 'પંચતન્ત્ર' એવી જ શૈલીમાં ટૂંકામાં ઉતારવો શરૂ કર્યો છે અને તે 'કુમાર'માં કટકે કટકે આપવાના છે. તેનો પહેલો હપતો—એમની પ્રસ્તાવના સાથે—આ નીચે શરૂ થાય છે અને હવે પછી નિયમિત આ વિભાગમાં તેની વાર્તાઓ ચાલુ આવ્યા કરશે. સાથે, એ વાર્તાઓને અનુરૂપ એવી જ વિશિષ્ટ શૈલીનાં ચિત્રો પણ નિયમિત આવ્યા કરશે.

જગતગ્રન્થાવલીમાં પહેલું પંચતન્ત્ર લીધું છે, કેમ કે જેમ આપણામાં દિગ્વિજયી પુરુષ એક બુદ્ધ જ થયા છે તેમ દિગ્વિજયી ગ્રન્થ પણ એક પંચતન્ત્ર જ રચાયેલ છે. કોઇએ લખ્યું છે, કે બાઇબલ વિના બીજા કોઇ ગ્રન્થનો આના જેટલો પ્રચાર થયો નથી. પણ બાઇબલની વાત નોખી છે. બાઇબલ ધર્મશાસ્ત્ર છે; પંચતન્ત્ર અર્થશાસ્ત્ર છે. એટલે બાઇબલના પ્રચારમાં ઠીકઠીક કૃત્રિમતા રહેલી છે; પણ પંચતન્ત્ર તો સ્વયંપ્રચારી છે. આ રીતે પંચતન્ત્ર જગતગ્રન્થોમાં પણ એકમેવાદ્વિતીયમ્ સિદ્ધ થાય છે. પ્રોફેસર હર્ટલે નોંધ્યા પ્રમાણે પચાસ કરતાં અધિક ભાષાઓમાં પંચતન્ત્રનાં બસો ઉપર રૂપાન્તર મળી આવે છે, તેમાંથી લગભગ દોઢસો ભારતના સીમાડા બહાર થયેલાં છે. ખુશરૂ નૌશેરવાનના આશ્રિત ઈરાની હકીમે સં. ૬૦૦ લગભગ એનો પહ્લવી અનુવાદ કર્યો, ને પહ્લવીનું સીર્યક સં. ૬૨૫ લગભગ તથા અરબી સં. ૮૦૦ લગભગ થયું. સંવત્ ૧૦૦૦ લગભગ પંચતન્ત્ર યૂરોપ પહોંચ્યું તે પછીનાં પાંચસો વર્ષની અંદર એના ગ્રીક, લૅટિન, સ્પૅનિશ, ઇટૅલિઅન, જર્મન, ઇંગ્રેજી, સ્લૅવૉનિક, ચેક આદિ ભાષાઓમાં અનુવાદ થઇ ગયા હતા. પંચતન્ત્રનું સામ્રાજ્ય પૂર્વમાં યવદ્વીપ (જાવા)થી પશ્ચિમમાં આઇસલૅંડ લગી પથરાયેલું છે.

દેશમાં પણ એના પર કઇંક સંસ્કાર થયા છે. કોઇએ એનો વિસ્તાર, તો કોઇએ સંક્ષેપ કર્યો; કોઇએ ગદ્યમાં તો કોઇએ પદ્યમાં એનું નિરૂપણ કર્યું; પ્રાકૃતમાં અનુવાદ થયા ને એ અનુવાદનું પાછું કોઇએ સંસ્કૃત કર્યું (એજર્ટન).

આ પુસ્તકમાં વિષ્ણુશર્માની વાર્તાઓ તથા રવિભાઈનાં ચિત્રોનો સુવર્ણ તથા સુવાસના જેવો સમાગમ થયો છે. તોપણ આ વાર્તાઓ વાંચનાર મૂળ પંચતન્ત્ર અચૂક વાંચે, કેમ જે અહીં તો એની માત્ર છાયા જ છે, અને પંચતન્ત્ર તો પંચતન્ત્ર જ છે.

દેસાઈ વાલજી ગોવિન્દજી

કથામુખ

મન્દાકિની નદી તીરે પાટલિપુર નામે નગર હતું. ત્યાં યાચકમાત્રના મનોરથ પૂરનાર પારિજાતક જેવો, મહારાજાઓના મુકુટમણિની કિરણાવલિથી જેના પગને રંગ લાગતો એવો, સકલગુણસંપન્ન સકલકલા-પારંગત અર્થશાસ્ત્રવિશારદ સુદર્શન નામે રાજા હતો. એને વસુશક્તિ, ઉગ્રશક્તિ તથા અનન્તશક્તિ નામે ત્રણ મન્દમતિ કુમાર હતા, તેની જડતાથી ઉદ્વેગ પામીને રાજાએ મન્ત્રીઓને કહ્યું:

'સચિવો, આપ જાણો જ છો, કે મારા આ પુત્રો કેવા મૂઢ શાસ્ત્રવિમુખ તથા વિવેકરહિત છે. એનો વિચાર કરૂં છું ત્યાં મારૂં સવાશેર લોહી અનટાઇ જાય છે. કોઇએ ઠીક કહ્યું છે,

'જે વિદ્વાન નથી તેમ જ ધાર્મિક પણ નથી એવા દીકરાથી શું અર્થ સરે? જે દૂઝે નહિ અને પ્રસવે પણ નહિ એવી ગાયને શું કરે?' વળી.

'પુત્ર જન્મે જ નહિ કે જન્મીને મરી જાય એ સારૂં, પણ અબુધ પુત્ર નહિ સારો; કેમ કે એ બે થોડું દુઃખ દેનારા છે, પણ આ તો જીવતાં લગી બાળે છે.'

'એટલે આનો બુદ્ધિપ્રકાશ થાય એવો કાંઇક ઉપાય કરો.'

સુમતિ નામે પ્રધાને કહ્યું, 'મહારાજ, આપની



વિષ્ણુશર્મા બોલ્યો: 'જો છ માસમાં તારા પુત્રોને નીતિનિપુણ ન કરી દઉં તો મારા નામનો ત્યાગ કરૂં.'

આપેલી વરત ભોગવતા પાંચસો પંડિત રાજ્યમાં બિરાજે છે એની સલા કરિએ તો દિશા સૂઝે.'

આ પ્રમાણે રાજાએ પંડિતસભા કરી તથા કહ્યું: 'હે પંડિતો, સાંભળો. આપમાં કોઇ એવો વિદ્વાન્ છે જે આ કુંવરોને નીતિશાસ્ત્રનો ઉપદેશ કરીને પુનર્જન્મ કરાવે ?'

એટલે વિષ્ણુશર્મા નામે બ્રાહ્મણ જેની છાત્ર-સંસદમાં ભારે કીર્તિ હતી તે બોલ્યો: 'દેવ, આ મારો સિંહનાદ સાંભળ. એંશી વર્ષને ઘેર ગયેલો હું ધનનો કે માનનો ભૂખ્યો નથી. પણ જો છ માસમાં તારા પુત્રોને હું નીતિનિપુણ ન કરી દઉં તો મારા નામનો ત્યાગ કરૂં.'

ભૂદેવની આ અસંભવિત જેવી લાગતી પ્રતિજ્ઞા સાંભળીને રાજા મનમાં હરખ્યો તથા વિસ્મય પામ્યો, અને બહુ માનપુરઃસર વિષ્ણુશર્માને કુંવર સોંપી દીધા. તેણે પાંચ તંત્ર રચ્યાં, ને કુમારોને વાર્તા કહી, તે ભૂતલ ઉપર ફેલાઇ ગઇ. કિં બહુના?

સાંભળે વિષ્ણુની વાર્તા, વિચારે નિત્ય જે વળી ।
ન પરાભવ પામે તે, વજ્રથી યે વિરોધમાં ॥

અનુક્રમણિકા

મિત્રભેદ[1] સુહૃલ્લાભ[2] સંધિવિગ્રહ[3] તે પછી ।
લબ્ધનાશ[4] અસંપ્રેક્ષ્યકારિત્વ[5] પંચતંત્રક ॥

પહેલું તન્ત્ર • • • મિત્રભેદ

मनवे वाचस्पतये शुक्राय पराशराय ससुताय ।
चाणक्याय च विदुषे नमोऽस्तु नयशास्त्रकर्तृभ्यः ॥

મનુ, સુરગુરુ બૃહસ્પતિ, દૈત્યાચાર્ય શુક્ર, પરાશર, વ્યાસ તથા ચાણક્ય એ નીતિશાસ્ત્રકારોને નમસ્કાર.

આ તન્ત્રનો પહેલો શ્લોક આમ છે:

વર્ધમાન મહાસ્નેહ સિંહખૂંટતણો વને ।
તોડી નાખ્યો, જુઓ, ભાઈ, ચાડિયા લુબ્ધ જંબુકે ॥

રાજપુત્રોએ કહ્યું, 'એ કેવી રીતે?' વિષ્ણુ-શર્મા કહે છે:

દક્ષિણાપથમાં સુરપુરસમું પ્ય નામે નગર હતું. ત્યાં શુદ્ધ ઉપાયથી મેળવેલા ધનનો સ્વામી વર્ધમાન નામે વણિકપુત્ર રહેતો હતો. તેને કદાચિત્ મન થયું, જે 'મારી આગળ દ્રવ્ય તો ઠીક ઠીક છે, પણ તેમાં વધારો કરવો જોઇએ. કહ્યું છે કે,

'નહિ મેળવેલું મેળવવું, મેળવેલાની રક્ષા કરવી, રાખેલું વધારવું, ને વધારેલાનું સુપાત્રે દાન કરવું આવી લોકયાત્રા હોય છે.

'તેમાં જેને લાભ ન થાય એની વાત જ શું? લાભ થાય પણ એ જો સાચવે નહિ તો તેનો તરત નાશ થાય, ધનમાં વૃદ્ધિ ન કરે તો આંજણની ઘોડે વાપરતાં પણ એનો ક્ષય થાય, અને ભોગ તથા દાનમાં એને ન વાપરે તો મેળવ્યું ન મેળવ્યું સરખું.'

'દૂરદેશાન્તર ગયેલા લોકો ઉદ્યમથી બેત્રણગણું ધન કમાય છે.'

એમ વિચાર કરી મથુરાગામી વિવિધ વસ્તુઓનાં ગાડાં ભરીને વર્ધમાન ચાલી નીકળ્યો. એને બેસવાના સુરથમાં નન્દક ને સંજીવક નામે ઘેર જન્મેલા તથા ઉછરેલા ધુરંધર આખલા જોડેલા હતા.

આમ એ ચાલ્યો જાય છે ત્યાં એક ઠેકાણે ગિરિઝરણના પાણીથી કાદવ થયો હતો, તેમાં ખૂતીને સંજીવકનો પગ મરડાઈ ગયો, એટલે તે ધોંસરી ભાંગીને હેઠો બેસી ગયો. તે જોઇને વર્ધમાનશેઠને શોક થયો. બળદ ઉપરના સ્નેહના કારણે એણે ત્રણ રાત ઉપવાસનું ભંગ કર્યો. તોયે એ તો સાજો ન થયો, એટલે એને સંભાળવા સારૂ ખડના ભર સહિત રખવાળોની યોજના કરી તે આગળ ચાલ્યો. રખવાળોને પણ વનમાં એકલા રહેવામાં જોખમ લાગ્યું, એટલે તે સંજીવકને રેઢો મૂકી બે દિવસ પછી સંઘ ભેળા થઇ ગયા, ને વર્ધમાનને કહ્યું, 'સ્વામિન્, સંજીવક મરી ગયો; સંઘપતિને પ્રિય હતો એટલે અમે એને અગ્નિસંસ્કાર કર્યો.' વર્ધમાને એના કારજનિમિત્તે વૃષોત્સર્ગ કર્યો.

સંજીવકના આયુષ્યે બળ કર્યું, એટલે જમનાજળમિશ્ર શીતળ પવનથી એના શરીરમાં સ્ફૂર્તિ આવી, એ માંડમાંડ ત્રણ ખરી ઉપર ઊઠ્યો ને યમુનાતટે પહોંચ્યો. ત્યાં તે લીલાં ને કૂણાં ઘાસ ચરે છે ને સ્વચ્છન્દે ફરે છે. એમ કરતાં થોડા દિવસમાં તે ચન્દ્રશેખરના પોઠિયા જેવો હૃષ્ટપુષ્ટ ને બળવાન થઇ ગયો, અને રાફડામાં શીંગડાં ભરાવતો ગર્જના કરવા મંડ્યો.

હવે તે જ વનમાં સર્વ પશુઓના પરિવારવાળો પિંગલક નામે સિંહ રાજ્યસુખ અનુભવતો રહેતો હતો. તેને એક વાર તરષ લાગી, એટલે તે પાણી પીવા જમનાને કાંઠે ઉતર્યો. ત્યાં તેણે મેઘાડંબરના જેવી સંજીવકની ગંભીર ગર્જના દૂરથી સાંભળી. એનાથી વ્યાકુળ થઇને તે પાણી પીધા વિના પાછો



સિંહ પાણી પીવા ઊતર્યો ત્યાં તેણે સંજીવક બળદની મેઘાડંબર જેવી ગર્જના સાંભળી.

આવ્યો અને વડ નીચે એની સભા બેઠી હતી ત્યાં આવીને છાનોમૂનો બેસી ગયો.

વનરાજ પિંગલકના કરટક ને દમનક નામે બે શિઆલ પદભ્રષ્ટ મંત્રીઓ હતા. તે પરસ્પર મંત્રણા કરતા હતા ત્યાં દમનક કહે, 'કરટકભાઇ, આપણા સ્વામી જલપાન કરવા ગયા હતા તે કેમ આમ પાછા આવીને બેસી ગયા?' કરટક કહે, 'મારા મત પ્રમાણે તો આવી સેવા જ ન કરવી જોઇએ. સ્વતંત્રતામાં જ જન્મની સફળતા છે. પરાધીન પણ જીવતામાં ખપે તો મરેલા કોને કહેવા? સેવાધર્મ પરમ ગહન છે, યોગીને પણ અગમ્ય છે.'

દમનક કહે, 'એમ શું કહેતા હશો? સેવા ન કરે એને છત્રચામર વાજિવારણનો વૈભવ ક્યાંથી મળે?

કરટક કહે, 'તથાપિ આવી નિરર્થક ચિન્તા કરવાનું આપણે શું પ્રયોજન છે? એ આપણું કામ જ નથી. કહ્યું છે કે

પંચાતે પારકી વંઠયો ખીલાઊપાડ વાંદરો।

દમનક કહે, 'એ કેવી રીતે?' (ચાલુ)

ફોટોગ્રાફી

કૅાન્ટ્રોલ્ડ ડેવેલપમેન્ટ કે ડિશ ડેવેલપમેન્ટ

અગાઉના અંકમાં ડેવેલપિંગ સોલ્યુશન અને તેમાં થતી ક્રિયા વિષે જાણ્યું. તે પછીનું પગલું રિનઝિંગ છે. ડેવેલપરમાંથી ફિલ્મ કે પ્લેટને ઉપાડી લઇ સોધી ફિક્સિંગમાં ન મૂકતા. ડેવેલપમેન્ટ સમય પૂરો થતાં ફિલ્મને એકથી બે મિનિટ ચોકખા પાણીની ડિશમાં રાખો. તેમ કરવાથી વધારાનું ડેવેલપર ધોવાઇ જાય છે ને ડેવેલપમેન્ટની ક્રિયા અટકી જાય છે છતાં છાયાવાળા ભાગમાં ઘણા જ ધીમા વેગથી ડેવેલપમેન્ટ ચાલુ રહેવાને કારણે નેગેટિવનું કામ સારૂં થાય છે.

ફિકસિંગ

આ ક્રિયા સુધી પહોંચતાં ફિલ્મમાં ઝાંખી પીળાશ રહે છે જ. ફિલ્મ હજુ પારદર્શક બનેલી હોતી નથી, પણ તેને હાઇપો બાથમાં મૂકશો તો અવળી બાજુનો પીળો દૂધીઓ રંગ ધીરે ધીરે નાબૂદ થઈ નેગેટિવનું સાચુ સ્વરૂપ પકડશે ને ચારેક મિનિટમાં ફિલ્મ પૂરેપૂરી પારદર્શક થશે. બાકી રહેલી બધી ક્રિયા ધોળા પ્રકાશમાં કરી શકાય છે. કેટલાકને એ પ્રશ્ન થાય છે કે ફિલ્મને ઓછામાં ઓછો કેટલો વખત હાઇપો બાથમાં રાખવી, એનું કંઇ ચોકસ ધોરણ ખરૂં?

સાધારણ રીતે ફિલ્મને હાઇપો બાથમાં મૂક્યા બાદ જેટલા વખતમાં તે પૂરી પારદર્શક બને તેટલો વધુ સમય તેને તેમાં રાખવી. તે પછી નેગેટિવનું સ્વરૂપ સ્થાયી બને છે. લેખક પોતાની ફિલ્મો ઓછામાં ઓછી દસ મિનિટ માટે ફિક્સિંગ બાથમાં રાખે છે. ફિલ્મને હાઇપો બાથમાં મૂકયે બે મિનિટ વીતતાં ધોળી બત્તી વાપરવામાં હરકત આવતી નથી. અને ચારેક મિનિટમાં ફિક્સિંગની ક્રિયા પૂરી કરી નેગેટિવ મેળવાય છે. પરંતુ એમાં ઉતાવળ કરવાથી ઘણા મહિના બાદ નેગેટિવમાં કોઈ વાર બગાડ શરૂ થાય છે.

વૉશિંગ અને ડાઈંગ

આવી રીતે પારદર્શક બનાવેલી ફિલ્મને હાઇપો સોલ્યુશન વળગેલું હોય છે તેને ધોઇ કાઢવાની જરૂર છે. જે નેગેટિવમાં હાઇપોની સહેજસાજ પણ અસર રહી જાય છે તે મોડીવહેલી પીળી પડી જાય છે; માટે વૉશિંગમાં બહુ જ કાળજી રાખવી. ડેવેલપમેન્ટ કરતી વેળા જેમ ફિલ્મને દવામાં ફેરવીએ છીએ તેમ પાણીમાં પણ ફેરવવાની હોય છે. એમ થોડી થોડી વારે બદલાતા પાણીમાં વીસેક મિનીટની ફેરવણી ફિલ્મ પરનો હાઇપો દૂર કરવા બસ છે.

ડેવેલપમેન્ટની બધી ક્રિયા દરમિયાન ફિલ્મ પર હવામાન ચાલુ અસર કર્યા કરે છે. અને વૉશિંગની ક્રિયા સુધી પહોંચતામાં તો ફિલ્મ પરનું અનેક વાર પલળેલું પડ નરમ બનેલું હોય છે. વૉશિંગમાં ઇમલ્શન પર બેદરકારીથી આંગળાંનું દબાણ થઇ આવતાં આંકા પડી નેગેટિવને નુકસાન થાય છે, તેથી વૉશિંગ અને ડાઇંગમાં ખાસ કાળજી જરૂરી છે.

પૂરેપૂરી ધોએલી ફિલ્મને હવાવાળા ઓરડામાં ધૂળ ન ચોંટે તેવી જગાએ લટકાવવી. ફિલ્મને બે છેડે ક્લિપ લગાડી ભીંતથી દૂર કોઈ પદાર્થને અડકે નહિ તેવી સ્થિતિમાં ટંગાવો. પ્લેટને સૂકવવાની ઘોડી–drying rack–માં ગોઠવો અગર તો છાજલી પર ભીંત સાથે ઊંધી (ઇમલ્શન બાજુ નીચે) ટેકવો.

ડેવેલપમેન્ટમાં ખાસ સૂચનાઓ

(૧) ઘણાખરા ડેવેલપરના તપકીરીઆ રંગનાં ડાઘ નખ અને આંગળાં પર લાગે છે, તેના ઇલાજ રૂપે ક્લિપનો ઉપયોગ કરો અને બને ત્યાંસુધી આંગળાં ડેવેલપરમાં ન ડુબાડો. ડેવેલપરવાળા હાથ વારંવાર પાણીથી ધોઇ કપડાંથી લૂછો.

(૨) કપડાંને પણ દવાઓના ડાઘ પડે છે, માટે ગમે ત્યાં ડેવેલપરના છાંટા પડે નહિ તેની સંભાળ રાખો

(૩) ફોટોગ્રાફીની ઘણીખરી દવાઓ ઝેરી હોઇ, શીશીઓ ઉપર નાગના લેબલ લગાડો ને દરેક દવા માટે જુદીડિશ વાપરો.

(૪) તેમાં ય હાઇપો અને ડેવેલપરની ડિશો ખાસ જુદી રાખો. હાઇપો વાળી ડિશમાં ડેવેલપિંગ કરતાં હાઇપોની અસર ફિલ્મ બગાડશે.

(૫) ડેવેલપમેન્ટમાંથી ફિલ્મને સીધી હાઇપોમાં મૂકવાથી થોડે થોડે ડેવેલપર હાઇપોમાં આવતું જાય છે. હાઇપોની ક્રિયાત્મક શક્તિ ઘટે છે ને નેગેટિવમાં ડાઘા આવે છે. તે કારણે રિન્ઝિંગ કરવું ચૂકતા નહિ.

(૬) એક વાર વાપરેલો ફિક્સિંગ બાથ બીજી વાર વાપરી શકાય છે, પણ તેની અસર ઘટતી જતી હોવાથી ફિક્સિંગ ટાઈમ વધારવો પડે છે. પરંતુ તેની ફિલ્મ પારદર્શક બન્યા પછી ઓછામાં ઓછું પાંચ મિનિટ વધુ વખત સુધી તેને હાઇપોમાં અવશ્ય રાખો.

ફોટોગ્રાફી હરીફાઇનું પરિણામ

પહેલું ઇનામ: 'સવાર'—ભાઇ ચતુર્ભુજ વલ્લભદાસ (ઘાટકોપર); બીજું ઇનામ: 'જલ પર ચાંદની'—ભાઇ ગજેન્દ્ર મહેતા (ટંગાનીકા); ત્રીજું ઇનામ: 'વિસામો'— ભાઇ ટી. બી. કાસુડીઆ (વીરમગામ).

ભાઈ ચતુર્ભુજનો વિષય સારો છે સવારના ઝાંખા પ્રકાશમાં હોડી અને ટેકરીનું રમ્ય ચિત્ર નિપજ્યું છે, પરંતુ વર્ણ ક્રમિક ઓછા થતો લાવવો જોઇએ અથવા ઉપરના આકાશમાં કંઇક વિધાન જોઇએ. 'જલ પર ચાંદની'ના ભાઇ મહેતાના ચિત્રને ઉપરથી થોડું અને નીચેથી વધારે ટ્રિમિંગ કરતાં તે વધારે આકર્ષક બની શકે. ચંદ્રનો ગોળાકાર સાચવવા કાંઇક કરામતની જરૂર હતી ખરી. ચંદ્રપ્રકાશનું ચિત્ર હરીફાઇમાં મોકલનાર આ ભાઇ પ્રથમ જ છે. 'વિસામો' ચિત્ર લેતાં ભાઇ કાસુડીઆએ પશુ તરફની સહાનુભૂતિ પ્રકટાવી છે. બેઠેલો બળદ અને ઝાડનો ભાગ રાખી બીજો પ્રદેશ ઉડાવી દેતાં ઊભી પટ્ટીનું ચિત્ર બહુ સરસ લાગશે. આ વાંચનારા એકાદ કાર્ડથી એ ચિત્રના વધુ ઓછા ભાગો ઢાંકી ખાતરી ને અનુભવ મેળવી શકશે.

નોંધપાત્ર ચિત્રોમાં ભાઇ નવનીતલાલ શાહે એક કૂતરાની છબી પાડી છે; પણ તેને 'પોઝ' એવું અંગ્રેજી નામ કેમ આપ્યું છે? 'સૂર્યાસ્ત' ચિત્રમાં ભાઇ વાશને શું રજૂ કરવું છે તે જ સ્પષ્ટ થયું નથી. હોડીમાં બેઠેલા માણસો કૅમેરા સામે જોઇ રહ્યા છે તેઓ વિષયને શી રીતે પુષ્ટિ આપે છે? ચિત્રરચના એટલે માત્ર ચાંપ દાબવી એટલું જ નથી, પણ કાગળ પર તૈયાર થનાર ભાવિ વિચાર અને રૂપદર્શનની તૈયારી માત્ર છે.

બલવન્ત ભટ્ટ

લંકાનો ટૂંક ઈતિહાસ

લંકાદ્વીપ હિંદુસ્તાનની દક્ષિણે આવેલો છે. વાલ્મીકિના રામાયણ પ્રમાણે કશ્યપના દીકરા રાવણનો એ મુલક. સતી સીતાના નિવાસથી એ પ્રદેશ પાવન થયો અને આખરે રામને હાથે ભક્ત વિભીષણને મળ્યો. પછી તેનું શું થયું એ આપણા ગ્રંથોમાં મળતું નથી. બૌદ્ધ ગ્રંથોની માન્યતા પ્રમાણે લંકાદ્વીપમાં પ્રથમ યક્ષ લોકો રહેતા હતા. એ પ્રદેશ બંગાળ તથા ગુજરાત સાથે સંબધ ધરાવતો. વીરવિજય પોતાના દોસ્તોને લઈ ત્યાં જઈ પહોંચ્યો અને એ દેશ પોતાનો કર્યો. એના જ વંશમાંનો દેવાનામ્પ્રિય તિસ્સ રાજ્ય કરતો હતો ત્યારે અશોકનો પુત્ર મહીન્દ્ર અને એની બહેન સંઘમિત્તા સીલોનમાં આવ્યાં અને લંકામાં બૌદ્ધ ધર્મ દાખલ થયો. હવે પછીનો ઇતિહાસ મોટે ભાગે લંકાના રાજાઓનાં માંહોમાંહેનાં યુદ્ધો અને દક્ષિણ હિંદુસ્તાનના તામીલ લોકોનાં યુદ્ધોથી ભરેલો છે. લંકામાં બૌદ્ધ ધર્મ એવો તો સરસ જામ્યો કે હજી યે બોધિવૃક્ષની ત્યાંની ડાળની પેઠે ત્યાં તે ફાલે છે.

મુસલમાનો લંકા પહોંચ્યા પણ તેમણે ત્યાં રાજ્ય કરવાનો લોભ ન રાખ્યો. ચીનના બાદશાહે લંકા ઉપર થોડા દિવસ રાજ્ય ભોગવ્યું, પણ કંઈ ટક્યું નહિ. ત્યાર પછી પોર્ચ્યુગીઝ લોકોએ સિલોનનો કબજો લીધો અને અનેક રીતે બૌદ્ધ લોકોને પજવી એ ધર્મનો નાશ કર્યો. પોર્ચ્યુગીઝ પછી ડચ લોકો આવ્યા. ડચ લોકો ધર્મની બાબતમાં ઝનૂની ન હતા, પણ એમણે પોતાનો ડચ–રોમન કાયદો ત્યાં લાગુ કર્યો તે હજુ ચાલે છે. એમણે કેટલાક કિલ્લાઓ બાંધ્યા તે હજુ ઊભા છે અને કેટલાંક ડચ કુટુંબો લંકામાં હજુ છે જે બરગરને નામે ઓળખાય છે. ડચ પછી અંગ્રેજો ત્યાં પહોંચ્યા. મધ્ય દેશના બૌદ્ધ રાજાઓએ અંગ્રેજોને નોતર્યા અને તેમને આખું રાજ્ય સોંપી દીધું.

અંગ્રેજોના રાજ્ય પછી લંકામાં ચહા, રબર વગેરે વસ્તુની ખેતી વધી છે અને હિંદી લોકો માટે મજૂરી મેળવવાનું સ્થાન તથા ગોરા લોકો માટે મોજ કરવાનું સ્થાન તે થઈ પડયું છે. ત્યાંની હવા ઉત્તમ હોવાથી દુનિયાભરના શોખીન લોકો ત્યાં પહોંચી જાય છે અને હિંદી મહાસાગરમાં મધ્યસ્થ સ્થળે હોવાથી ત્રણ ખંડનાં જહાજો લંકાને કિનારે ભેગાં થાય છે.

લંકાનો આખો ઇતિહાસ અથવા ઇતિહાસનું હાડપિંજર આટલામાં આવી ગયું.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

જીવનનું પરોઢ

(અનુસંધાન પૃ. ૫૦૫થી)

થાયો છે. કંઇ નથી આવડતું. દસ મિનિટનું કામ કરતાં એને બે કલાક લાગે છે.'

હું કામ ન કરૂં એ બાપુજીને પોસાય એમ હતું, પણ છાપખાનામાં આવી, કામમાં ઢીલો રહું એ બાપુજીથી સહેવાય એમ ન હતું. તેમણે તાકીદ કરી કે 'ઊંઘવું હોય તો ઘેરે ઊંઘી આવવું પણ કામ પર ઝોલાં ખાવાં એ સારૂં ન કહેવાય.' કામે ચડી વાતો કરવાની ગુંજાશ તો હતી જ નહિ કારણ બાપુજીની બેઠક એવે ખૂણે હતી કે ધીમો અવાજ પણ ત્યાં પહોંચી જાય. કોઇને પણ વાત કરતા બાપુજી સાંભળે કે તુરત તેઓ હાકલ કરે, 'કામ ચાલે છે કે વાતો? કામ અને વાત સાથે તે કેમ થઇ શકતી હશે? કામે ચડયા કે આપણે આપણા હોઠ સીવી જ લેવા જોઇએ.' એક વાર ટોકયા છતાં જો બીજી વાર વાતો કરતું કોઇ સંભળાય તો તરત જ પોતાની પાસે બોલાવતા અને શાની વાતો ચાલતી હતી? વાતો કેમ શરૂ કરી? કેટલું કામ કર્યું? વગેરે પૂછી ઉલટ તપાસ કરતા. આટલેથી વાંકમાં આવેલો છોકરો એવો થઇ જતો કે ફરી હોઠ ઉઘાડવાની તેની હિંમત ન ચાલતી.

આમ આખા છાપખાનાનું વાતાવરણ શાંત અને ઉદ્યોગી રહેતું. કચકચ કે આળસ શોધ્યાં નજરે ન ચઢતાં. પ્રસંગોપાત ટેબલ પરથી ઊઠી બધાનું કામ કેમ ચાલે છે એ પણ બાપુજી જાતે જોઇ આવતા. ખેતરમાં રમત તોફાન ચાલે, નિશાળમાં ધીંગામસ્તી પરવડે, પણ છાપખાનામાં કોઇ પણ જાતનો વિક્ષેપ બાપુજી ચલાવી લેતા જ નહિ. બાપુજી એ એક આપણા શાસક છે એ ભાવના દરેક છોકરાના મનમાં છાપખાનાના બે કલાક દરમ્યાન સદા જાગ્રત રહેતી. સાંજની પ્રાર્થનામાં છાપખાનાના કામની હાજરી બાપુજી લેતા અને વત્તું ઓછું કામ થયાના ખુલાસા માગતા. પરિણામે થોડાક મહિનામાં લગભગ બધા છોકરાઓ છાપખાનાના કામમાં પાવરધા થઇ ગયા. અને છાપખાના ઉપર બોજારૂપ થઇ પડવાને બદલે છાપખાનાનું કામ ઠીક ઠીક ઉકેલનારા થઇ પડયા.

ઉપર કહ્યું તેમ બધા હોશિયાર વચ્ચે હું એક મૂઢ રહ્યો. રોજ મારી ફજેતી થવા લાગી. શું કરવું એ કંઇ મને સૂઝયું જ નહિ. રોજ મનમાં મૂંઝાતો અને કંઇનું કંઇ કરી નાખવા તલપાપડ થઇ જતો. છેવટે એક અશુભ દિવસે મારી કલ્પનાએ મને મારગ મોકળો કરી આપ્યો અને થોડા દિવસમાં હું 'ઠોઠ મટી ગયો' 'સારી પેઠે હોશિયારી દેખાડવા લાગ્યો.' પણ એ હોશિયારી કામ કરવામાં ન હતી. કેમે કામ પૂરૂં થતું નહિ એટલે બીબાં ચોરીને ખીસામાં ભરવાં અને પેશાબ કરવાને બહાને છાપખાના બહાર નીકળી નાળાના ઊંડા ખાડામાં એ ફેંકી આવવાનો ક્રમ ચાલુ કર્યો. પહેલે દિવસે ચારેક લીટીનાં ફેંકી આવ્યો. પછી હિંમત આવી એટલે આઠ લીટીના અને રહેતે રહેતે ૨૦-૨૫ કે એથી પણ વધારે ફેંકી આવવા લાગ્યો. બધાને થયું કે મારી ડિસિંગની ઝડપ સારી પેઠે વધી છે. અને હવે હું ખૂબ કામ કરવા લાગ્યો છું. તેઓએ મને શાબાશી આપી અને આમ અર્ધી ફેંકી દઇને તથા અર્ધાં બીબાંનો ખીચડો કરીને—કોઈ કયા કયા ખાનામાં ફાવે તેમ નાખીને મને આપેલી બધી 'ગેલીઓ' મેં ખાલી કરી નાખી અને છેવટે બીબાં ગોઠવવાનું કામ મેળવ્યું. મારી બીબાં ફેંકી આવવાની ચોરી કદી પકડાઇ નહિ, પણ તેનાં માઠાં પરિણામ આગળ ઉપર મારે જ ભોગવવાં પડયાં. બીબાંકારીગર તરીકે હું નાલાયક નીવડયો. એક વાર બીબાં ફેંકી દેતો મિ. સેમે મને પકડયો હતો પણ તેમણે મને ચેતવ્યો, એટલું જ. તેમણે કોઇને ફરીયાદ ન કરી. એમની ચેતવણીનો લાભ એટલો થયો કે પછી હું બનતાં સુધી બીબાં ન ફેંકતો, પણ જ્યારે બહુ થાકું અને કંટાળું ત્યારે જ ફેંકી આવવાની હોશિયારી વાપરતો.

બીબાં ગોઠવવાનું કામ મને મળ્યું તેમાં દરેક લીટીએ હું પાંચસાત ભૂલો કરતો. લખતી વખતે પણ કાના માત્ર અને શબ્દોના શબ્દ ખાઇ જવાની મને ટેવ હતી જ. એ કુટેવની અસર બીબાં ગોઠવવામાં પડયા વિના કેમ જ રહે? 'ડિસિંગ' કરતાં મેં મારૂં ખાનું પણ એટલું બધું બગાડી નાખ્યું હતું કે ભૂલો થયા વિના ન રહે. કારણ 'અ'ના ખાનામાં કેટલા યે 'ત' ભેળવ્યા હોય ને 'ત'ના ખાનામાં 'ય' ભેળવ્યા હોય. મેં એવો જાદૂ કર્યો હતો કે દરેક ખાનામાંથી દરેક જાતનું બીબું નીકળી આવતું. શરૂઆતમાં 'ઇન્ડિયન ઑપિનિયન'નું ચાલુ કામ મને આપી હું કેવું કરૂં છું

એ અજમાંતી જોવામાં આવ્યું. પણ એનાં બીબાં ગોઠવતાં લાગે એથી ચારગણો વખત સુધારતાં લાગતો એટલે છેવટે બાપુજીએ મને નવું કામ શોધી આપ્યું. અમે બધા સાંજની પ્રાર્થનામાં જે ભજનો ગાતા એ ક્યાં યે છાપેલાં મળતાં ન હતાં એટલે રોજ એક ભજન લખી તેનાં બીબાં ગોઠવવાનું મને સોંપ્યું.

ધીમે ધીમે મારું એ કામ ચાલ્યું. અને એ ત્રીસેક ભજનનાં બીબાં ગોઠવતાં મને ત્રણ મહિના લાગ્યા. છેવટે 'નીતિનાં કાવ્યો' એ નામનું મારા હાથની કારીગરીનું એક પુસ્તક બહાર પડ્યું. એ તૈયાર પુસ્તક જોઇ હું હરખઘેલો બની ગયો. જે કોઇ મળે એને એ નાની ચોપડી બતાવતો ફરતો અને કહેતો, 'જુઓ, આનાં બધાં બીબાં મેં ગોઠવ્યાં છે.' એ કામ ચાલતું હતું તે દરમિયાન તેને માટે સાંજની પ્રાર્થનામાં કેટલીયે વાર મારે આંસું ઢાળવાં પડ્યાં હતાં. કારણ ભજન ગોઠવીને તૈયાર કરી લઉં કે એનું પ્રૂફ બાપુજી પાસે પહોંચે, એ પ્રૂફ બાપુજી સાંજની પ્રાર્થનામાં બધાના દેખતાં વાંચે અને તેમાં પડેલી ભૂલો માટે મારી ફજેતી કરે. છેવટે ખીજાય, અને કહે 'આટલી બધી ભૂલો માણસને હાથે તે કેમ થતી હશે? હજી ધીમે ધીમે કામ કર, એકેએક બીબું જોઇ વાંચીને ગોઠવતો જા, પણ એકે ભૂલ પડવા ન દે. એમ વાંચી વાંચીને ગોઠવે તોયે તેં લગાડ્યો છે એટલો વખત ન લાગે એ તને ખબર છે કે?' આટલું કહેવું મારે માટે બસ હતું. કારણ આ બધું બાપુજી પૂરું કહી ન રહ્યા હોય ત્યાં તો આંખમાંથી પાણી ટપકવા લાગ્યું જ હોય. પણ એટલું દુઃખ વેઠીને યે જ્યારે એનું ફળ હાથમાં આવ્યું ત્યારે એ બધું હું વિસરી ગયો અને ખૂબ ફૂલાઇ ગયો.

છાપખાનામાં રોજ તો બે કલાકનું કામ રહેતું પણ દર શુક્રવારે આખી બપોર કામ કરવાનું રહેતું. શનિવાર એ છાપું બહાર પડવાનો દિવસ હતો એટલે શુક્રવારે સાંજે એ છપાઇ ગયા પછી તેને વાળવાનું, કાપવાનું, પીન કરવાનું વગેરે કામ રહેતું. એ કામ છાપખાનાના બધા માણસો મળી હાથોહાથ ઉકેલી લેતા. સાધારણ રીતે એ વખતે કામમાં હરીફાઇ ચાલતી. આવી હરીફાઇને લીધે કેટલીક વાર કામ ત્રણ ત્રણ કલાક જેટલું વહેલું ઉકલી જતું. કોણ સૌથી વધારે છાપાં સૌથી વહેલાં વાળી રહે છે એ હરીફાઇ તો જાણે સામાન્ય થઇ પડી હતી, પણ એક દિવસ અમે કાપનારાઓએ ને પીન કરનારાઓએ હરીફાઇ કરી. કાપવાના સંચામાં ત્રીસ ચાળીસ જેટલાં છાપાં બે થડકલામાં બરાબર ગોઠવી એક લાંબા લોઢાના પાટાથી એ છાપાંને બરાબર દાબી, લાંબી પાણીદાર છરી ફેરવી એ કાગળોને સુંદર રીતે કાપવાના રહેતા. આ છરી ઉપરથી નીચે નાંખવાનું કામ એક પૈડું ફેરવીને કરવાનું રહેતું. એ પૈડું ફેરવનાર એક છોકરો અને સંચામાં છાપાં ગોઠવનાર બીજો છોકરો એમ બે છોકરા એ કામમાં રોકાતા. છાપાં કપાઇ રહ્યા પછી તેને સાંધવા માટે સીવવાના સંચાના ઘાટનો સંચો હતો. તેમાં ઉપર દોરાના રીલને બદલે વાળાનું રીલ રહેતું અને પતરાની ત્રાંસી પાટલી ઉપર છાપું બરાબર ગોઠવી પગ મારવાથી પેલો વાળો છાપામાં પેસી બે છેડેથી કપાઇને વળી જતો. એવા બે ટાંકાથી છાપું સીવવામાં આવતું. એક છોકરો છાપું ટાંકે ત્યારે બીજાએ બીજું છાપું બરાબર વચ્ચેથી ઉઘાડીને તૈયાર રાખવું જોઇએ, જેથી પગ દબાવનારને નકામું ખોટી થવું ન પડે. જો છાપું બરાબર વચ્ચેથી ઉઘાડ્યું ન હોય તો એકાદ પાનું સંધાવું રહી જાય.

આ ટાંકવાનું કામ હું ને કુપ્પુસ્વામી નામનો વિદ્યાર્થી કરતા હતા અને કાપવાનું બીજા બે વિદ્યાર્થી કરતા હતા. એમના એક થડકલામાં ૬૦ થી ૮૦ છાપાં કપાઇ રહેતાં ત્યાં એકે એકે કરી એટલાં જ છાપાં તેઓ બીજો થડકલો તૈયાર કરે ત્યાર પહેલાં અમે ટાંકી રહેતા. એક બે વાર અમે વહેલું પૂરું કર્યું એટલે એમણે ખૂબ જલદી જલદી થડકલા તૈયાર કરવા માંડ્યા. અમે પણ અમારી પૂરી ઝડપથી મંડી પડ્યા. બરાબરની હરીફાઇ ચાલી. કાપનારાઓને વાળેલાં છાપાં જલદી તૈયાર જોઇએ એટલે વાળવાનું કામ પણ ઝડપથી ચાલ્યું અને પરિણામે કાપવાનું પણ ઝડપથી ચાલ્યું. લગભગ બધાં છાપાં તૈયાર થઇ રહેવા આવ્યાં ત્યાં સુધી અમે કાપનારાઓની પાસે સાંધવાનાં છાપાં માગ્યા જ કર્યાં. જો તેઓ જ અમને ખાલી હાથે ઊભા રાખે તો તેઓ હારે. વચ્ચે આવી હાર તેઓએ એકવાર ત્રણેક મિનિટ માટે ખાધી. પણ પછી તો અમારે માથે છાપાંનો ઢગલો કરવા

લાગ્યા. અત્યંત ઝડપ કરી છેવટ સુધી અમે તે બધા પૂરા કરતા ગયા અને અમે માન્યું કે અમે હાર્યા નથી પણ જીત્યા છીએ. ખુશી થઇ અમે તાળીઓ પાડી ત્યાં ફટાફટ જથ્થાબંધ છાપાંનો ઢગલો તેમણે અમારી સામે મૂક્યો. હું તો એકદમ ઝંખવાણો પડી ગયો. હાર અમારે માથે આવી હતી. એનું કંઇ કારણ મને સમજાયું જ નહિ. એ લોકો તો અમને, ખાસ કરીને મને ચીડવવા લાગ્યા, એટલે હું રોવા જેવો થઇ ગયો અને પછી રોયો પણ ખરો. છોકરાઓ તેમજ મોટાઓ સૌએ અમને ચીડવવાનું જારી રાખ્યું.

પ્રેસમાંથી છુટી ઘેર ગયા, જમ્યા અને રમવા ગયા ત્યારે તેમનું ચીડવવાનું બંધ થયું નહિ. મારો કચવાટ બહુ વધી ગયો. લોકોનું મોઢું બંધ કરવા તો કંઇ ઉપાય મને જડ્યો નહિ. છેવટે કુપ્પુએ એમની લુચ્ચાઇ શોધી કાઢી. એમણે થોડાં થોડાં છાપાં ચોરી રાખીને સંતાડી દીધા હતાં. જો અમને પહેલેથી એની જાણ થઈ હોત તો અમે તેમને હરાવત પણ તેમની છેતરપીંડીને લીધે અમારી હાર થઇ. મારો રોષ ક્યાંય માતો ન હતો એટલે હું તો બાપુજી પાસે ગયો અને પ્રેસમાં બનેલી બધી વાત એમને કહી દીધી. તેઓ સાંજની પ્રાર્થનામાં બધાને થોડુંક વઢ્યા એટલે મને ટાઢક વળી અને બધો બનાવ હું ભૂલી ગયો. પણ ત્યાર પછી લગભગ મહિને દહાડે તુલસી રામાયણના વિવેચનમાં કંઇક અનુસંધાનમાં બાપુજી બોલ્યા કે 'એ કંઇ પરભુદાસ જેવા ન હતા કે નાની નાની બાબતમાં ચાડી ખાવા જાય. છોકરાઓનો અંદર અંદરનો કજીઓ છોકરાઓ અંદર અંદર સમજી લે. બહાદુર હોય એ કંઇ પરભુદાસ તે દિવસ મારી પાસે આવ્યો હતો એમ ચાડી ખાવા ન આવે.' આટલું કહી તેમણે રામાયણ આગળ ચલાવ્યું અને હું તે દિવસથી ચાડિયા તરીકે ગવાઇ ગયો. બાપુજીએ મારો પક્ષ લીધો ત્યારે મને થએલું કે મેં ઘણી બહાદુરી બતાવી છે, પણ પછી બાપુજીએ લાગ જોઇ એવો ખંખેર્યો કે ફરી ચાડી ખાવાની બહાદુરી કરવાની મને ભાગ્યે જ હિંમત થઈ. વિદ્યાર્થી પ્રત્યેનું બાપુજીનું ઊંડું નિરીક્ષણ, શીખવવાની ચીવટ, અને શરીરની તથા બુદ્ધિની તાલીમ સાથે હૃદયની તાલીમ આપવાની એમની સહજ કળા મારા ચાડી ખાવાના આ કિસ્સામાં નજરે પડે છે તેથી મેં કિસ્સો જરા વિસ્તાર્યો.

આજે મને લાગે છે કે છાપવાનો ઉદ્યોગ શીખવવામાં બાપુજી મારી પાછળ વધુ કળા વાપરત તો હું સાવ ઉદ્યોગજડ ન રહેત. 'નીતિનાં કાવ્યો'-નું સ્વતંત્ર પુસ્તક મારી પાસે તૈયાર કરાવ્યાથી જે હર્ષ મને પેદા થયો તે જોઇ તેમણે ટૂંકું ટૂંકું ને સુવાંગ કામ મારી પાસે કરાવ્યું હોત તો ઝડપથી સારૂં કામ કરનારો 'બીબાંકારીગર' હું થઇ શકત અને સાંજની પ્રાર્થનામાં મારી ભૂલો માટે બાપુજીને લમણાઝિક કરવી' પડતી તે ન કરવી પડત.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**

મેંદીનાં પાન . . જેનો ખરો રંગ લાગશે તો સદા તમારા આત્માને સોહાવી રહેશે.



દીન અને પતિત લોકોને માતા જેવી પ્રેમની નજરથી જોનાર માણસ જ સાચો મહાત્મા છે.

તમો પ્રાર્થના ન કરો તો યે ચાલી શકે. પણ કોઇની નિંદા કરીને અંતરમાં સડો પેદા કરો તે તો ન જ ચાલી શકે.

કમાણી માટે નચિંતપણું, આરામ અને બહુ નજીકનો પડોશ, એ ત્રણ વસ્તુ નિંદા અને છાયાન્વેષણનાં પ્રેરક બળો છે.

સાચી સંસ્કૃતિ એ છે, જેમાં માણસ પોતાને જોઇતો દરેક હક્ક, બીજા દરેકને માટે પણ સાબૂત રાખે છે.

સુખની પાછળ કદી નથી પડાતું; એને ભેટી જ શકાય છે. માત્ર એ પોતાને રસ્તે ક્યાં અને ક્યારે આવે છે એની જ માણસે તકેદારી રાખવાની રહે છે.



જગતના દેશોના રાજકારણના ચાલુ અગત્યના પ્રશ્નોની અત્યંત સરળ ભાષામાં ટૂંકી પિછાન આપતી લેખમાળા

[૪] વિશ્વાસઘાતનો પ્રત્યાઘાત

નાઝીવાદ પ્રત્યે સૂગ બતાવતા બ્રિટનને થોડા જ દિવસો પર હીટલરે ટોણો મારેલો કે પહેલાં પાલેસ્ટાઇનની આગ ઓલવો, પછી બીજે માથું મારવા નીકળજો અને એ વાત સાચી છે. પાલેસ્ટાઈનમાં ચાલતી દમનનીતિએ બ્રિટનને જગતની આંખે ઉઘાડું પાડયું છે કે તેનો સામ્રાજ્યવાદ ફાશીઝમ કે નાઝીવાદથી જરા યે ઊતરતો નથી. એક પછી એક કમીશનો ને મુસદ્દીઓની દોડાદોડ અને તે સામેના આરબોના મક્કમ વલણે યુરોપની કટોકટીમાં વીસરાઇ ગએલા એ પ્રશ્નને પાછો જગબત્રીસીએ ચડાવ્યો છે. ઇંગ્લંડને ધોરણે પાલેસ્ટાઇનનું એ ઉત્થાન વિદ્રોહ ગણાયું છે. પણ તવારીખ એને માટે શું કહે છે?

વિષુવવૃત્તથી તે ભૂમધ્ય સાગર સુધી ને હિંદની સરહદથી તે આંટલાંટિકના પૂર્વકિનારા સુધી વિસ્તરી રહેલા ઈસ્લામના મહાખંડ પર નજર નાખો. અરબ રાષ્ટ્ર એ આ મહાખંડનો એક પ્રબળ એકમ છે. ઓગણીસમી સદી સુધી એ અંધારકૂપમાં જ સબડતું હતું, પણ વીસમી સદીમાં એને ભાન થયું કે આપણા અજ્ઞાને આપણા રાષ્ટ્રીયત્વનો ભયંકર દ્રોહ થઇ રહ્યો છે. અરબસ્તાન, ઇરાક, સીરિયા, પાલેસ્ટાઈન, મિસર, ટ્રિપોલી, ટયુનિસ, અલજીરિયા ને મોરોક્કોના અરબ આધિપત્યનો તુર્કી અને ઇરાન, ફ્રાન્સ અને ઇંગ્લંડ, ઈટલી, સ્પેન અને રશિયા ખગ્રાસ આદરી રહ્યા છે. અને એ ભાન સાથે જ અરબ આઝાદીના ઉત્થાનનું મંગળાચરણ થયું.


૧૯૦૮માં તુર્કીએ પોતાનું નવું રાજ્યબંધારણ જાહેર કર્યું ને એ સાથે જ અરબ હીલચાલ એની ટોચે પહોંચી. ઉપર ગણાવેલા બધા દેશો ત્યારે તુર્કીના એકછત્ર નીચે ઉસમાનિયા સામ્રાજ્યમાં શામિલ હતા. રાજબંધારણ જાહેર થતાં જ પારીસ, કાઇરો ને મક્કામાં એના વિરોધ માટે રાજદ્વારી કૉન્ફરન્સો ભરાઇ, ને રાજકીય ચળવળ ચલાવવા અનેક જાહેર ને ખાનગી સંસ્થાઓની પ્રસ્થાપના થઈ. ઉસમાનિયા શાસકોએ એ પુણ્યપ્રકોપનું સત્ત્વ પિછાન્યું ને કંઈક નમતું મેલવા તૈયાર થયા, પણ અરબોને સંપૂર્ણ સ્વતંત્રતા જ જોઇતી હતી. તુર્કીએ એનો જવાબ છાપખાનાંને મોઢે ડૂચો મારી, દમીશ્ક, બૈરૂત ને જેરૂસલેમમાં કેદ ને ફાંસીના ફારડાથી આપ્યો.

યુરોપમાંથી જ એક જબરામાં જબરૂં સામ્રાજ્ય જમાવી બેઠેલું એકનું એક ઈસ્લામી રાષ્ટ્ર તુર્કી ત્યાંની ખ્રિસ્તી સત્તાઓને આંખના કણાની માફક ખૂંચતું હતું. તેમાં યે ફ્રાન્સ અને બ્રિટનને લાલ સમુદ્ર પરનો તેનો કાબૂ વધુમાં વધુ દહેશત આપતો હતો, એટલે તુર્કી વિરુદ્ધના આ અરબ ઉત્થાનને એ યુરોપીય રાષ્ટ્રોએ સહાય કરવા માંડી.

એવામાં મહાયુદ્ધ આવ્યું. અને તુર્કી બ્રિટન વિરુદ્ધ જર્મનીની તરફેણમાં ભળ્યું કે તરત જ મિસરમાંના બ્રિટિશ હાઇ કમિશનર સર હેન્રી મૅકમૅહને ૧૯૧૬ના મેમાં મક્કાના શરીફ હુસેન પાસે પોતાના દલાલો મોકલાવ્યા. એક એડન સિવાય સુએઝની પૂર્વનો બધો મુલક તેને સોંપી દઇ, પાન-અરબ સામ્રાજ્ય ઊભું કરવાનું તેને વચન આપ્યું. એ વચનને આધારે હુસેને તુર્કી પાસેથી હેજાઝ છીનવી લીધું ને પોતાને રાજા જાહેર કર્યો. એ જ વખતે યુદ્ધનો પશ્ચિમ મોરચો નબળો પડતો જતો જોઇ, તુર્કીને પૂર્વમાં જ કોઈ અટકાવી રાખનાર મેળવવા અંગ્રેજ ને ફ્રેન્ચ આંખો ફેરવવા માંડી હુસેનના છોકરા ફૈઝલને એમણે એ જવાબદારી ઉપાડવા વિનવ્યો. ને એણે એક પછી એક પ્રદેશો તુર્કી પાસેથી છીનવી લેવા માંડયા.

મહાયુદ્ધ ખતમ થયું ને દુશ્મન સંસ્થાનોની વસાઇમાં પીંખાવટ ચાલી. યુદ્ધદંડનો અસહ્ય બોજો દુશ્મનો પર નાખી, મિત્રરાજ્યોએ મનફાવતી રીતે મધ્ય યુરોપ અને બાલ્કન પ્રદેશના પ્રશ્નોનો અંત આણ્યો. અરબો પણ આશાભર્યા પોતાનો હિસ્સો મેળવવા ગયા. એમને સ્વપ્ને યે ખ્યાલ





વિષુવવૃત્તથી ભૂમધ્યસાગર સુધી ને હિંદની સરહદથી આટલાંટિકના પૂર્વ કિનારા સુધી વિસ્તરેલો ઇસ્લામનો મહાખંડ

ન હતો કે એમને પાન–અરબ સામ્રાજ્યનું વચન આપતી વખતે જ બ્રિટશોએ સીરિયાનો મોટો ભાગ ફ્રેન્ચોને આપી દેવાની કબૂલાત આપી દીધેલી.

આમ મહાયુદ્ધની શામિલગીરી અરબો માટે તો હાંસી થઇ પડી. બધાં વચનો નેવે મૂકાયાં. ફ્રાન્સે લેબનોન લીધું, પણ સીરિયા એને આખું જોઇતું હતું, અને અરબોના આશ્ચર્ય વચ્ચે જનરલ ગોરોએ, ફૈઝલે જીતેલો એ આખો યે પ્રદેશ, લશ્કરી બળથી છીનવી લીધો.

એવું જ મેસોપોટેમિયા ને પાલેસ્ટાઈનનું બન્યું. બ્રિટનના વડા પ્રધાન લૉર્ડ બાલ્ફરે ૧૯૧૭ના નવેંબરમાં જ યહૂદીઓને તેમના ‘નૅશનલ હોમ’ તરીકે પાલેસ્ટાઈન સોંપી દેવાની જે કબૂલાત કરેલી, એ અનુસાર તેના બે ભાગલા પાડી નાખ્યા.

તુર્કી કરતાં યે આ વિશ્વાસઘાતથી મિત્રરાજ્યોએ અરબોની બૂરી વલે કરી. અરબોએ પણ એ અકુદરતી પ્રયોગના સામના માટે એવો જ પ્રબળ પ્રત્યાઘાત જન્માવ્યો. મિત્રરાજ્યો વચ્ચે એક માત્ર ઇન્સાનિયત જાળવી રહેલા વિલ્સનને એમણે પોતાની કમનસીબી સંભળાવી. વિલ્સને પ્લેબીસીટ કમિટી પણ બેસાડી, પરંતુ અમેરિકન કૉંગ્રેસના એ પ્રશ્ન સામેના પ્રખર વિરોધથી એ લાઇલાજ નીવડ્યો.

ત્યાર પછીનો ઇતિહાસ તે મિત્રરાજ્યોના એ વિશ્વાસઘાત સામેના અરબ પ્રત્યાઘાતનો–ખૂન અને ફાંસીનો–જ ઇતિહાસ છે. પોતાના હમદીન ને પડોશી તુર્કી વિરુદ્ધ અરબો ઊઠેલા તે યુરોપિયનોની કદમબોસી કરવા નહિ. સીરિયાએ ફ્રાન્સ સામે બળવો પોકાર્યો. ફ્રાન્સની મશીનગનો ચાલી ને હજારો ખતમ થયા. ઍંગ્લો–જ્યૂઇશ કરારોના વિરોધમાં ૧૯૨૯માં પાલેસ્ટાઇન ઊઠયું ને આજ સુધી ત્યાં કત્લેઆમ ચાલુ છે. ૧૯૨૦માં ઇરાક બ્રિટિશ વિરુદ્ધ ઊઠયું, એની યે એ જ વલે થઈ, ને એમાં સાથ આપનાર રાજા હુસેનને સાઇપ્રસ દેશનિકાલ કરવામાં આવ્યો.

હુસેનના દેશનિકાલ થતાં ઘડીભર તો એ આખી યે રાષ્ટ્રીય ચળવળ ભાંગી પડવાની દહેશત લાગવા માંડી, પણ ત્યાં ૧૯૨૪માં એ રેગિસ્તાનમાં એક નવો જ સિતારો ઉદય પામ્યો. એનું નામ અબ્દુલ અઝીઝ ઇબ્ન સૌદ. નજદમાંથી બહાર પડી, હેજાઝ સર કરી આજે અરબસ્તાન આખા પર એણે પોતાનો કબજો કર્યો છે, ને ઇસ્લામની મોટામાં મોટી સત્તા બની ચૂકેલ છે. પાન–અરબ ચળવળનો આજે એ જ સુકાની છે. ઉત્તરના અરબ દેશો પરના વિદેશી આધિપત્યને એ અન્તઃકરણપૂર્વક ધિક્કારે છે. આજે તે ખામોશ છે એનું કારણ, બ્રિટિશ કયે ધોરણે એ પ્રશ્નનો નિકાલ આણે છે તેની તે રાહ જુએ છે. એની ઇચ્છા મુજબ નિકાલ આવશે તો તો છેવટ સુધી એ ખામોશ જ રહેશે. પણ એમ ન બન્યું તો જોર્ડન ને જેરૂસલેમથી બગદાદ ને દમીશ્ક સુધી વંટોળીઆ માફક ઘૂમી વળતો તેને કોઇ રોકી શકે તેમ નથી.

અરબો આજે સમજે છે કે ઇંગ્લીશ કોન્ઝર્વૅટિવો, ફ્રેન્ચ રીપબ્લિકન રેડિકલો કે ઇટાલિયન ફાશિસ્ટો, બધા યે વેપારીવૃત્તિ ને શાહીવાદી છળવૃત્તિના જ કીડા છે. એમની એક જ નેમ રહે છે; લંડન, પારીસ કે રોમ માટે બજારો ઊભાં કરવાની. અરબોએ એ વિદેશી જડોને ખાખ કરવા જ આઝાદીનો તણખો પ્રગટાવેલો છે અને બેયોનેટો કે મશીનગનો, જેલખાનાં કે ફાંસી, કોઇમાં એ ઓલવવાની તાકાત નથી.



મધુકરી

સન્ધ્યા ને બીજ બંને યે અંગ એક જ દશ્યનાં!
અંતરો કાલનાં જૂઠાં, ભૂતનાં ને ભવિષ્યના!

તો તારે યે સખે! સન્ધ્યા કાજ ના 'ક્રન્દવું ઘટે,
બીજથી નન્દવું એ યે સન્ધ્યાને વન્દવું જ છે!

—શેષ

ભારતીય ઇતિહાસના સૂર્ય સ્વ. કાશીપ્રસાદ જાયસવાલ

'મને દઢ વિશ્વાસ છે કે મારી જાતિ જીવતી છે.'

જાયસવાલજીના વ્યક્તિત્વનો સાર અને એમની વિદ્વત્તાની આ જ ધરી હતી. આપણા રાષ્ટ્રની ગઇ બે પેઢીઓએ ઘૂંટીઘૂંટીને એ જ શિક્ષણ મેળવ્યું હતું કે ભારતવાસીઓએ પોતાના લાંબા ઇતિહાસમાં કદી રાજનૈતિક ક્ષમતા નથી બતાવી. હિંદીઓનાં લોહી અને વાતાવરણમાં સ્વતંત્ર રાજનૈતિક સંસ્થાઓ ન કદી પેદા થઇ શકે છે કે ન જંતરી શકે છે: વિજ્ઞાન, શિલ્પ, કલા અને બીજા કોઇ પણ ઐહલોકિક ક્ષેત્રમાં ભારતવાસીઓએ કદી કોઇ મૌલિક ચિન્તન યા રચના નથી કરી અને ધાર્મિક કલ્પનાઓમાં મગ્ન રહેવું તથા જે તે શક્તિશાળી પાડોસી આગળ શીશ ઝુકાવતા રહેવું એ જ ભારતીય જાતિની સહજ પ્રકૃતિ છે. જ્યારે આપણા દેશના અધ્યાપકો, લેખકો ને વિચારનેતાઓ આ વિચારોની સામે સર ઝુકાવી ખડા હતા ને ચૂંકારો કરવાની યે હિંમત નહોતા કરતા, એ સમયે જાયસવાલજીએ બેધડક ગર્જના કરી—'નહિ.' અને છાતી ઠોકીઠોકીને મુકાબલાને દાટી દીધો.

આપણી રાજનૈતિક સ્વતંત્રતાની લડાઇમાં જે સ્થાન બાલ ગંગાધર ટિળકનું છે એ પદ આપણા સ્વભાવની સ્વતંત્રતાની લડાઇમાં સ્વ. કાશીપ્રસાદ જાયસવાલનું છે. આ લડાઇમાં જાયસવાલજી એકલા એક સેનાની બરાબર હતા. એમની એ સૂઝ અને હિંમત–અથવા હિંમતભરી સૂઝ જ એમની મૌલિકતાનું તત્ત્વ હતું. સ્વતંત્ર મૌલિક ચિંતન અને રચના કરવાની હિંમત આપણે લોકો આજ ચૌદ સો વર્ષથી ખોઇ બેઠા છીએ. પહેલાં આપણે પુરાણોના ગુલામ બન્યા—કોઇ નવી વાત, જે શાસ્ત્રોમાં ન કહેવાઇ હોય એ વિચારવાની કે કહેવાની આપણને હિંમત ન થતી. આજે આપણા મોટા ભાગના 'શિક્ષિત' વિચારકો પાશ્ચાત્ય વિદ્વાનોના ગુલામ છે. આપણી સરકારી વિદ્યાપીઠોમાં જબરા જબરા પગારો ખાનારા અધ્યાપકોમાંથી સેંકડે સત્તાણું માત્ર ગ્રામોફોન છે. એ પ્રવાહમાં ઊતરે છે તો કમરમાં રસ્સી બાંધીને, જે રસ્સીનો બીજો છેડો કૅમ્બ્રિજ કે ઑક્સફર્ડની ખીંટીઓમાં



સ્વ. કાશીપ્રસાદ જાયસવાલ

બંધાએલો હોય છે જાયસવાલને ન એ ઝડપી પ્રવાહનો ડર હતો, ન એની ઊંડી ધૂમરીઓનો. પોતાના સીનાના દમને ભરોસે એ ચાહે ત્યાં કૂદી પડવા તૈયાર રહેતા હતા, કારણકે એમના દિલમાં પોતાના રાષ્ટ્રને પુનર્જીવિત દેખવાની ઉત્કટ લગની હતી અને એ પુનર્જીવન માટે સ્વતંત્ર વિચારોના આશ્રયદાતા તરીકે એ ઓળખાતા હતા; એટલે જ્યાં ક્યાંઇ મૌલિક વિચાર ને શોધખોળની પ્રવૃત્તિ દેખાય કે તેને ઉત્સાહિત કરવી તેને એ પોતાનો કર્તવ્યધર્મ સમજતા હતા.

એમના બે ગ્રંથો (૧૯૨૪–૨૫માં બહાર પડેલું 'હિન્દુ પૉલિટી' અને ૧૯૩૦માં બહાર પડેલું 'મનુ ઍન્ડ યાજ્ઞવલ્કય')માં એમણે ભારતીય ઇતિહાસમાં આપણી દૃષ્ટિને એકદમ પલટો આપી દીધો છે. એ બંને ગ્રન્થોમાં એવી સૂક્ષ્મ ઐતિહાસિક પ્રતિભા પ્રકટ થઈ છે, જેનો મુકાબલો આધુનિક ભારતમાં ન થઇ શકે. યુરોપિયન રાજ્યસંસ્થા અને કાનૂનના ક્રમવિકાસનો લોકો બારીકાઈથી અધ્યયન કરી રહ્યા હતા ત્યાં જાયસવાલજીએ હિન્દુ રાજ્યસંસ્થાને પણ એવા જ અધ્યયનનો વિષય બનાવી દીધો.

સન ૧૯૧૪થી જ જાયસવાલજી પટણા આવી ગયા હતા. ૧૯૧૫માં '(બિહાર–ઓરિસ્સા રીસર્ચ સોસાઇટી'ની સ્થાપના થઇ. એ સંસ્થાના તેઓ શરૂઆતથી જ કર્ણધાર અને અંતમાં તો પ્રાણ રહ્યા હતા. એના 'જર્નલ'ની ફાઇલો એમની વિદ્વત્તાનું સ્મારક છે.

પટના મ્યૂઝિયમના પ્રવેશદ્વાર પર એક ચામરધારિણીની માનવકદની સુંદર મૂર્તિ રાખેલી છે. એ જ નમૂનાની પુરુષમૂર્તિઓ કલકત્તા અને મથુરાના મ્યૂઝિયમોમાં છે. એ મૂર્તિઓ ઈસુની બીજી સદીની યક્ષમૂર્તિઓ માનવામાં આવતી હતી. પરંતુ જાયસવાલજીએ એના પર કોરાએલા લેખોની પુનઃ પરીક્ષા કરી કહ્યું કે બુદ્ધના સમકાલીન શિશુનાગ રાજાઓની એ મૂર્તિઓ હતી. એમની આ શોધે ભારત અને યુરોપના ભારતવેત્તાઓમાં યે ખળભળાટ મચાવી દીધો, કારણ કે ત્યાં સુધી એમ માનવામાં આવતું હતું કે ભારતમાં મૂર્તિકલા અશોકના સમયે ઇરાનથી આવી અને લિપિ લગભગ ઈ. પૂ. ૬૫૦માં બાબુલથી!

બીજું એક કામ જાયસવાલજીએ સન ૧૯૧૭માં સ્વ. રાખાલદાસ બેનર્જીની સાથે મળી શરૂ કર્યું ને તે ખારવેલનો હાથીગુફા–અભિલેખ ઉકેલવાનું. ૧૪ વરસ સુધી એ કામ પાછળ લાગી, ઠેઠ ૧૯૩૦માં આ બંને મહાન પુરાતત્ત્વવેત્તાઓએ એ લેખનું અંતિમ રૂપ નક્કી કર્યું. 'હિન્દુ પૉલિટી' અને 'મનુ ઍન્ડ યાજ્ઞવલ્કય'માં જાયસવાલની સૂક્ષ્મ ઐતિહાસિક પ્રતિભા પ્રકટ થઇ હતી. આ ઘસાએલા દુઃસાધ્ય લેખને એમણે ઉકેલતાં માલૂમ પડી આવ્યું કે જેવા એ ઐતિહાસિક હતા, એવા જ પુરાતત્ત્વાન્વેષક (archeologist) અને પુરાલિપિજ્ઞ (epigraphist) પણ હતા.

ભારતીય ઇતિહાસની ઈ. ૨૦૦ પછીની એક સદીને વિન્સેન્ટ સ્મિથે અંધારી સદી કહેલી. જાયસવાલજી એ અંધારી સદીનું અંધારું મિટાવવાની ઘોષણા કરી એ કાર્ય પાછળ મંડયા અને ઇ. ૧૯૩૨માં, 'ભારતવર્ષનો ઇતિહાસ –ઇ. ૧૫૦થી ઈ. ૩૫૦ સુધી' પ્રકટ કરી એ અંધારી સદીને જાહેર બનાવી દીધી. એમની અન્તિમ મહત્ત્વપૂર્ણ કૃતિ એમનો 'નેપાલનો ઇતિહાસ' છે. પરંતુ જ્યારે એ પુસ્તક છપાઇ આવ્યું, ત્યારે તો એમની એ હાલત થઈ ગઇ હતી કે તેઓ કંઇ દેખી જ નહોતા શકતા.

સત્તર સત્તર વર્ષ હાઇકોર્ટમાં ઊભે પગે 'માઇ લૉર્ડ, માઇ લૉર્ડ' કરતા જાયસવાલજીને બૅરિસ્ટરી કાંટાની માફક ખૂંચી રહી હતી. રાષ્ટ્રીય ઇતિહાસની ચિનગારી ફરી એમના દિલમાં જાગી ઊઠી માસિક ૧૨૯૦ રૂપિયાની યુનિવર્સિટીની કાર્માઇકેલ સીટ પણ એમણે ઠોકરે મારી. એમને પ્રોફેસરી કરવાનું મન થયું. એ પણ કોઇ રદ્દી ધંધો નથી એમ તેમને લાગ્યું. થોડું અહીંથી, થોડું તહીંથી એમ ખર્ચ કમી કરીને પણ પોતાની સાધના પૂરી કરવાનો નિર્ણય કર્યો.

ભારતવર્ષની યુનિવર્સિટીઓને ત્યારે જ ખબર હોત કે જાયસવાલજી વેચાઉ છે તો બાર પંદરસોની બોલીમાં તો કોઇ પણ તૈયાર થઇ જાત. પરંતુ લોકોએ શું વિચાર્યું? વકીલાતમાં અસફળ નીવડયા તેથી પ્રોફેસરી કરવા નીકળ્યા છે! આ અભાગી દેશમાં જ્યાં લોકો હરામના પગારો ખાઇ એશઆરામ કરે છે, ત્યાં કોઇને એમ સૂઝે પણ ખરું કે રાષ્ટ્રસેવાનો વિચાર જ એમને એ પથ પર ખેંચી લાવ્યો છે? એમણે જોયું કે પોતાને રાષ્ટ્રની સેવા કરવી છે, તો આ ગરીબ રાષ્ટ્ર જેટલું આપી શકે એટલું જ વેતન લેવું જોઇએ. સાત આઠ હજારની માસિક આવકની બૅરિસ્ટરી છોડી, એમણે માસિક ૫૦૦ રૂપિયામાં ગુજારો કરવાનું નક્કી કર્યું હતું.

ઉત્તર ભારતની એક યુનિવર્સિટીએ એમને રાખ્યા, પણ થોડા જ વખતમાં એક તુચ્છ બહાનું કાઢી તેમને છુટા કરવામાં આવ્યા. એ એટલું તુચ્છ અને એટલું બેહૂદું છે કે સાંભળવાવાળો પણ સ્તબ્ધ બની જાય. એનો સ્પષ્ટ અર્થ એ હતો કે કોઈ યોગ્ય પુરુષ એમની વચ્ચે રહી જનતાની દૃષ્ટિમાં એમની કીમત ઘટાડી દે અને એમના એશમાં ખલેલ પાડે એ સત્તાધારીઓને રૂચતું ન હતું.

પરંતુ જાયસવાલજીના દિલની આગ એમને ચેન લેવા દે તેમ ન હતું. અહીંથી નિરાશ થઈ એમણે વડોદરા ઓરીએન્ટલ કૉન્ફરન્સના પ્રમુખપદેથી પોતાનો પ્રસ્તાવ રજૂ કર્યો (ડીસેમ્બર ૧૯૩૩) કે, ભારતવર્ષનો એક સમન્વયાત્મક ઇતિહાસ લખવામાં આવે. ભારતીય વિદ્વાનોને માટે એવો ઇતિહાસ એક મધુર સ્વપ્નું હતું અને એ સ્વપ્નું જાયસવાલજીના પ્રસ્તાવમાં ચરિતાર્થ થતું દેખાયું. કોણ કયા વિષય પર લખશે અને કોણ કોણ સાધારણ સંપાદકો હશે એની યોજના પણ

ઘણીખરી ઘડાઇ ગઈ હતી. બધાને એ આશા હતી કે મહારાજ ગાયકવાડ આ યજ્ઞમાં પહેલા હોતા બનશે. પણ જ્યારે એ કંઇ રકમ ન આપી શકયા ત્યારે પણ કોઇની આશા ન તૂટી. જાયસવાલજીએ બીજા કેટલા યે મોટા માણસો અને સંસ્થાઓ સાથે પત્રવહેવાર ચાલુ રાખ્યો.

પરંતુ ધીમે ધીમે એ સૌની તરફથી એ નિરાશ થવા લાગ્યા. રાષ્ટ્રના ધનિકો, રાષ્ટ્રના નેતાઓ, રાષ્ટ્રની સંસ્થાઓ અને છેલ્લે ખુદ રાષ્ટ્ર પર તેમને અફસોસ ઊપજ્યો. 'સર્ચ-લાઇટ'ના કૉંગ્રેસ સુવર્ણમહોત્સવવાળા એમના લેખમાંની એમની એ દર્દભરી પુકાર કયા હિંદુસ્તાનીના દિલને નહિ સાલે? પોતાની જીવનભરની સેવા બાદ એ લખે છે, 'હું એવો અનુભવ કરી રહ્યો છું, જાણે મારા રાષ્ટ્રમાં એ યોગ્યતા જ નથી રહી કે એનો ઇતિહાસ લખવામાં આવે!' 'હિન્દુ પૉલિટી'ના લેખકની કલમથી નીકળેલા આ શબ્દો કયા સાચા હિંદુસ્તાનનીને બરછીની પેઠે નહિ ખૂંચે?

ઈ. ૧૯૩૨માં જાયસવાલજીની સલાહ અને સહયોગથી મેં 'ભારતીય ઇતિહાસકા દિગ્દર્શન' શરૂ કરેલું એમને પણ એ રચના પ્રિય હતી અને ૧૯૩૫માં વિલાયત જતી વખતે સંશોધન માટે તેઓ એ સાથે લઈ ગયા હતા. ત્યાં સુધી હું મરાઠા યુગ સુધી પહોંચ્યો હતો. ચિત્રોનો પ્રશ્ન આવ્યો; એટલે ખુદ આદેશ આપ્યો કે જે જે ચિત્રો દેવાં હોય તેમનાં મૂળ ફોટોગ્રાફો મગાવવાં. એ કામમાં આખું વર્ષ નીકળી ગયું. વચ્ચે એકાદ બે વખત એમણે આતુરતાથી પૂછેલું,—'દિગ્દર્શન' પૂરું થયું કે નહિ? મેં જવાબ આપેલો,'હજી બ્રિટિશ યુગનું મારું અધ્યયન પૂરું નથી થયું' અને એ ચૂપ રહેલા. હું એ કાર્ય પૂરું કરતો જ રહ્યો ને એ ચાલી નીકળ્યા!'
(વિશાલ ભારત) —શ્રી જયચન્દ્ર વિદ્યાલંકાર

શિવનેરી

ઊંચી ભૂમિ પર ટેકરીઓની બેવડી કતારથી ઘેરાએલું જુન્નર આજે ખંડિયેરોના ખડકલા જેવું ઊભું છે, પરંતુ એવાં એવાં એ ખંડિયેરો પણ પોતાની ભવ્યતાની ઝાંખી કરાવ્યા સિવાય નથી રહેતા. ભૂતકાળમાં એ આબાદ નગર હોવું જોઇએ. કેટલાક તો કહે છે કે દખ્ખણની રાજધાની જ એ હતું. એની કુદરતી કિલ્લેબંદી અપૂર્વ છે. નજર પણ ન પહોંચે ત્યાં સુધી પથરાએલાં એકમેકથી ઊંચાં શિખરો ખબરદાર સંત્રીઓ પેઠે જાણે તેનો પહેરો ભર્યા કરે છે. એની નજીકમાં જ એ ટેકરીઓથી નિરાળો એવો એક જબરો ખડક ઊભેલો છે, જેના પર પણ એક કિલ્લાનાં હાડ ઊભાં છે.

એ કિલ્લો તે શિવનેરી અથવા શિવનગરી. આજથી લગભગ ત્રણસો વર્ષ ઉપર આ ખંડિત કિલ્લાના કોઇ અજાણ્યા ખૂણામાં એક બાળકનો જન્મ થયો, જે પાછળથી છત્રપતિ શિવાજી તરીકે મશહૂર બન્યો.

મહારાષ્ટ્રનો ઇતિહાસ હિંદુસ્તાનના બીજા ભાગો કરતાં ઘણી બાબતમાં જુદો પડે છે. દિલ્હી, અજમેર, રણથંભોર અને કનોજ ઉપર ઇસ્લામની બીજકલા ફરી વળેલી ત્યારે પણ મહારાષ્ટ્ર સ્વતંત્ર રહ્યું હતું. દખ્ખણનો ઘણોખરો મુલ્ક ઝબેહ કરનાર અહમદનગરની નિઝામશાહી ને વિજાપુરની આદિલશાહીના અમલમાં પણ એ સ્વાતંત્ર્ય એણે ટકાવી રાખ્યું હતું, પણ મુગલાઇએ પચાસ જ વરસના પોતાના અમલમાં એ નષ્ટ કરી નાખ્યું.

જુન્નર મુસ્લિમ કબજાગીરીમાં ગયા બાદ જાગીર તરીકે કોઇ હબશી ગુલામને તે બક્ષિસ કરવામાં આવ્યું હશે. એનો મહેલ અને એની દરગાહ એ બે જ બધાં ખંડિયેરોમાં હજુ કાયમ રહ્યાં છે.

આજથી હજાર વર્ષની યે પહેલાં જુન્નર આસપાસની ટેકરીઓમાં લોકોએ ચૈત્યો ને ગુફાઓ કોરી કાઢેલાં, જેમાં સાધુ પુરુષો જનતાના પરિત્રાણ માટે પ્રયત્નશીલ રહેતા. એક ગુફામાં દખ્ખણના પ્રિય દેવ ગણેશનું મંદિર છે. યાત્રીઓને સવડ થાય એટલા માટે મહારાણી અહલ્યાબાઇએ ડુંગર પર પગથિયાં બંધાવી આપેલાં છે. મનમોડી ટેકરીની કેટલીક ગુફાઓમાંના શિલાલેખો હજુ જળવાઇ રહ્યાં છે, તે પરથી તારવી શકાય છે કે તેમાંની એક ભૃગુકચ્છના એક વેપારીએ અને એક કાઠીઆવાડના શક ક્ષત્રપના કોઇ પ્રધાને બંધાવેલી. તુલની ટેકરી પર પણ દસ બાર ગુફાઓ છે.

આ બધી ટેકરીઓ વચ્ચે સીધી જ રેખામાં શિવનેરીની ટેકરી હજારો ફૂટ ઊંચી ફૂટી નીકળે છે. એની ટોચે પહોંચવા માત્ર એક જ બાજુએ એક કેડી છે. પણ એ કેડી એટલી તો કઠણ અને સાંકડી છે કે ભાગ્યે જ ત્રણ માણસો એક સાથે આગળ વધી શકે છે.

જુદે જુદે અરસે બંધાએલા ગઢના નવ પ્રવેશદ્વારો (તોરણો) આ કેડી પરથી દેખાય છે. અરધીએક ટેકરી ચડયા બાદ ઠીક ઠીક પહોળાં પગથિયાંની પંક્તિ શરૂ થાય છે. આ પગથિયાં દૂરના આવરિત ભૂતકાળમાં કિલ્લાના રક્ષકો અને તેના ચોકીદારો વચ્ચેનો વ્યવહાર ટકાવતાં હશે. આ મૂગા પત્થરોને જો વાચા હોત તો આપણા હિંદવી ઇતિહાસના જ્ઞાનમાં એમણે સમૂળ ક્રાન્તિ આણી દીધી હોત. શકો, ચાલુકયો, રાઠોડો, મુગલો ને મરાઠાઓ–દખ્ખણ પર વર્ચસ્વ સ્થાપવા મથનાર કોઇ પણ સત્તાને આ દુર્જેય કિલ્લો તો જીતવો જ પડયો હશે. અને એ જિગીષામાં ખપી જનારાઓનાં પ્રેતો કદાચ હજુ યે એ ખંડિયેરોમાં ભમતાં રહ્યાં હશે.

નવ તોરણો પસાર કર્યા બાદ કિલ્લાનો મુખ્ય દરવાજો આવે છે. જમણી બાજુએ એક રસ્તો સીધો શિવાજીની વરદા દેવી ભવાનીના મંદિર સુધી જાય છે. મંદિર પત્થરનું બાંધેલું છે ને અંદરના ભાગમાં લાકડા પર સુંદર નકસી કરેલી છે.

કિલ્લાને બે કોટ બાંધેલા છે. મુખ્ય દરવાજેથી જ ત્રણસોએક ફૂટ ઊંચે જતાં પગથિયાં બાદ બીજો કોટ અથવા

બુરજ આવે છે. ઈંટના બાંધેલા આ બુરજમાં કિલ્લેદારના રહેઠાણ તરીકેના બે માળના આજે ભગ્નાવશેષ મકાનમાં જીજીબાઇએ શિવાજીને જન્મ આપેલો.

હિંદની રાજકીય ક્ષિતિજ પર ત્યારે એક નવા યુગની લાલિમા ફૂટી રહી હતી. બ્રાહ્મણી સુલતાનોનું ગૌરવ પાદાક્રાન્ત થઇ ચૂક્યું હતું, ને દક્ષિણની ત્રણ મુસ્લિમ સત્તાઓએ તેનું ખાલી સ્થાન લીધું હતું. નુરદ્દીન જહાંગીર ત્યારે હિંદુસ્તાનનો સાર્વભૌમ બાદશાહ હતો. કોઇને સ્વપ્ને યે એ ખ્યાલ ત્યારે નહિ આવેલો કે અધોગત હિંદુ જાતિને ઉદ્ધારીને આ બાળક જ હિંદનો આખો ઇતિહાસ ફેરવી નાખશે; વિજાપુરની આદિલશાહીની પણ શેહ ખાતા કિલ્લેદારનો પુત્ર મુગલાઇ પર વજ્રાઘાત કરશે; એના આદર્શોથી દીક્ષિત થએલા મરાઠા સૈનિકો સતલજથી કોમોરીન અને અરબી સમુદ્રથી બંગાળના ઉપસાગર સુધી ભગવો નેજો ફરકાવશે. અને સાથોસાથ એ પણ ખ્યાલ કોઇને નહોતો કે એના જ વંશજોના બ્રાહ્મણ મંત્રીઓ વિલાસ, અનેપુણ્ય, કાવાદાવાખોરી ને કૃતઘ્નતાથી એણે ઊભું કરેલું હિંદુ મહારાજ્ય નષ્ટભ્રષ્ટ કરી નાખશે.

આ ઉત્તુંગ શિવનેરીનો એકે એક પત્થર ઇતિહાસનાં સંસ્મરણો જગાડે છે. એની દુર્જેય દીવાલો પર તોપોની ધણેણાટી ગાજી હશે. એના કોઠાના ઉદરોમાં અનેક અસ્ત્રશસ્ત્રોના નિર્ઘોષ શમ્યા હશે. કેટલાયે શહીદોનાં લોહીએ એના પત્થરોને પણ આર્દ્ર બનાવ્યા હશે. એ શિવનેરીએ જ છેલ્લા શ્વાસ લેતા શિવાજીની આંખો ઝીલી હશે.

પણ માનવસ્મૃતિ બહુ મર્યાદિત છે, અને એ કારણે શિવનેરીની આજે એ જીર્ણશીર્ણ અવસ્થા થઇ છે. આજના મરાઠાઓએ પેશવાના રાજનગરમાં શિવાજીનું જબરૂં પૂતળું ઊભું કર્યું છે, પણ શિવાજીના આ જન્મસ્થાન, આ ક્રીડાભૂમિને બિલકુલ ઉપેક્ષિત રાખવામાં આવ્યું છે માત્ર એક સરકારી તકતી કોઇ રડ્યાખડ્યા આગંતુકને યાદ આપે છે કે આ ખંડિયેરોએ હિન્દુપતની તારક પુણ્યશિખા પ્રકટાવી હતી. ('મૉડર્ન રીવ્યૂ'માંના શ્રી અદ્રીશ બૅનરજી એમ. એ. ના લેખપરથી)

યૅપ ટાપુવાસીઓની વિચિત્ર રસમો



ખભે નાણું ભેરવીને જતો યૅપ ટાપુનો જુવાન તથા ત્યાંની કુમારિકા

દક્ષિણ પાસિફિક મહાસાગરમાં જાપાનના રક્ષિત દ્વીપસમૂહમાંના યૅપ (Yap) નામના ટાપુમાં માઇક્રોનીશિયન જાતિ વસે છે ત્યાં દરેક ગામમાં એક મોટું છાપરૂં નગરભુવન તરીકે ગણાય છે અને તેમાં માત્ર મરદો જ ભેગા થાય છે. સ્ત્રીઓ માટે પણ એવું એક સમગ્ર ભુવન હોય છે. છોકરીઓ પરણવા જેવડી થાય ત્યારે તેમાં જઈ વસે છે અને આઠ દસ માસ વિતાવે છે. કોઈ મરદ તેની નજીક પણ ન જાય. પુરુષોના ઠાઠમાં માથાના અગ્ર ભાગે ૯ ઇંચથી બે ફૂટ સુધીનો દાંતીઓ હોય છે અને તેની લંબાઇ કુલીનતા પ્રમાણે લાંબી ટૂંકી હોય છે. એમનું નાણું મોટા ગોળ ઘંટી જેવડા પત્થર હોય છે. બહુ ભારે રકમ ચુકવવાની હોય તો ઘર આગળ પડેલો મોટો પત્થર ઉપાડવાને સો માણસો જોઇએ. બધા ગળી તે લેણદારને ઘેર મૂકવા જાય. નાનો પથ્થર તો ખભે લાકડીમાં ભરાવીને લઈ જવાય. એ સિવાય છીપલાં કોડીઓ પણ નાણાં તરીકે ચાલુ છે. વસ્ત્રો તો ઘાસનાં જ; પણ તે ય બાજુના ટાપુમાં બનીને આવે છે. માણસ જેવડો પથ્થર હોય તો તેની કીમત તરીકે ઘર, વાડી ઘણું ગણાય. એ પથ્થરો દૂરના ટાપુમાંથી આવે છે એટલે જ તે કીમતી બન્યો હશે. આ ઉપરથી સમજાશે કે રોજ સવારથી રાતે સૂતાં સુધી દુનિયાની જોડે ટપાલ, તાર, રેડિયો પર ધંધા અને ધમાલ ચલાવનારી દુનિયા કેવળ શોધ અને સંસ્કારને આભારી છે.

પ્રાચીન કાળમાં કળશભેટ

'કુમાર'ના આસોના અંકમાં રમતગમતની હરીફાઇનાં ઈનામોમાં દારૂ પીવાના પ્યાલાના આકારનાં ચાંદીનાં પ્યાલાં ભેટ અપાય છે, તેને બદલે કળશની ભેટ આપવાની સૂચના થઇ છે, તે યોગ્ય છે. જાણીને આશ્ચર્ય થશે કે એવી પ્રથા પ્રાચીન કાળમાં ગુજરાતમાં હતી એ વિષે એક ઉલ્લેખ મારા વાંચવામાં આવ્યો છે. સુંધા પહાડીના શિલાલેખમાં લખ્યું છે કે નાડોલના ચૌહાણ રાજા આશરાજે સિદ્ધરાજને માલવા સાથેના વિગ્રહમાં સહાય કરી હતી અને પોતાની તલવારનું શૌર્ય બતાવ્યું હતું, તેથી ખુશ થઇને સિદ્ધરાજે તેને સુવર્ણનો કુમ્ભ ભેટ આપ્યો હતો. એ વિષેના બે શ્લોક નીચે મુજબ છે:

श्री आशराजनामा समजनि वसुधानायकस्तस्य बन्धुः
साहाय्यं मालवानां भुवि यदसि कृतं वीक्ष्य सिद्धाधिराजः ।
तुष्टो धत्तेस्म कुम्भं कनकमयमहो यस्य गुप्यद् गृहस्थं
तं हर्तुं नैव शक्तः कलुषित हृदयः शेषभूपाल वाग्भिः ॥२६॥

उदयगिरिशिरस्थं किं सहस्रांशु बिंबं
वितत विशद कीर्तेर् मूर्ध्नि किं नु प्रतापः ।

उपरि सुभगताया उद्गता मंजरी किं
कनककलश आभात्यस्य गुप्यद् गुरुस्थः ॥२७॥

બીજા શ્લોકમાં સુવર્ણકુમ્ભ ઉપર કરેલું કોતરકામ પણ જણાવેલું છે. ઉદયગિરિના શિખર ઉપર સૂર્યબિંબ ચીતરી તેના ઉપર મંજરીનું ચિત્ર દોરવામાં આવ્યું હશે એમ કાંઈક સમજાય છે. —રામલાલ ચુનીલાલ મોદી

તુર્કીની નવી કલાયોજના

આપણા ચિત્રકાર, રેખાકાર કે શિલ્પકાર મિત્રો અગર તો આપણી આસપાસના જગતને કલામાં પરિણત કરવાનો દાવો કરનારાએ હમેશાં આપણને કહેતા આવે છે કે બીજા કોઈનાં સૂચનો તેમને વહેવાર્યે નથી બનતાં, કારણ તેમનો અન્તરનો અવાજ જ તેમનો સાચો માર્ગસૂચક છે. એ સાચું છે કે મહાન કલાકાર વ્યક્તિવાદી અને ઘણી વખત તો દીવાનો યે હોય છે (Mad Dutchman of blinding genius, તરીકે ઓળખાએલા વાન ગફે કેટલોક કાળ કારાવાસના સળીઆ પાછળ વીતાવેલો), છતાં સરેરાશ કોઇ રીતે પણ કલાકાર પારકાં સૂચનો મુજબ ચીતરી યે શકે ને એથી લાભ પણ ઉઠાવી શકે. એ તથ્ય જોતાં તુર્કીએ અજમાવેલી નવી યોજના જરૂર અનુમોદન માગી લે છે. તુર્કીના ચિતારા મોટે ભાગે એકનાં એક ચિત્રો ફરી ને ફરી વાર ચીતર્યા કરતા આપણે તાજનાં એકનાં એક ફોટોગ્રાફોનું ફરી ને ફરી વાર મુદ્રણ જોઇ જેમ ધરાઇ ગયા છીએ તેમ તુર્કી પ્રજા યે એકનાં એક ચિત્રોથી કંટાળી ગએલી. આથી ત્યાંની સરકારે તુર્કીના જુદાજુદા પ્રાંતોમાં દર વરસે દસ ચિતારા મોકલવાનું નક્કી કર્યું છે. એ ચિતારાઓએ એક જ્યૂરી સમક્ષ ઓછામાં ઓછાં ત્રણ ચિત્રો રજૂ કરવાનું રહેશે. અને અહીં જ ચિતારાની ખરી કદરસનાશી છે, અને તે એ કે એ ચિત્રસંગ્રહમાં પસંદ કરાએલાં બધાં ચિત્રો સરકાર ખરીદી લેશે. આ યોજના સરસ છે. એ ભલે કોઇ શકવર્તી કલાકૃતિઓ ન આપી શકે, પણ અળખામણા રાજદ્વારીઓના જબરા ફોટોગ્રાફોને બદલે આપણાં જાહેર સ્થાનોમાં લટકાવવા માટેની સ્પૃહણીય વસ્તુ તો પૂરી પાડે જ.

ચશ્માંનો મૂળ શોધક કોણ?

ઘણાનું માનવું છે કે ચશ્માંનો મૂળ શોધક સાલ્વિનો હતો. આજે યે ફ્લોરેન્સમાં આવેલી એની કબર પર આ શબ્દો કોતરાએલા છે: 'ચશ્માંનો શોધક, ઇશ્વર એનાં પાપની માફી આપે.' વળી ઘણા એ મૂળ શોધકનું માન તેરમી સદીના ઇંગ્લંડના મહાન વિજ્ઞાની ને ફિલસૂફ રોજર બેકનને આપે છે. પણ ચશ્માંનો ખરો શોધક ફ્લોરેન્સનો એક સાધુ એલેઝાંડ્રો ડિ સ્પિના હતો એ હાલમાં જ બહાર આવ્યું છે.

'જરા મગજ કસો' હરીફાઈનું પરિણામ

'કુમાર'ના ૧૭૪મા અંકમાં જાહેર કરેલી આ હરીફાઇનાં જવાબો ઠીક પ્રમાણમાં આવ્યા છે, પણ તેમાંના ઘણા અક્ષરસંખ્યાની મર્યાદા ઓળંગી જાય છે. સૌથી સંપૂર્ણ વાકય તો શ્રી હરિકૃષ્ણ વ્યાસનું આવેલું, પણ હરીફાઇમાં ભાગ લેવાની એમની ઇચ્છા ન હોવાથી એ પછીના અનુક્રમે ભાઇ શ્રીનિવાસ સત્યેન્દ્ર દીવેટિયાનું વાકય ઇનામપાત્ર ઠર્યું છે. આવેલાં વાકયો નીચે આપ્યાં છે.

ઘણી ગૂઢ, છતાં વિશ્વબંધુત્વ માટે અંતઃકરણથી ઝંખનારા વૈજ્ઞાનિકોએ સફળ ઠરાવેલી સંજયદૃષ્ટિની શોધ ભૌગોલિક એકતાને ઊંચી કક્ષાએ પહોંચાડશે. (હરિકૃષ્ણ વ્યાસ—લાઠી). સંજયદૃષ્ટિ=ટેલીવીઝન.

જેણે ભાષા, અહંકજ્ઞાન, ગઢમાં ચાલતા છળ, ફંદ ને ઠગાઇ ઝડપથી સુધાર્યાં તેને, હે વીર ક્ષત્રિય, ખરી શાબાશી ઘટે. (શ્રીનિવાસ દીવેટિયા—ખેડા.)

થોડી ચા પીને ઝટ જ્ઞાની હઠીસિંહ સખત ટાઢમાં ઘેરથી છ વાગે શામળદાસ કૉલેજમાં બધા સમક્ષ ફરી ભાષણ દેવા પધાર્યા. (કાન્તિલાલ ગ. ઉપાધ્યાય).

માતાની કૂખ ઉજાળવા ક્ષીણ, ઠંડા, બાલિશ કે અથાગ ધૈર્યજ્ઞાન ઘોળી પી જતા પુરુષો આઝાદ ભાવના સહ ટેકને નજે ચેહમાં દેહ ઢાળી ફના થાય છે. (જમનાદાસ નેનુજી).

એક વખત અજ્ઞાની ભોટ ધનંજયે હર્ષઘેલા બની ક્રીડાંગણની સામેના ઝાડ પર ચઢી, ફળ ભક્ષી, ઠળીઆ ખુશાલદાસ સુથારના છાપરા પર નાખ્યા. (અમરચંદ આર. મોતીશા—મુંબાઇ).

તે ઋષિના છોકરાએ યજ્ઞ પાસેના ખાબોચિયાના કાંઠે ઊગેલી બોરડીનું જંગી મૂળિયું કાઢી, ઈંટ પર ઘસીને આ શાંત પણ ઝેરી સર્પની ફેણ પરના ચક્ષુમાં ભય વિના હળવેથી આંજી દીધું (જગદીશ ભી. અમીન—વસો).

એ સિવાય નીચેના ભાઇઓએ પણ વાકયો બનાવી મોકલેલાં; કાશીભાઇ નરસિંહભાઇ પટેલ (રણોલી), ધાબળીઆ મંગલજી દેવચંદ (મુંબાઇ), ઠાકોરભાઇ હરગોવનદાસ (વ્યારા), દિનકરરાય કે. ભટ્ટ (ભાવનગર), રમેશચન્દ્ર કાન્તિલાલ શાહ (ઠાસરા), લક્ષ્મીપ્રસાદ દીનાનાથ ભટ્ટ (ભાવનગર), કરુણાશંકર ભવાન (ઉના), કાન્તિલાલ કુરજી વિછી (દારેસલામ), પ્રભાશંકર બ. વ્યાસ (અમદાવાદ), માધવજી મો. પટેલ (બાલંભા), શાહ કાન્તિલાલ મોતીલાલ (મોગરી), પરમાનંદ ગોરધનદાસ (મુંબાઇ), રમણલાલ ભાવસાર (સુરત), હરભગવાન એસ. જોશી (સિનોર), રામભાઇ મરઘાભાઈ પટેલ (અમદાવાદ), જીવનલાલ અંબાશંકર ભટ્ટ (ભાવનગર), ઘનશ્યામ મહેતા (લીંબડી) અને પુરુષોતમ લાલભાઇ ભટ્ટ (ડાલોલ).

'હવે તને કોણ બચાવનાર છે?' વનમાં એકલા સૂતેલા હઝરત મહમ્મદ પર ઓચિંતો છાપો મારી તેમનો દુશ્મન દાસૂર બોલ્યો. 'મારો ખુદા,' કહેતા પેગંબર સાહેબ ઉછળ્યા ને ઝટકો મારી તેની તલવાર ખૂંચવી લઇ બોલ્યા, 'હવે તારો કોણ બચાવનાર છે?'

'અફસોસ, કોઇ નહિ,' કહેતો દાસૂર થથર્યો. ત્યાં તો તલવાર ફેંકી દઇ હઝરત બોલ્યા, 'ભાઇ દયા કરતાં શીખ; એ મોટામાં મોટો ઉગારનાર છે.'

અનેકાર્થી શબ્દ: **આંટ** = આંટી કે ગૂંચ; વેર; શાખ, આબરૂ; હથોટી, હોશિયારી; ઝડપ, તાકોડિયાપણું, ચોટ.

ગણિત ગમ્મત

૧×૮–૧=૭

૨૧×૮–૧=૧૬૭

૩૨૧×૮–૧=૨૫૬૭

૪૩૨૧×૮–૧=૩૪૫૬૭

૫૪૩૨૧×૮–૧=૪૩૪૫૬૭

૬૫૪૩૨૧×૮–૧=૫૨૩૪૫૬૭

૭૬૫૪૩૨૧×૮–૧=૬૧૨૩૪૫૬૭

૮૭૬૫૪૩૨૧×૮–૧=૭૦૧૨૩૪૫૬૭

—મૂળજી જેઠુ જોશી

કહેવતો કેમ પડી: 'રાઇના પાડ રાતે ગયા'—ઘરમાં ચોર પેસતાં વાણિયાએ અજાણ્યા થઇ પત્નીને કહ્યું, 'કોઠીમાં જેટલી રાઈ ભરી છે તે કાઢી રાખ, કાલે ભાવ ખૂબ ચડી જશે. વાણિયણે તેનો ઢગલો કર્યો ને બંને બીજા ખંડમાં ચાલ્યાં ગયાં. ચોર તો તત્ત રાઇનો ગાંસડો બાંધી ચાલતો થયો ને બીજે દિવસે હોંશમાં એ જ વાણિયાની દુકાને ભાવ પૂછવા ગયો, ત્યાં જવાબ મળ્યો, 'રાઇના પાડ(ભાવ) તો રાતે ગયા'. એવી રીતે અવસર વીત્યાનું બહાનું બતાવીને સિફતથી પોતાને થતી હાનિ બચાવી લેવા માટે વપરાતી બીજી કહેવતો: 'દાઢીના દોઢસો ને ચોટલીના ચારસો!;' 'વર રહ્યો વાસી ને પહેરામણી ગઇ નાસી;' 'પાણીએ દીવો બળી ગયો' વગેરે.



આસીરિયન સામ્રાજ્યનો સ્થાપક ને મિસરનો વિજેતા આ અસુર વેણીપાલ આજના હેન્રી ફૉર્ડ કરતાં ૭૫ ગણો શ્રીમંત હતો!

કાસ્પિયન સમુદ્રના એક ટન પાણીમાં ૧૧ પૌંડ મીઠું, બાલ્ટીક સમુદ્રનામાં ૧૮ પૌંડ, કાળા સમુદ્રનામાં ૨૩ પૌંડ, આટલાંટિક મહાસાગરનામાં ૩૧ પૌંડ, ઇંગ્લિશ ચૅનલમાં ૭૨ પૌંડ, ભૂમધ્ય સમુદ્રનામાં ૮૫ પૌંડ અને લાલ સમુદ્રનામાં ૯૮ પૌંડ છે, જ્યારે મૃત સમુદ્રના પાણીમા ૧ ટને ૧૮૭ પૌંડ છે.

દુનિયાના સઘળા પ્રદેશોમાં વધુમાં વધુ ઉષ્ણતામાન ટ્રિપોલીના અઝીઝિયા શહેરનું ૧૩૬ અંશ નોંધાયું છે.

દુનિયામાં વધુમાં વધુ ઘઉં ખાનારો દેશ ફ્રાન્સ છે: માથા દીઠ ૪૩૨ પૌંડ.

ઍમ્બ્યુલન્સ કૉર્પ્સનો પહેલો ઉપયોગ ક્રીમિયન યુદ્ધમાં થયો.

માણસની આંખનો સંપૂર્ણ વિકાસ પચીસમે વરસે થાય છે.

દમાસ્કસ દુનિયાનું જૂનામાં જૂનું શહેર ગણાય છે.

બટાટા બાફેલા પાણીથી રૂપાની ચીજો સરસ સાફ થશે.

ફ્રેંચ ઍકેડેમીની છેલ્લી જાહેરાત મુજબ દુનિયામાં બધી મળીને ૨,૭૯૦ ભાષાઓ બોલાય છે, જેમાં અંગ્રેજીનું મહત્ત્વ સૌથી વધી જાય છે. ચોવીસ કરોડની તો તે માતૃભાષા જ છે, જ્યારે ઔપચારિક વપરાશ તો જુદો. તેનો શબ્દભંડોળ પણ જબરામાં જબરો—સાત લાખ શબ્દોનો છે. એના પછી બીજું સ્થાન જર્મન ભાષાનું છે, જે ૧૧ કરોડ ને ૩૦ લાખની માતૃભાષા છે.

બા: કનુએ તને પથરો માર્યો તો મને કેમ ના કીધું ને તેં સામો માર્યો ?

મનુ: પણ બા, તને કહેવું શા કામનું? તારો ઘા તો સામી ભીંતે ય ના પહોંચે.

ઠંડા પાણીમાં મીઠું નાખતાં તેનું ઉષ્ણામાન ઘટી જાય છે, જ્યારે ગરમ પાણીમાં નાખતાં તે જલદી ગરમ થશે.

નવું બ્રશ વાપરતા પહેલાં તેને ૨૪ કલાક ઠંડા પાણીમાં મૂકી રાખતાં તેનાં ઝુંછાં અક્કડ થશે.

સોડિયમ ધાતુને કેરોસીનમાં જ સંઘરવામાં આવે છે, જ્યારે પાણીમાં એ બળી જાય છે!



કોઈ પરીના ઉપવન જેવા લાગતા આ ચિત્રમાં જે દેખાય છે એ રખે ફૂલના છોડ માની બેસતા. એ તો દરિયાને તળિયે નીપજતાં વિચિત્ર જીવડાં જ છે.